Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# એક રાતની ચોકી




www.jaintatvagyanshala.org

લેખક :
મુનિ શ્રી અભયચંદ્ર વિજયજી મ.

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# આશિર્વાદ સ્વરૂપ દાનધર્મ......

દાન ધર્મની મહત્તા શાસ્ત્રોએ ખૂબ જ બતાવી છે. ચઢતી ભાવનાએ કરાયેલુ દાન આત્માને મોક્ષ સુધી લઈ જાય છે. અને એના ઉદાહરણો શાસ્ત્રોમાં બતાવ્યા છે.

દાન એ આશિર્વાદ સ્વરૂપ છે.

દિલના ઉમંગ દ્વારા જ્યારે દાન અપાય છે ત્યારે દાન દેનાર આત્માના શુભ પરિણામ, દાનધર્મ કર્યાનો અનહદ આનંદ એના આત્માને આશિર્વાદ સમાન બને છે કારણ કે ત્યારે તે અનેકધણું પુણ્ય ઉપાર્જન કરી પાપકર્મથી હળવો બને છે. અને એજ શુભ પરિણામ વૃદ્ધિ પામતો જાય તો સંસારથી મુક્ત બનવા સુધીનો લાભ મેળવી લે છે.

બીજી તરફ દાન દ્વારા સંત, મહંત, ત્યાગી, મહાત્માઓ શરીર ટકાવવાનું કાર્ય પતાવી જ્ઞાન–ધ્યાન, તપ–ત્યાગમાં લીન બની જે કલ્યાણ સાધના કરે તેનું આંશિક ફળ દાતાના ફાળે જાય છે એ રીતે ત્યાગીઓના ત્યાગમાં સહાયક બની લાભ મેળવે છે. ( અનુસંધાન ટાઈટલ પાન ૩ પર ચાલુ )

www.jaintatvagyanshala.org

Acharya Vijay Shri Surendrasurishwarji Jain Tatvagyanshala

ૐ હ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

卐

# એક રાતની ચોકી

[ રસભરપૂર બોધદાયક કથાઓનો સંગ્રહ ]

卐

: લેખક – સંપાદક :

પરમ પૂજ્ય શાસનપ્રભાવક આચાર્ય ભગવંત શ્રીમદ્

વિજયરામસૂરીશ્વરજી મહારાજ સાહેબ

( ડહેલાવાલા ) ના શિષ્યરત્ન

મુનિરાજશ્રી અભયચન્દ્ર વિજયજી

ગણિવર્ય

卐

: પ્રકાશક – પ્રાપ્તિસ્થાન :

આચાર્યશ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન

તત્ત્વજ્ઞાનશાળા

ઝવેરીવાડ, પટણીની ખડકી.

અમદાવાદ-૩૮૦૦૦૧

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# પ્રકાશન વિષે કાંઈક......

અચિન્ત્ય શક્તિનો સ્વામી—અનંત ગુણોનો ભંડાર છતાં સ્વ (પોતાની) શક્તિને ન ઓળખતો આ આત્મા અનાદિકાળથી પર (પુદ્ગલ) દ્રવ્યને આધીન બની કાયરપણે ચાર ગતિરૂપ સંસારમાં ભટકી રહ્યો છે.

રે ગુલામી !

એકેક ઈન્દ્રયને પરવશ જીવો (હાથી—સ્પર્શનેન્દ્રિય, માછલું—રસનેન્દ્રિય, ભમરો—ઘ્રાણેન્દ્રિય, પતંગીયું—ચક્ષુરિન્દ્રિય, મૃગ—શ્રોત્રેન્દ્રિય) પ્રાણ ગુમાવે છે તો પાંચે ઇન્દ્રિયોને વશ જીવની શી દશા ? ક્રોધાદિ કષાયોથી આલોક—પરલોકમાં પારાવાર નુકશાની છતાં તે તે કષાયોના પ્રસંગે પોતાનો જ જાણે સ્વભાવ ન હોય એ કેવું બેહુદું વર્તન ? અનેક ભયાનક રોગોનું સ્થાન, નાશ પામવાના સ્વભાવવાળું છતાં શરીર પ્રત્યેનો અતિશય રાગ-શરીર એ જ જાણે હું, આ કેવી વિચિત્રતા ? ધન—વૈભવ આદિની ક્ષણિકતા—ચંચલતા છતાં ધન ખાતર ધર્મનો ત્યાગ એ કેવી વિષમતા ?

## સ્વરૂપની અજ્ઞાનતા અને સંસાર પરિભ્રમણ

જે સ્વભાવ પોતાનો છે તેને ઓળખવાનો તેમજ ઓળખાવનાર ગુરુભગવંતોના સમાગમનો જરાપણ પ્રયાસ કર્યા વિના જે સ્વ (આત્મા) થી પર (જડ) છે તેનું સ્વરૂપ એ જ પોતાનું સ્વરૂપ મા[illegible] આ જીવ આજ સુધી સંસારમાં રખડતો રહ્યો એટલું જ ન[illegible] ક્યારેક તો નરક—નિગોદના અસંખ્ય—અનંતકાળ સુધી કારમા દુઃ[illegible] સહન કર્યાં, વચ્ચે વચ્ચે પુણ્યયોગે દેવ—માનવભવ મળવા છ[illegible] ક્ષણિક સુખ ખાતર પરમસુખના માર્ગથી વિમુખ રહ્યો.

## ચાર અનુયોગમાં ધર્મકથાનુયોગનું સ્થાન

જૈનદર્શન દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણ—કરણાનુયોગ અને ધર્મકથાનુયોગ આ ચાર વિભાગમાં વહેંચાયેલ છે.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

આત્માનું સ્વરૂપ જાણવું ઘણું જરૂરી છે અને તે માટેના દ્રવ્યાનુયોગ આદિના અનેક ગ્રન્થોનું મહાપુરુષોએ સર્જન પણ કર્યું છે. આ દ્રવ્યાનુયોગના ગ્રન્થોથી આત્મસ્વરૂપ સુક્ષ્માતિસૂક્ષ્મ જાણી શકાય પરંતુ આવા તાત્ત્વિક ગ્રન્થોને સમજવા માટે બુદ્ધિ તીક્ષ્ણ જોઇયે જ્યારે એ જ વાતને ધર્મકથાનુયોગ દ્વારા સરળતાથી બાલ-વૃદ્ધ-મંદ બુદ્ધિ સહુ કોઇ સમજી શકે છે.

## ધર્મકથામય સાહિત્યની અગત્યતા

આજના ભૌતિકયુગમાં વિષયવાસના, કષાયો, હિંસા, ચોરી અસત્ય, અબ્રહ્મ, પરિગ્રહ આદિને વધુ પોષણ મળે તેવા પ્રકારના સાહિત્યો દિન-પ્રતિદિન વધી રહ્યા છે તેવા સમયે ધર્મની સાચી દિશા બતાવનાર વિષયોથી વિરાગ જગાડનાર, કષાયોને ભગાડનાર, હિંસા આદિથી બચાવનાર સાહિત્ય પ્રકાશનોની ઘણી જરૂરિયાત છે.

"એક રાતની ચોકી, દેખાદેખીનું ફળ, આજનું શિક્ષણ, પશ્ચાતાપના આંસુ, માતાનું વાત્સલ્ય" આવી નાની-મોટી કથાઓ તેમજ કેટલીક સુંદર વિચારણાઓ મૂકી પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા) ના શિષ્ય પૂ. ગણિવર શ્રી અભયચન્દ્ર વિજયજી મ. સાહેબે આ પુસ્તકનું પ્રકાશન કરી એક સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

આ પુસ્તકમાંની ધર્મપોષક કથાઓ ધ્યાનપૂર્વક વાંચી ક્ષયોપશમ પ્રમાણે વિચારી આત્મકલ્યાણના ઇચ્છુક સહુ જીવો પરમ શાન્તિને પામો એ જ શુભ ભાવના.

ચૈત્ર સુદિ ૧૩
મહાવીર
જન્મકલ્યાણક
સંવત ૨૦૩૬

વસંતલાલ મફતલાલ દોશી
જગદ્ગુરુ શ્રીમદ્વિજય હીરસૂરીશ્વરજી
સં. પ્રા. ધાર્મિક ગોડીજી જૈન પાઠશાળા,
પાયધુની-મુંબઇ-૪૦૦ ૦૦૩.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

વીર સં. :- ૨૫૦૫ પ્રતિ = ૧૮૦૦

વીક્રમ સં. :- ૨૦૩૫ મૂલ્ય = રૂા-૫,

ભાદરવા સુદ ૪ સર્વહક્ક સ્વાધીન



મુદ્રણ :- પરિમલ પ્રિન્ટર્સ મલાડ (પૂર્વ), મુંબઈ-૬૪.

# આ પુસ્તિકા પ્રકાશનમાં સહયોગ આપનાર સહયોગી

—*—

શ્રી ગોડીજી મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ પાયધૂનિ મુંબઇ

શ્રી વસઈ રોડ, જૈન સંઘ વસઈ સ્ટેસન

શ્રી નેમચંદ ભીખાચંદ હ. ચીનુભાઈ નેમચંદ પાટણવાલા હાલ મુંબઈ

શ્રી રતીલાલ છગનલાલ ગાંધી મહુવાવાલા હાલ માટુંગા

શ્રી ભીખાલાલ પુનમચંદ માલવાડાવાલા હાલ મુંબઇ

શ્રી નગીનદાસ કકલદાસ શાહ ધાનોરાવાલ હાલ મુંબઈ બોરીવલી

સહયોગ આપનાર દાતાઓને અમો આભાર માનીએ છીયે.

—પ્રકાશક.

www.jaintatvagyanshala.org

પ. પૂ. ગુરુદેવઆચાર્ય ભગવંત

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# શ્રી વિજય રામસૂરિશ્વરજી મ. સા.

( ડહેલાવાળા )



સાધ્વીજી શ્રી ચંદ્રોદયા શ્રીજી મ. ના ૫૦૦ આયંબીલની તપશ્ચર્યા નિમિત્તે. સાધ્વીજી શ્રી સદ્ગુણા શ્રીજી મ. ની પ્રેરણાથી. ગુરૂભકિત નિમિત્તે દર્શનાર્થ.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# એક રાતની ચોકી

ઇન્દ્રિયો ઉપર અનુશાસન કરવાની શક્તિ ધરાવી શકનાર માનવી જ્યારે ઇન્દ્રિયોના અનુશાસન હેઠળ પોતે આવી જાય છે, ત્યારે તે બેહાલ અને બદતર જીવન જીવનારો બની જાય છે. પશુ કક્ષાનું જીવન જીવનારા એ માનવીના માનવ જન્મનું કોઇ મૂલ્ય રહેતું નથી.

પરંતુ જો સાચી જ્ઞાનદ્રષ્ટિ પ્રાપ્ત થાય અને વિચારે કે અરે... પ્રચંડ શક્તિને ધારણ કરવાવાળો હું શું વાસનાનો ગુલામ બન્યો છું ? નહિ...નહિ...હું વાસનાનો ગુલામ નહિ...વાસના મારી ગુલામ છે. અને પોતાની શક્તિનો પરિચય થતાં ઇન્દ્રિયોના અનુશાસન નીચે પસાર થતો માનવ પતનના માર્ગેથી મોડ લઈ પ્રગતિના પંથે કદમ ઉઠાવનારો બને છે.

મહારાજા આજે રોજ કરતાં વહેલા ઊઠી ગયા હતા. શયનખંડમાંથી નીકળીને શયનખંડને લાગીને જ રહેલી ખુલ્લી અગાશીમાં આવ્યા. રાત્રિની પૂર્ણતા અને દિવસના પ્રારંભ વચ્ચેનો સમય હતો એટલે વાતાવરણ ખૂબ જ મોહક હતું. રાણીવાસમાં રાણીઓ અને ચાકર વર્ગ હજુ મીઠી નીંદમાં પોઢી રહ્યો હતો. અગાશીમાં ટહેલી રહેલા મહારાજા મહેલના ચોક તરફ નજર કરી અટકી ગયા, એકીટસે ચોક તરફ જોવામાં મશગુલ બની ગયા. મગજમાં વિચારોનો રોલ ગતિમાન થયો.


www.jaintatvagyanshala.org

Aacharya Vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

કુદરતની લીલાને કોઇ કળી શકતું નથી. કોઇને સંતાનોનો ઢગ ખડકી દે છે પણ ધનના ફાંફા, કોઇને ધનનો વરસાદ વરસાવી દે છે પણ વારસદારની ખોટ.

મહેલનો ચોક સાફ કરી રહેલી ભંગીયણ ઉપર મહારાજાની નજર સ્થિર બની. શું ! આવી હીન જાતીમાં પણ આવું રૂપ હોય છે ? ફાટફાટ યુવાની અને સ્વરૂપવાન ભંગીયણ ઉપર મહારાજા મોહિત થયો. મન વાસનાના વિકારોથી ઘેરાઈ ગયું. નાત–જાતની દિવાલ ઓળંગી ભંગીયણમાં ભોગસુખનો આનંદ માણવા તૈયાર થયા. પ્રભાતના ગુલાબી વાતાવરણથી હલકુ ફુલ બનેલ મન વાસનાની ઝંખનાના વિચારોએ તંગ બન્યું.

મહારાજા અગાશીમાંથી શયનખંડમાં આવ્યા અને ફુલની શૈય્યામાં લંબાવ્યું પણ કોમળપુષ્પો કાંટાની જેમ ખુંચવા લાગ્યા.

હાય...ચૈતનના પિતાની આવી અવદશા !

સ્વાદિષ્ટ ભોજન નીરસ બન્યા. દિવસ આખો પસાર કર્યા બાદ કશું કામ નહિ કરવા છતાં થાકીને લોથપોથ બનેલા મહારાજા શયનખંડમાં આવ્યા.

વાસનાના વિચારો જો માણસને શકિતહીન બનાવે છે તો વાસનાનો ગુલામ કેવો પામર બનતો હશે ?

શયનખંડમાં આંટા મારતા મહારાજાએ મનોમન નક્કી કરી લીધું આજે મધ્યરાત્રિએ પેલી ભંગીયણનું ઘર પુછતાં પુછતાં ત્યાં પહોંચી જવું.

અને...પોતાનું સ્થાન : માન અને મર્યાદાનું ભાન ભૂલેલો મહારાજા મધ્યરાત્રિ થતાં જ ઉપડયો હરિજનવાસમાં, નગરના છેવાડે


www.jaintatvagyanshala.org

આવેલા હરિજનવાસમાં [illegible] કરતી Aacharya Vijay Shri Surendrasuriswarji Jain Tatvagyanshala
ભંગીયણનું ઘર પુછતાં પુછતાં તેના ઘરના દ્વારે આવીને ઉભો રહ્યો. અને દ્વાર ખખડાવ્યું.

મધ્યરાત્રિએ દરવાજો ઠોકવાનો અવાજ સાંભળીને ઉંઘમાં પડેલી ભંગીયણ સફાળી બેઠી થઇ ગઈ. દ્વાર ખોલતાં પહેલા વિચારવા લાગી, કોણ આવ્યું હશે આવી કાળીરાત્રિમાં ! એને બિચારીને કયાંથી ખ્યાલ હોય કે મારા રૂપનું પતંગીયુ બની યૌવનરસ પીવા ખૂદ મહારાજા આવ્યા છે.

ભંગીયણે દ્વાર ઉઘાડયું અને મહારાજા અંદર દાખલ થયો.

મઘમઘતી શૈય્યાને ઝગમગાટ શયનખંડને છોડીને મહારાજા ક્યાં દાખલ થયો ! જર્જરીત બનીને પડુ પડુ કરતી ચાર દિવાલોના ખંડીયરમાં દુર્ગંદ્ધ મારતી અને લોક દ્વારા ત્યજી દેવાયેલા, મૃતક ઉપરથી ઉતારેલા કપડાની બનાવાયેલી ગોદડીમાં આળોટવાનું શું સુજયુ ? .

રાત્રિ ત્યાં પસાર કરી સવારના પ્રભાત પહેલા મહારાજા મહેલમાં આવી ગયા. આ રીતે કેટલાક દિવસો પસાર થયા બાદ એક દિવસની શુભ ઘડીયે મહારાજાના મને બળવો પોકાર્યો.

રે...જીવ ! તું કયાં જઈને ભટકાણો ! સુખ સાહ્યબીમાં શું ઓછાશ હતી તે પુરતી કરવા હરીજનવાસ શોધવો પડયો ! કીચડમાં કુદીને ધોળા દુધ જેવા જીવનપટ ઉપર શા માટે કાદવના કાળા ડાઘ પાડે છે ? હજુ કાંઇ બગડી ગયુ નથી જાગ્યા ત્યારથી સવાર માની પાછો વળ.

માનસિક સ્થિતિથી હણાયેલો રાજા ઇચ્છવા છતાં પાછો વળી


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

શકતા નથી. આથી આત્માની મદદ દ્વારા અધમનીતિવાળા અધમ માર્ગથી છુટી જવા નિર્ણય કર્યો.

બીજે દિવસે સવારે રાજ્યસભામાં મહારાજાએ જાહેરાત કરવી :– જે કોઈ માણસ એક રાત મહારાજાની ચોકી કરશે તેને મોટું ઈનામ આપવામાં આવશે.

એક રાતની ચોકી બદલ મોટું ઇનામ મેળવવાની ઇચ્છાએ ચોકી માટે ઘણા માણસો તૈયાર થઇ ગયા.

પહેલા જ દિવસે ચોકી માટે નક્કી કરાયેલો માણસ પોલીશનો વેશ પહેરી મહેલના દવાજે ઊભો રહ્યો. મધ્યરાત્રિ થતાં જ મહારાજા મહેલમાંથી બહાર નીકળ્યા. દરવાજા પાસે આવતાં ચોકીદારે પુછ્યું ક્યાં જાવ છો ? નગરમાં રોન મારવા, ટુંકો ઉત્તર આપી મહારાજા રવાના થઈ ગયા.

સવાર થતાં પહેલા મહારાજા મહેલમાં આવી ગયા. સભા ભરાઈ ત્યારે રાત્રિમાં ચોકી કરનાર ઇનામ લેવા આવ્યો પણ...આ...શું...? ઈનામ આપવાને બદલે તેને હડધૂત કરી બહાર કઢાવી મૂક્યો. ત્રણ ચાર દિવસ આજ રીતે ચાલવાથી મહારાજાના ઉલ્ટી પ્રવૃત્તિના કારણે લોકો અંદરો અંદર ગણગણવા લાગ્યા. ઈનામની જાહેરાત કરીને મહારાજા ચોકી કરનારને હડધૂત કેમ કરે છે.

ચોકી કરવીને હડધૂત થવું એ કારણે હવે ચોકી માટે કોઈ તૈયાર થતું નથી. અને દિવસો પસાર થયે જાય

આ અરસામાં એક ચતુર સ્ત્રીએ મહારાજાએ શું જાહેરાત કરી છે તેના ઉપર વિચાર કર્યો ત્યારે ચોકી કરી ગયેલા માણસોની બુદ્ધિ ઉપર હસવા લાગી. મહારાજાએ પોતાની ચોકી કરવાની જાહેરાત

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

કરી છે રાજમહેલની માંહિ, પરંતુ અત્યાર સુધી બધા રાજમહેલની ચોકી કરવા ઉભા રહ્યા આથી મહારાજા તેઓને કઇ રીતે ઇનામ આપે.

ત્યારબાદ તે સ્ત્રીએ પોતાના પતિને કહ્યું : "આવતી કાલે સભામાં જઇ મહારાજા સમક્ષ એક રાત ચોકી કરવાનું સ્વીકારી લેજો.

માર ખાવા...હડધૂત થવા... પતિએ ઉત્તર આપ્યો. હડધૂત થવા નહિ ! ઈનામ મેળવવા ! તેની પત્નિએ વિશ્વાસ સાથે કહ્યું."

પણ...તેં આજ સુધી ચોકી કરવાવાળાની સ્થિતિ નથી જોઇ ? જોઈ છે, એટલે જ કહું છું. અને...તેણે પોતાના પતિને બધી વાત સમજાવી. ચોકીની ફરજ ઉપર ઉભા રહ્યા પછી તમારે મહારાજાની ચોકી કરવાની છે.

પરંતુ તેનો પતિ કોઇપણ હિસાબે તૈયાર થયો નહિ ત્યારે તેની પત્નિએ ફેરવીને કહ્યું : "તો એમ કરો...સભામાં ચોકી કરવાની વાત તમે સ્વીકારી લેજો. ચોકીની ફરજ ઉપર હું જઇશ."

બીજે દિવસે સવારે ચતુર સ્ત્રીની પ્રેરણાથી ભાઈ સભામાં ગયા. અને પોતે ચોકી કરવા ઈચ્છે છે તેમ મહારાજાને કહેવડાવ્યું. મહારાજાએ પણ સંમતી આપી.

સાંજ પડતાં તે સ્ત્રી રાજમહેલના દરવાજા પાસે હાજર થઈ ગઇ. પોલીશનો વેશ પહેરી ફરજ ઉપર ઉભી રહી.

મધ્યરાત્રિ થતાં રોજની જેમ મહારાજા મહેલમાંથી બહાર આવ્યા. દરવાજામાંથી નીકળતાં જ સ્ત્રીચોકીદારે હાક મારી અત્યારે ક્યાં જાવ છો ?

"નગરમાં રોન મારવા." એક જ ઉત્તર આપી મહારાજા ચાલતા


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
થયા. ચોકીદાર સ્ત્રી પણ લપાતી-છુપાતી મહારાજા પાછળ ચાલવા લાગી. મહારાજા હરિજનવાસમાં દાખલ થતાં તે સ્ત્રીના આશ્ચર્યનો પાર ન રહ્યો.

મહારાજા ભંગીયણના ઘરમાં દાખલ થયા ત્યારે માંડ નીંદ્રામાં સૂતેલી ભંગીયણ ખીજાઈને મહારાજાને જેમ તેમ બોલવા લાગી. અને...મહારાજાએ બધું હસતે મુખે સાંભળી લીધું.

ચોકીદાર સ્ત્રી એક છીદ્રમાંથી મહારાજાની બધી પ્રવૃત્તિ જોવા લાગી.

વિષયાસક્ત મહારાજા ભંગીયણને કહેવા લાગ્યા- "પ્રિયે! આજે તો મારે તારા હાથનું ભોજન ખાવું છે.

ત્યારે ભંગીયણે કહ્યું, "મારા ઘરમાં કશું ખાવાનું નથી, ફક્ત આંજે એક વાણીયાને ત્યાંથી એંઠવાડના ભાત લાવી હતી તે મારા છોકરાએ ખાતાંખાતાં એંઠા મૂકેલા થોડા ભાત પડયા છે.".

ભલે...ચાલશે. મહારાજાએ એંઠા ભાત ખાવાની તૈયારી બતાવી.

છિદ્રમાંથી મહારાજાની પ્રવૃત્તિ જોઇ રહેલી સ્ત્રીએ વિચાર કર્યો. મહારાજા હમણાં ભાત ખાવા માંડશે. ઠીક છે. ભાત વાણીયાના છે એટલે હજુ વાંધો નહિ પણ ભાત ખાધા પછી પાણી માંગશે. એ પાણી ભંગીયણના ઘરનું પીશે, માટે એટલી હદ સુધી ન પહોંચે તેમ કરૂં!

અને...તેણે ભાલાની અણીથી ભંગીયણના ઘરના ખૂણામાં પડેલા માટલાને કાંણું કરી નાખ્યું. પાણી ધીરે ધીરે બધું ચાલ્યું ગયું.

ભાત ખાઈ લીધા પછી મહારાજાએ પાણી માગ્યું એટલે


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

ભંગીયણ પાણી લેવા માટલા પાસે ગઇ. માટલામાં હાથ નાખ્યો પણ માટલું ખાલી હોવાથી પાણી ન મળ્યું, ત્યારે તે મહારાજાને કહેવા લાગી, માટલામાં પાણી નથી માટે જુઓ પેલો સામે ધોબી-ઘાટ છે ત્યાં જઇને પી આવો. અને...મહારાજા ઉપડયા ધોબીઘાટ.

ચોકીદાર સ્ત્રી આ જોઈ અફસોસ કરવા લાગી. અરે...રે... પ્રજાના પિતા અને નગરના સ્વામી, ભંગીયણના ગુલામ બને! મહારાજાની આવી અવદશા! નહિ...નહિ...બને જ નહિ...મહારાજા મહાન છે. એમની માનસિક દુર્બલતા જ આવા અપકૃત્યમાં ખેંચી ગઈ છે. અને એથી જ તેઓ આ માર્ગથી પાછા હઠી શકતા નથી.

ધોબીઘાટથી પાણી પીને મહારાજા પાછા ભંગીયણના ઘરમાં આવ્યા અને આરામ કરવાની ઈચ્છા દર્શાવી. ત્યારે ભંગીયણે પોતાનો ત્રણ પાયાવાળો અને એક પાયાની જગ્યાએ પથ્થર ગોઠવેલા ખાટલામાં બદબો નીકળી રહેલી ગોદડીમાં લંબાવ્યું. પોતાને પાછા જવાનો સમય થતાં જ ઊભા થઈને રોજના ક્રમ મુજબ મહેલમાં જવા નીકળ્યા.

બીજી તરફ પેલી સ્ત્રી ચોકીદાર પણ મહારાજા મહેલે પહોંચે તે પહેલાં દરવાજે ગોઠવાઇ ગઈ.

મહારાજા મહેલમાં પહોંચી ગયા. થોડો સમય આરામ કરી સવારનો નિત્યક્રમ પતાવી સભામાં આવ્યા.

સ્ત્રી ચોકીદાર પણ પોતાનો સમય પૂરો થતાં ઘેર ચાલી ગઇ. પોતાના પતિને બધી વાત સમજાવી અને ઇનામ લેવા રાજસભામાં મોકલ્યા. રાજ્યસભામાં ઈનામ લેવા આવતાંની સાથે જ તેને હડધૂત કરવાની જ્યાં વાત ચાલે છે ત્યાં જ પેલો બોલી ઉઠયો.

મહારાજા......! મારે આપને જે કાંઈ કહેવાનું છે તે પહેલા આપ સાંભળી લ્યો. પછી આપને જે કરવુ હોય તે કરજો.

વિચિત્ર પ્રકારની આની વાત સાંભળી મહારાજા બોલ્યા બોલ શું કહેવુ છે?


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
તે મહારાજાની એકદમ પાસે જઈ બોલ્યો આપ કહો તો મારે આપના સંબંધી કહેવાની વાત ખાનગીમાં કહું આપ કહો તો જાહેરમાં કહું !

મહારાજાએ કહ્યું : પહેલા મને ખાનગીમાં કહી દે પછી મને યોગ્ય લાગશે તો જાહેરમાં કરવાની છુટ આપીશ.

અને...પેલો એક દુહો બોલીને ચુપ રહ્યો.

**કામી સમજે નહિ નાત જાત,**
**નીંદ જાણે નહિ તુટલો ખાટ,**
**તરસ જુવે નહિ ધોબીઘાટ.**
**ભૂખ જાણે નહિ એઠાંભાત,**

મહારાજા બધો જ વૃતાંત જાણી ગયા અને સમજ્યા આણે રાજમહેલની નહિ ખરેખર મારી ચોકી કરી છે જે હું ઇચ્છી રહ્યો હતો. મહારાજા શાંત બની ગયા હતા. થોડીવારના મૌન પછી પેલો ભાઈ બોલ્યો.

રાજન્ ! આટલી બધી સ્વરૂપવતી રાણીઓ હોવા છતાં તેમાં તૃપ્તિ થઈ નહિ તો શું એક અધમ સ્ત્રીના સહવાસથી મન તૃપ્ત બની શકશે ?

જે રાજભોજનમાં બત્રીશ પકવાનો તેત્રીશ વ્યંજનો પીરસાય છે. સુવા માટે ફુલબિછાવેલી મખમલની તળાઈઓ મનને તૃપ્ત કરી ન શકી તે દુર્ગંધી બીછાનું અને તુચ્છ ભોજન તૃપ્ત કરી શકશે ?

રાજન્ ! આપ મહાન છો. મનની પામરતા આપને ત્યાં ખેંચી ગઇ. પરંતુ આપ જરૂર માર્ગ બદલી શકશો. કે જે માર્ગ આપની શોભા બની રહેશે.

તે...દિવસથી મહારાજાની દિશા પ્રકાશમાન બની ગઇ. અધમ માર્ગે ગયાના પશ્ચાતાપ પૂર્વક...

ભોગ સામગ્રીના ભોગવવાદ્વારા મન કયારેય તૃપ્ત બનતુ નથી ઈચ્છાનો નિરોધ કરી આગળ વધનાર સંતોષ સુધી પહોંચી શકે છે.

卐


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# દેખાદેખીનું ફળ



શ્રીમંતો ધર્મનિષ્ઠ હોય છે કે ગરીબો તેની પરીક્ષા કરવા માટે એક દિવસ ભીખારીનું રૂપ લઇ નારદજી પૃથ્વી ઉપર ઉતર્યા. ફાટેલા વસ્ત્રો અને ફુટેલું પાત્ર હાથમાં લઈ શ્રીમંતોના બંગલે બંગલે ભિક્ષાર્થે ફરવા લાગ્યા. પણ કયાંયથી તેને સૂકા રોટલાનું બટકુ સરખુ ન મલ્યું. દિનભર ફરીફરીને થાકેલો ભીખારી નગરના છેડે રહેલા એક નાના ઝુંપડા પાસે આવીને ઉભો રહ્યો.

દરિદ્ર અવસ્થામાં જીવન ગુજારી રહેલી એક બાઇ ઝુંપડીમાંથી બહાર આવી. તેણે કંગાલ હાલતમાં ઉભેલા ભીખારીને જોઈ દયા આવી.

રાત્રી થઇ ગઇ હતી. વરસાદ વરસી રહ્યો હતો. ભીખારી ભીંજાઈ લોથપોથ થઇ ગયો હતો. એના બધા જ અંગો ધ્રુજી રહ્યા હતા એટલે બાઈએ કહ્યું, 'ભાઇ! તું પહેલા અંદર આવ.' અને ભીખારી ઝુંપડીમાં ગયો. એના મૃત પતિના જુના કપડા પડયા હતા તે ભીખારીને આપતાં કહ્યું, 'લ્યો! તમારા ભીના કપડા ઉતારીને આ પહેરી લો!'

ત્યારબાદ પોતાના ભોજન માટે રાખેલો રોટલો અને ગોળ તેને જમવા આપ્યો. ત્યારબાદ પોતાનો એકનો એક દીકરો જે કેટલાય દિવસથી તાવમાં પીડાતો હતો તેને ખાટલા ઉપરથી નીચે સુવાડી



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
ભીખારીને સુવા માટે ખાટલો ખાલી કરી આપ્યો. ખાટલા ઉપર બેસતાં ભીખારીએ બાઈને પૂછ્યું, 'બહેન ! શું તારો પુત્ર બીમાર છે ?.હા, ઘણી દવા કરાવી છતાં તાવ ઉતરતો નથી, બાઇએ કહ્યું. તો તું મારા જેવા અજાણ્યા અને ભીખારીની આટલી બધી સેવા શા માટે કરે છે ' .

ભાઇ ! માણુસ માણુસના દુ:ખમાં સહભાગી નહિ બને તો કોણુ બનશે. જો માનવીના હૃદયમાં થોડી પણુ દયા ન હોય તો તે સાચા અર્થમાં માનવી કહી શકાય ખરો ?

આ સ્થિતિમાં પણુ બાઈના હૃદયમાં દયાની સરવાણીઓ વહેતી જોઈ ભીખારી સ્વરૂપે રહેલા નારદજી ગદ્દગદીત થઇ ગયા.

ખાલી કરી આપેલા ખાટલામાં સૂઈ ગયા બાદ બિમાર પુત્ર પાસે બેઠેલી બાઇએ વિચાર કર્યો, આ દરિદ્ર પુરૂષને એકાદ પહેરણુ સીવી આપું, જેથી થોડો સમય તેને કોઈ વાંધો ન આવે અને એક ચિંતામાંથી મુક્ત થાય.

ઘરમાં પડેલા થોડા કાપડને લઈને બાઈ ભીખારી માટે પહેરણુ સીવવા બેઠી. પહેરણુ તૈયાર કરી મોડી રાત્રે સુઇ ગઇ.

સવારે ભીખારી જ્યારે જવાની તૈયારી કરે છે ત્યાં બાઈ કહે છે ભાઈ ! લે આ પહેરણુ, મેં રાત્રે સીવીને તૈયાર કરી રાખ્યું છે.

બાઈની આવી અનુકંપા જોઇ નારદજી ખુશ થઇ ગયા અને બોલ્યા : 'બહેન ! આજ સાંજ સુધીમાં તારા પુત્રને તાવ ઉતરી જશે, અને કાલ સવારે તું સર્વપ્રથમ જે કામ હાથમાં લઈશ તે સાંજ સુધી ચાલ્યા કરશે.' આશીર્વાદ આપી ભીખારી ચાલ્યો ગયો.

બીજે દિવસે સવારે જ્યારે તે બાઇ ભીખારીને પહેરણુ બનાવી


www.jaintatvagyanshala.org

આપ્યા બાદ કાપડ કેટલું વધ્યું છે તે જોવા કાપડ માપવા લાગી.
Aacharya Vijay Shri Surendrasuriswarji Jain Tatvagyanshala
નારદજીના કહેવા પ્રમાણે કપડું વધે જ જાય છે. જેમ જેમ કપડું માપે છે તેમ તેમ વધુને વધુ નીકળતું જાય છે. એવામાં દરજણનું કામ કરતી આ બાઈની ઝુંપડીએ નાના કપડાની સીલાઇ માટે એક શેઠાણી આવ્યા. બાઇ કપડું માપે જાય છે—નીકળે જાય છે. એ જોઈ ખૂબ આશ્ચર્ય પામી પૂછે છે કે અરે...આમ કેમ બને છે, આ કપડું નીકળે જ જાય છે—તો શું કોઈ ચમત્કાર થયો છે ?

શેઠાણીની વાત સાંભળીને બાઇએ ભીખારીની બધી વાત જણાવી અને કહ્યું, તેના કહેવા મુજબ મારો પુત્ર પણ એકદમ સાજો—સારો થઇ ગયો છે. દરજણ બાઇની વાત સાંભળી શેઠાણીના મનમાં ચમત્કારનું ઘેલું લાગ્યું, તેની લોભદશા પ્રગટ થઇ. કાંઈક મેળવવાની તાલાવેલી લાગી. અને ભીખારીને સામેથી બોલાવી સેવા કરવાના સંકલ્પ સાથે પોતાને ઘેર ચાલી ગઇ.

બીજે દિવસે પણ નારદજીએ ભીખારીનો વેશ પહેરી નગરમાં ફરવા માંડયું. શેઠાણી પણ વહેલા ઉઠી તૈયાર થઈને ઘરના દરવાજામાં ઉભી રહી હતી. ભીખારીને જોતાં જ તેને બોલાવ્યો અને ઘરમાંથી સુકો રોટલો લાવી તેને આપતાં કહ્યું, 'લે, ખાઇ લે !'

ભીખારીએ રોટલો લઈ ત્યાં જ ખાઇ લીધો. ત્યારબાદ દિનભર આરામ કરવા પોતાના નોકરની રૂમ ખાલી કરી આપી. ભીખારીના વેશમાં રહેલા નારદજી બધું પામી ગયા હતા કે ગઇ કાલે આજ શેઠાણી હતા જ્યારે હું રોટલાના ટુકડા માટે દીન બનવા છતાં મને તગેડી મુકયો હતો. અને આજે મને સામેથી બોલાવી સેવા કરવા તૈયાર થયા છે. પેલી ગરીબબાઇની વાત જાણી લાભનો લોભ જાગ્યો છે.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

ભીખારી કશું બોલ્યા વગર નોકરની રૂમમાં જઇ સુઇ ગયો સાંજે પણ શેઠાણીએ આપેલા ભોજનને જમી રાત ત્યાં જ કાઢી. સવારે વહેલા જતાં જતાં ભીખારીએ એજ પ્રમાણે આશિર્વાદ આપ્યો.

બહેન ! તમે મારી ખુબ સેવા કરી છે. તેથી હું પ્રસન્ન થયો છું માટે મને વળાવીને તમો ઘરે ગયા પછી જે કામ પહેલુ હાથમાં લેશો તે દિનભર ચાલશે. આશિર્વાદના વચનો કહી ભીખારી ચાલ્યો ગયો.

શેઠાણી ખુશ થતાં થતાં અંદર ગયા. પણ...નશીબ જ્યાં બે ડગલા આગળ હોય ત્યાં કોઇનું ચાલતું નથી.

શેઠાણી પોતાના બરછટ સ્વભાવ પ્રમાણે ચોકમાં ઝાડુ વાળતી નોકરાણીને ટોકતા બોલવા લાગ્યા. વર્ષોથી ઝાડુ કાઢે છે તોય હજુ વાળતાં નથી આવડતું લાવ ઝાડુ... અને શેઠાણીએ નોકરાણીના હાથમાંથી ઝાડુ લઈ લીધું. ઝાડુથી ચોક વાળતાં વાળતાં બોલવા લાગ્યા. જો ઝાડુ આમ કઢાય ? નોકરાણી શેઠાણીના આવા વર્તનથી મુંઝાઇ ગઈ અને કહેવા લાગી અરે...શેઠાણી આ શું કરો છો તમને આ ન શોભે લાવો ઝાડુ...ઝાડુ આપવાને બદલે શેઠાણી વારંવાર એક જ વાત બોલવા લાગ્યા. "જો...ઝાડુ આમ કઢાય ?" નોકરાણી ગભરાઈને શેઠને બોલાવવા ઘરમાં દોડી. નોકરાણીની વાત સાંભળી શેઠ દોડતા બહાર આવ્યા અને શેઠાણીને કહેવા લાગ્યા આ સવારમાં શું ધંધો માંડયો છે. ચાલ...! મુકી દે ઝાડુ !

તમે કાંઈ સમજો નહિ ને બોલો છો. હું નોકરાણીને શીખડાવું છુ કે જો...ઝાડુ આમ કઢાય. શેઠાણી તાડૂકીને બોલ્યા.

શેઠાણીની સ્થિતિ જોઈને શેઠને મનમાં થયુ આને ભૂત વળગ્યુ લાગે છે. નહિતર કોઇ દિવસ નહિ ને આજે આમ કેમ કરે છે...


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Sulendrasurisvarji Jain Tatvagyanshala

શેઠે ઘણુંયે [illegible] વિનંતિઓ [illegible] પણ શેઠાણીના વર્તનમાં જરાય ફરક ન પડયો. આમ કરતાં દિવસ પૂરો થયો.

વરદાનનો સમય સાંજ સુધીનો હતો એથી સાંજ પડતાં આખો દિવસ ઝાડુ વાળ્યા પછી શેઠાણીએ ઝાડુ નીચે મૂકયું અને 'જો, ઝાડુ આમ કઢાય' એ બોલતા પણ બંધ થઈ ગયા.

શેઠાણીએ થોડો શાન્તિનો શ્વાસ ખેંચ્યા પછી શેઠે પૂછ્યું : 'આજ તને શું થઈ ગયું હતું કે સવારથી ગાંડાની જેમ લવારો કરતી ઝાડુ વાળવા મંડી પડી હતી.

પહેલાં તો શેઠાણી શરમાઇ ગયા પણ શેઠના આગ્રહને લઇને કહેવા લાગ્યા.

ભીખારીએ દરજણ બાઈને આપેલા આશીર્વાદનો લાભ જોઈને મને પણ તેવા લાભનો લોભ લાગ્યો અને મેં ભીખારીની સેવા કરી. એ સેવાથી પ્રસન્ન થઇ ભીખારીએ મને આશીર્વાદ દેતાં કહ્યું, 'આજે ઘરમાં ગયા પછી તું જે પહેલું કામ હાથમાં લઇશ તે દિનભર ચાલશે.' પણ...ભાગ્ય ન હોય તો પથરા જ પડે ને! મેં મારા રોજના સ્વભાવ પ્રમાણે નોકરોને ટોકવાનું કામ ચાલુ કર્યું. ઝાડુ વાળતા શીખડાવતા તે મારા હાથમાં જ રહી ગયું અને આખો દિવસ ઝાડુ વાળ્યા કર્યું.

શેઠાણીની વાત સાંભળી શેઠ પેટ પકડીને હસવા લાગ્યા અને કોઈના દેખાદેખી આચરણ નહિ કરવા સમજાવ્યું.

લોભવૃત્તિનો શિકાર બનેલો માનવી ક્યારેય સુખ મેળવી શકતો નથી, અને લોભમા પાપે પુણ્ય કાર્યો આચરી શકતો નથી. એનું જીવન દુઃખમય જ પસાર થાય છે.

"સંતોષ સમુ નહિ સુખ જગમાં, લોભ સમુ નહિ દુઃખ."

www.jaintatvagyanshala.org

# આજનું આ શિક્ષણ

## ( એક ઘટના )

**ના**ના સરખા એક ગામમાં શેઠ શેઠાણી અને તેમનો એકનો એક પુત્ર એમ ત્રણ સભ્યનું કુટુંબ રહેતું હતું એક દિવસ અચાનક શેઠ પરલોક સિધાવી ગયા. પુત્રના પાલનનો અને ઘરનો સર્વભાર શેઠાણી ઊપર આવી પડયો.

શેઠના પરલોક સિધાવી ગયા પછી શેઠાણી આર્થીક સ્થિતિમાં દિનપ્રતિદિન ઘસાવા લાગ્યાં. અને એક દિવસ પારકા ઘરે મજુરી કરવાનો વખત આવી ગયો. દુઃખ અને પારકા ઘરનાં કરવાં પડતાં વૈતરાંને કારણે શેઠાણી અકાળે વૃદ્ધા ડોસી થયાં.

એકનો એક પુત્ર ભણીગણીને મોટો થયા પછી મને શાન્તિ આપશે એ આશાએ પુત્રને ભણાવવામાં, સંભાળવામાં, માજી ખૂબ જ ખ્યાલ રાખવા લાગ્યાં. ભૂખ્યા પેટે પાટા બાંધીને રાત દીવસ ગદ્ધામજુરી કરીને પુત્રને તૈયાર કરવા લાગી. પોતે ભૂખી રહીને પુત્રને ભોજન કરાવવા લાગી.

માજીની પરિસ્થિતિ એવી ભયાનક થવા લાગી કે ઘરમાં ભૂખ ભાંગવા અનાજનો દાણો ન મળે. એક દિવસ મજુરીએ ન જાય તો બિજા દિવસે ઊપવાસ કરવાનો જ વખત આવે. ઘર પણ એને ખાવા દોડી રહ્યું હતું.

માજી રોગથી ઘેરાવા લાગ્યાં. આંખો ઊંડી ઊતરી ગઇ હતી. પેટ

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

ઊંડુ ઉતરી ગયું હતું. લોહી માંસ સુકાઈ જવાના કારણે શરીરનાં હાડકાં દેખાઈ રહ્યા હતં. તો પણ પગ ઘસતં ઘસતાં મજુરીએ જવું પડતું હતું.

સમાજની કોઇ જ વ્યક્તિ મદદે દોડી આવી ન હતી. માજી અચાનક તાવમાં પટકાઈ પડયાં, તેનો પુત્ર મુંઝવણમાં પડયો, વગર પૈસે માની દવા કઇ રીતે કરાવું ? કોણ માઈનો લાલ આ સમયે મને મદદ કરશે ? માના તાવથી ધગધગી રહેલા શરીર તરફ જોઇને નિરાધાર પુત્ર ચોધાર આંસુએ રડી પડયો.

પુત્રને રડતો જોઈને માનું હૃદય કકળી ઊઠયું બેટા રડ નહીં. મને જલ્દી સારૂં થઈ જાશે. એક દિવસના ઉપવાસી માતા–પુત્રનાં આંસુ લુછનાર કોઇ નહતું.

તાવથી ધગધગતી ગોદમાં માએ પુત્રને લઈ સાડીના પાલવથી આંસુ લુછયા અને કહ્યું : બેટા ? હું જયાં મજુરી કરૂં છું ત્યાં તું જા અને શેઠને બધી વાત જણાવજે, એ થોડી ઘણી સહાય કરશે તો થોડી ઘણી દવા કરી લઈશું. બે ચાર દીવસ પણ કાઢી શકીશું અને આરામ થઈ જતાં હું મજુરીએ પણ જઈ શકીશ.

માના કહેવાથી પુત્ર શેઠના ઘેર ગયો. માની માંદગીનો અને ઘરની અસહ્ય પરિસ્થિતિનો હૃદય દ્રાવક ચીતાર શેઠને કહી સંભળાવ્યો. અને સહાય માટે આજીજી કરી પણ કઠોર દીલના શેઠનું પથ્થર હૃદય ન પીગળ્યું. શેઠ તાડુકીને બોલ્યા તારી મા માંદી છે તેના બદલે તું મજૂરીએ આવ બાકી એમને એમ પૈસા મફત નથી આવતા.

શેઠના તિરસ્કાર પૂર્વક પુત્ર રડતો રડતો ઘર તરફ ચાલી નીકળ્યો. મહામહેનતે કઠણ કરી રાખેલું હૃદય ભાંગીને ભુક્કો થઇ ગયું.

Aacharya Shri Vijay ... Suri ... Jain Tatvagyanshala

લથડતા [illegible] ઘેર આવી [illegible] દયાળુ બાઇ માની સેવા કરતી જણાઈ અને પુત્રને આનંદ થયો. બે ચાર દિવસમાં માજી સારા થઇ ગયા. ફરી પાછા મજુરીએ જવાનું ચાલુ કરી દીધું.

પુત્ર થોડા સમયમાં જ ખંતથી અભ્યાસ કરીને તૈયાર થઈ ગયો. હોંશીયાર હોવાને કારણે તેને વધુ અભ્યાસાર્થે કોઈ સારી સંસ્થાની ફોરેન જવા સહાય મળી. તેથી તેણે પણ ફોરેન જવાનું નક્કી કર્યું.

ઘેર આવીને તેણે માને બધી વાત કરી અને કહ્યું, મા ! તને આ સ્થિતિમાં મૂકીને જવાની બીલકુલ ઈચ્છા નથી. છતાં સંજોગો અને સહકાર મળી ગયો છે એટલે હું ફોરેન જવાનું વિચારું છું. તું મને રાજી થઇને રજા આપે તો જાઉં.

તું વધારે ભણીશ તેમાં મને તો આનંદ જ થાયને બેટા ! સુખેથી જા ! અને ભણીગણીને વહેલો આવજે. બન્ને આંખોમાં આવેલા વહાલનાં આંસુ લુછતાં માએ પુત્રને જવાની સમ્મંતિ આપી.

મા ! હું જલ્દી આવવાનો જ પ્રયત્ન કરીશ.

બેટા ! તું આઠ દશ દહાડે કાગળ લખતો રહેજે જેથી મારા આત્માને શાંતિ રહે.

ભલે, મા !

પુત્રે ફોરેન જવાનો દિવસ નક્કી કર્યો. જવાના દિવસે માએ પુત્રને તિલક કરી શુભ આશીર્વાદ આપ્યા. અને પુત્રને છાતી સરસો લઈ ભેટી પડી.

પુત્રએ માને પ્રણામ કરી ઘરથી પ્રયાણ કર્યું. ફોરેન જઇ રહેલા પુત્રને મા જોતી રહી.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

વિદેશ પહોંચ્યા પછી પુત્રએ ખુશી ખબરનો પત્ર લખ્યો. પોતાને બધી અનુકુળતા છે, અને સારી રીતે ફાવે છે. એ પણ લખેલ હતું.

પુત્રનો પત્ર વાંચીને માનું હૃદય ગદ્‌ગદ્‌ થઇ ગયું. એક દિવસ પુત્રએ લખ્યું, મા હું અહીં ભણવાની સાથે નોકરી પણ કરું છું એટલે દર મહિને તને પૈસા મોકલતો રહીશ. માટે તારે હવે મજુરી ન કરવી. શાન્તિથી ભગવાનનું ભજન કરજે. પુત્રના વિનયયુક્ત પત્રને વાંચી મા ખૂબ જ આનંદિત બની ગઈ.

વિદેશમાં અભ્યાસ પૂરો થતાં સ્વદેશ આવવાની તૈયારી કરી ઘરે આવવાનો દિવસ માને લખી જણાવ્યો. વિદેશથી રવાના થઇ પ્લેનમાં બેઠા પછી એ જ પ્લેનમાં સ્વદેશ પાછી ફરી રહેલી એક સ્વરૂપવાન યુવતી સાથે પરિચય થયો–એ પરિચય પ્રેમમાં પરિણમ્યો.

પુત્રે યુવતી પાસે લગ્નની વાત મૂકતાં યુવતીએ શરત મૂકી. જુઓ ! લગ્નની વાત મારે મંજૂર છે, પણ તમે તમારી માતાનું કાળજું લાવીને મારી પાસે હાજર કરો તો.

પુત્રે વિચાર કરીને કહ્યું, "ઠીક છે." તેણે યુવતીનું એડ્રેસ વગેરે લઈ લીધું. એરોડ્રોમ પર પ્લેન ઉતરતાં બન્ને નીચે ઉતર્યા. સ્વાગત કરવા આવેલા સ્વજન સંબંધીઓએ ભાવભીનું સ્વાગત કર્યું. હારતોરા પહેરાવ્યા, અને સૌ છુટા પડયાં.

પુત્ર સીધો પોતાને ઘેર આવ્યો. ઘરઆંગણે પગ મૂકતાં જ તેની મા ખુબ જ હર્ષીત બની ગઈ. હર્ષનાં આંસુ વહાવતી વર્ષોએ આવેલા પ્યારા પુત્રને ભેટી પડી...વ્હાલથી પીઠ પર હાથ ફેરવતાં વિદેશમાં પડેલા સુખદુઃખના સમાચાર પૂછ્યા.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

પુત્રનું મન જુદા જ વિચારોમાં ઘુમી રહ્યું હતું. તે માની પાસે કઈ રીતે વાત મૂકવી તેનો વિચાર કરી રહ્યો હતો. કાળજાની માગણીના શબ્દો હોઠે આવી આવીને અટકી જતા હતા.

પુત્રને મૌન જોઈ મા અકળાઈ ઊઠી.

બેટા ! કેમ કંઇ બોલતો નથી ? શું તને કાંઈ દુઃખ થયું છે ? વારંવાર માના પુછવાથી પુત્ર કઠણ મન કરી બોલ્યો, "મા ! એક વસ્તુ આપીશ ?"

શું બોલે છે બેટા ! એક વસ્તુ ? તારા માટે આખું જીવન ખર્ચી નાખ્યું છે, ત્યાં એક વસ્તુની માગણી કરવાની હોય ?

મા......

બોલને બેટા ! અચકાય છે શા માટે ?

મા...તારૂં...કાળજું...આપીશ ?

પુત્રની વિચિત્ર માગણી સાંભળીને મા ઘડીભર અવાક થઇ ગઈ...

પુત્રની આ વિચિત્ર માગણીનો સ્વીકાર કરતાં મા બોલી, બેટા ! પેટે પાટા બાંધીને, ભૂખ્યા રહીને તને પ્રેમથી જમાડયો, પારકા ઘરનાં વૈતરાં કરીને તને ભણાવ્યો, વધારે શું કહું બેટા ! આખું જીવન તને તૈયાર કરવામાં ઘસી નાખ્યું હવે તો હું થોડા દિવસની મહેમાન છું. તારી એક માગણી માટે શા માટે ઇન્કાર કરૂં ? મા પુત્ર ઉપરના પ્રેમના ઉભરામાં બોલી રહી હતી.

પુત્રને કાળજું કાપી લેવા માટે મા જમીન પર સીધી સૂઇ ગઇ અને...એનાં મુખમાંથી શબ્દો સરી પડયા :


www.jaintatvagyanshala.org

Aacharya Shri Vijay Surendrasuriswarji Jain Tatvagyanshala

“ તું ઊડી જા રે પંખી,

હવે કોઇ અર્થ નથી રહેવાનો...

તું ઊડી જા રે પંખી...”

સૂઈ ગયેલ માના કાળજા ઉપર પુત્રે છરી ચલાવી અને માના કાળજાને બહાર કાઢયું અને...માનું પ્રાણ પંખેરું ઊડી ગયું !

પુત્રે માના કાળજાને એક થાળીમાં મૂકી, ઉપર વસ્ત્ર ઢાંકી માનો કપાયેલો નશ્વરદેહ ત્યાં જ છોડી યુવતીના પ્રેમમાં પાગલ બની તેના ઘર તરફ ચાલી નીકળ્યો.

યુવતી સાથે લગ્ન કરવાના આનંદમાં ભરબજારે ઉતાવળથી ચાલી રહ્યો હતો. ત્યાં પગ નીચે કેળાંની છાલ આવતાં પગ લપસ્યો. હાથમાંથી થાળી ફગોળાઈ ગઇ. કાળજું વસ્ત્રહીન થઇ ખુલ્લું પડ્યું. પુત્ર કપડાં ખંખેરીને ઊભો થયો. ઝટપટ કાળજું લઇ થાળીમાં ગોઠવી દીધું ઉપર વસ્ત્ર ઢાંકવા જાય છે ત્યાં કાળજામાંથી પ્રેમાળ અવાજ નીકળે છે: **“બેટા! વાગ્યું તો નથી ને?”** માના લાગણીભર્યા શબ્દો યુવતીની લગનમાં ડૂબેલો પુત્ર ન સાંભળી શકયો.

ધિક્કાર છે પ્રેમના પાગલપણાને...જે માતાએ પુત્ર કાજે જીવન સર્વસ્વ અર્પણ કરી નાખ્યું, ને એ વિશ્વાસઘાતી પુત્રે એક યુવતીના પાપે પ્રેમને પગતળ કચડી નફ્ફટાઇપૂર્વક વહાલી માના કાળજાને લઇ ભરબજારે યુવતીનાં ચરણે મૂકવા ચાલી નીકળ્યો છે.

યુવતીના નિવાસસ્થાનની બિલ્ડીંગનાં પગથિયાં ચડતો તે તેના ઘરના દરવાજે આવીને ઊભો રહ્યો અને દરવાજામાં ઊભેલી યુવતીના પગ પાસે કાળજાની થાળીને મૂકીને બોલ્યો : “તારી શરત પ્રમાણે મારી ‘મા’નું કાળજું લઇ આવ્યો છું, લે...આ...કાળજું ! ચાલ,

www.jaintatvagyanshala.org

હવે લગ્નમાંથી ફરી 'હરિઓમ' યુગ આનંદમાં બોલી રહ્યો છે. Acharya Shri Vijay Surendrasuriswarji Jain Tatvagyanshala
કાળજાને જોઇને યુવતીના મુખનું પરિવર્તન થવા લાગ્યું, તેની આંખો લાલચોળ બની ગઈ. તે એકદમ રોષપૂર્વક તાડુકીને બોલી :–

"નીચે ઉતર...નાલાયક...!"

તારા પાપી મુખને લઇને ચાલ્યો જા અહીંથી! જે માતાએ વહાલ વરસાવી વરસાવીને, દુઃખોને વેઠીને, પારકાં ઘરનાં વૈતરાં કરીને તારૂં પોષણ કર્યું! તને ભણાવી ગણાવીને મોટો કર્યો એ માના પ્રેમને ઠોકરે મારી ચાર કલાકના પરિચયવાળી અજાણી યુવતીના પ્રેમ સંપાદન માટે મહા ઉપકારી જનનીનું–પ્રેમભર્યા કાળજાનું નિકંદન કરતાં જરાય કંપન ન થયું? એ અભાગી માણસ મને શું પ્રેમ આપી શકવાને સમર્થમાન થઈ શકશે?

તારા જેવા નાદાન, સ્વાર્થી, વ્યક્તિના પનારે પડીને હું શું સંતુષ્ટ થઈ શકવાની છું?

યુવતીનાં તીખાં તમતમતાં વચનો તે નીચા મુખે સાંભળી રહ્યો હતો. આશાના ભુકકે ભુક્કા થઈ રહ્યા હતા.

નીચે ઉતર, તારા કાળા મુખને લઈને! યુવતી ફરી બરાડી ઉઠી.

તારી વફાદારીની પરીક્ષા માટે જ આ મારી શરત હતી. વિદેશમાં ભણીને આવ્યા છતાં જરાય વિવેક વિચાર કરી ન શકયો? એવા શિક્ષણનો પણ શો અથ?

બન્ને તરફથી ભ્રષ્ટ બનેલો તે ધ્રુજતા હાથે માના કાળજાની થાળી ઉપાડી નીચે ઉતરવા લાગ્યો. યુવતી દરવાજો બંધ કરી અંદર ચાલી ગઈ.


www.jaintatvagyanshala.org

Acharya Shri Surendrasuriswarji Jain Tatvagyanshala
[illegible] ને
છાતીએ લગાડી ઊભી બજારે ચાલી નીકળ્યો.

દુનિયામાં આધાર વગરનો બની ગયેલો તે આકાશ તરફ મીટ માંડી આંખની પાંપણો ઢાળી મરતી માના શબ્દોને યાદ કરતો બોલી ઉઠયો :

"તું ઉડી જા રે પંખી,
હવે કાંઇ નથી અર્થ રહેવાનો,
તું ઉડી જા રે પંખી...

શુષ્ક બની ગયેલા જીવનને જીવવાનો શો અર્થ છે? અરમાનોના મહેલને ઉભો કરવા આચરેલી બધી જ પ્રવૃત્તિ સ્મશાનવત્ બની ગઇ, જીવનનો માર્ગ ફંટાયો અને આત્મહત્યા તરફ વળ્યો!

સ્વાર્થી સંસારને તિલાંજલી આપી નશ્વરદેહનો ત્યાગ કરી માના પગલે પ્રયાણ કર્યું,

આજના આધૂનિક શિક્ષણે આ રીતે બે આત્માઓના જીવનની જલતી જ્યોતની આહૂતી લઇ બુઝાવી દીધી.

જ્યાં સુધી જીવન ધર્મમય, સમ્યગ્ જ્ઞાનમય બન્યું નથી ત્યાંસુધી જીવન સૌરભ ખીલી ઉઠતી જ નથી. વ્યાવહારિક શિક્ષણ કદાચ બાહ્ય આડંબર વધારી આપશે પણ અંદર ભૂતિયા મહેલ જેવું ખંડીયેર જ બની જશે.

ખરી સફળતાની ચાવી શીલ, સદાચાર, નીતિ, ન્યાય, વિનય, નમ્રતા જ રહેલી છે, અને તે ધર્મ અને ધર્મજ્ઞાન સિવાય પ્રાપ્ત થઈ શકતી નથી.

*


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# પાપ પખાલ્યા

# પશ્ચાતાપનાં આંસુઓએ

પૃથ્વીઠાનપુર નગરના મહારાજા મકરધ્વજ ખૂબ ધર્મનિષ્ઠ હતા. એક પ્રિય પિતા તરીકેનું તેમનું સ્થાન પ્રજાના હૃદયમાં રહેલું હતું. મહારાજાને મદનસેના મહારાણીની કુક્ષીથી ઉત્પન્ન થયેલો મદનબ્રહ્મ નામનો રાજકુમાર હતો. જેવો સ્વરૂપે સુંદર હતો તેવો સ્વભાવે પણ સુંદર હતો. વૈરાગ્યના ઝરણાઓએ તેના જીવનમૂળને પાણી પાઈ લીલુંછમ બનાવ્યું હતું.

આઠ આઠ રાજકુમારીથી વીંટળાયેલો તે ભોગસુખમાં જીવનકાળ પસાર કરી રહ્યો હતો.

નગરજનોને આનંદદાયક ઈંદ્ર મહોત્સવનાં મંગલ વધામણાં આવી પહોંચ્યાં. મહોત્સવમાં ભાગ લેવા સારોય નગરજનવર્ગ નગરબહાર ઉદ્યાનમાં ઉમટયો હતો. આઠ પત્નિઓ સહિત રાજકુમાર પણ મહોત્સવ મનાવવા ઉદ્યાનમાં આવી પહોંચ્યો. વિશાલ ઉદ્યાનમાં ફરી રહેલા રાજકુંવરની દ્રષ્ટિ ઝાડ નીચે ધ્યાનદશામાં ઊભેલા શાંત અને તેજસ્વી મુખમુદ્રાથી શોભી રહેલા મુનિવર ઉપર પડી. અને... દર્શનની ભાવના જાગૃત બની.

મહોત્સવના મેળામાં હરવા-ફરવાનો આનંદ છોડીને નિર્જન સ્થાનમાં ઊભેલા મુનિવર પાસે રાજકુમાર ગયો. મુનિને ત્રણ પ્રદક્ષિણા

Acharya vijay shri Surendrasuriswarji Jain Tattvagyanshala

આપી વિનયપૂર્વક સામે બેઠો. તેની આઠે પત્નિઓ બેઠી. અને મુનિના ધ્યાનને પૂર્ણ થવાની રાહ જોવા લાગ્યા.

થોડીવારે મુનિ ભગવંતે કાઉસ્સગ પારી સામે બેઠેલા રાજકુમારને ધર્મલાભ આપ્યા. અને રાજકુમારના હૃદયમાં ઉગેલા વૈરાગ્યના છોડ ઉપર વધુ સિંચન કરવા ધર્મ દેશના આપતાં કહેવા લાગ્યા.

મૂલ્યવાન માનવ જન્મને પામ્યા પછી જે માનવ રંગ–રાગ અને વિલાસમાં રાચ્યો–પાચ્યો રહી ધર્મને આચરતો નથી તે માનવજીવનની સફલતા મેળવી શકતો નથી, રાગ છોડયા વિના ત્યાગ આવતો નથી ત્યાગવિના સાચા સુખનો આનંદ મેળવી શકાતો નથી.

મુનિવરની વૈરાગ્ય ભરપૂર વાણી સાંભળી રાજકુમાર ત્યાગમાર્ગે વળવાની ભાવનાવાળો બન્યો.

મુનિભગવંતને નમસ્કાર કરી ત્યાંથી રાણીઓ સહિત મહેલમાં આવ્યો. અને ત્યાગ માર્ગ અપનાવવાની પોતાની ભાવના માતા પિતા પાસે વ્યકત કરી. અને ઘણા પ્રયત્નબાદ અનુમતિ મેળવીને સિંહની જેમ એકલો સંયમમાર્ગે નીકળી પડયો. પરિષહોની સામે પડકાર ફેંકીને તપ–ત્યાગ–ધ્યાનમાં આગેકૂચ કરવા લાગ્યો.

ઉગ્રવિહારને કરતાં કરતાં એક દિવસ મધ્યાહ્નના ભર તડકામાં ત્રંબાવતી નગરીના રાજમાર્ગ ઉપર ગોચરી માટે ભમી રહ્યા છે. તાપ અને થાકથી શ્રાન્ત બનેલા મુનિવર થોડી વિશ્રાન્તિ માટે એક વિશાળ હવેલીની છાયામાં ઉભા રહ્યા.

એજ સમયે એ હવેલીની અટારીયે હવેલીની માલિકણ શેઠાણીએ

www.jaintatvagyanshala.org

રાજમાર્ગની ચારે તરફ નજર ફેરવતાં પોતાની જ હવેલીની છાયામાં મુનિને ઉભેલા જોયા.

Aacharya Vijay Shri Surendrasuriswarji Jain Tatvagyanshala

છેલ્લા કેટલાયે વર્ષોથી પોતાનો પતિ ધંધાર્થે પરદેશ ગયો હતો. તેની કુશલતાના કે પાછા આવવાના આજ સુધી કશા વાવડ ન હતા, પતિવિરહની વેદનાથી વિહવલ તે વાસનાના વિકારથી મુનિના રૂપને જોઇને વિચારવા લાગી.

જરૂર કોઇ રાજકુમાર લાગે છે...યૌવનમસ્ત જીવનને છોડીને શા કારણે ત્યાગમાર્ગ અપનાવ્યો હશે ? શું કોઈ દુઃખ આવ્યું હશે ? જીવન પરિવર્તન કરી નાખે તેવા અઘટિત બનાવો બન્યા હશે ? ખેર...જે બન્યુ હોય તે એ વાતોથી મારે શું પ્રયોજન ?

અને...વાસનાની આગને બુઝાવવાના મલિન આશયથી મુનિને પોતાની હવેલીમાં બોલાવવા પોતાની દાસીને નીચે મોકલી.

શેઠાણીના કહેવાથી દાસી હવેલી નીચે ઉભેલા મુનિવરની પાસે જઇ વહોરવા પધારોની વિનંતી કરી હવેલીમાં લઈ આવી.

શેઠાણીએ પહેલેથી મિષ્ઠાનો સહિત સુંદર ભોજન તૈયાર રાખ્યુ હતુ, મુનિવર ઉપર આવતાંની સાથે જ પધારો ! પધારો ! ! કહી આવકાર આપ્યો.

હાવભાવ સાથે મિષ્ટાન્ન વહોરવતાં કહેવા લાગી, મુનિરાજ ! આવી રંગભરી કાયાને લુખ્ખા–સુક્કા ભોજન અને તડકા–છાયાનાં કષ્ટ વેઠી કેમ સુકવો છો ! આ મેલાં કપડાં સૌન્દર્યશોભાને લજવી રહ્યાં છે. મુનિવર ! મારી વિનંતી ધ્યાનમાં લઇ આ સુંદર વસ્ત્રો ધારણ કરો. આ મહેલ પણ આપનો જ છે. મખમલની મુલાયમ તળાઈઓનો સ્વીકાર કરો. એક ચતુર નારી આપની સામે હાથ


www.jaintatvagyanshala.org

જોડીને [illegible] ભોગસુખને Acharya Shri Vijay Muni Sunandrasuriswarji Jain Tatvagyanshala
યથેચ્છપણે ભોગવીને ખીલેલા યૌવનને સાર્થક બનાવીએ.

શેઠાણીનાં વાસનાની ભૂખથી ભરપૂર વિકૃત વચનો સાંભળ્યા બાદ સમતામાં તરબોળ મુનિવર શેઠાણી સામે આંખ ઊંચી કર્યા સિવાય સન્માર્ગપ્રેરક વાણી દ્વારા તેની વાસનાની આગને શાંત કરવા બોલ્યા:

વત્સે ! ઉત્તમ કુલમાં ઉત્પન્ન થયેલી તને આ પ્રમાણે બોલવું યોગ્ય નથી. તારી આ મનોવૃત્તિ કુલને કલંકિત કરવાવાળી છે. વળી દુનિયામાં ચોરી અને જારપણું અત્યંત નીંદનીય છે. જે આ ભવમાં અને પરભવમાં કષ્ટ દેવાવાળું બને છે. અને...થોડો તો વિચાર કર, શીયળરૂપ ચિંતામણી રત્ન પ્રાપ્ત થયા પછી કોણ મૂર્ખ વિષયરસમાં મહાલવા તૈયાર થાય, ધોધમાર વરસતા વરસાદમાં ઊભો રહેલો કોણ મકાન મળ્યા પછી ભીંજાવાની ઈચ્છા કરે !

માટે જ કહું છું કે તારા કુલ તરફ અને તારા મૂલ્યવાન જીવન તરફ નજર કર. અને આવા દુષ્ટભાવોથી બચવા માટે નવરાશનો સમય ધર્મ કરવામાં ગાળ, જેથી વિકારોનો વંટોળ જીવનના સત્વને ખેંચી ન જાય.

સાથે સાથે એ વાત પણ સમજી રાખજે કે મન, વચન અને કાયા વડે લીધેલું આ વ્રત તુચ્છ એવા ભોગસુખ માટે કદાપિ નહિ ખંડુ.

હે વત્સે ! દશ દ્રષ્ટાંતે દુર્લભ માનવજન્મ પામ્યા પછી રાતદિવસ વિષયલંપટતામાં રાચતાં પ્રાણીઓ હિન જાતિઓમાં જન્મ પામીને અનેક જાતનાં કષ્ટો ભોગવે છે, અને વધુને વધુ પાપ કરતા જાય છે.

અને...થોડો તો વિચાર કર ! પુણ્યયોગે રાજકુલમાં જન્મ લીધા


www.jaintatvagyanshala.org

પછી [illegible] Acharya Vijay Shri Surendrasuriswarji Jain Tatvagyanshala એ... તારા આવાસ કરતાં કઈગણો સુંદર મહેલ, મહેલના અખૂટ સુખો અને તારા કરતાં અનેકગણી સ્વરૂપવાન આઠ આઠ રમણીઓને એક સાથે લાત મારીને મુક્તિરમણીને વરમાળા પહેરાવવા ચાલી નીકળેલો હું શું તારા આવાસમાં તારી સાથે રહીશ? ના...ના...! એવી કલ્પના માત્ર છોડી દે અને સન્માર્ગે વળ, એમાં જ તારૂં, તારા કુળનું શ્રેયઃ છે.

વાસનાની આગથી બળી રહેલા માનવીને હિતવચનો આગને વધુ પ્રજ્વલિત બનાવવાવાળાં બને છે.

મુનિવરની કલ્યાણવંતી વાણી સાંભળીને વધુ ઉશ્કેરાયેલી નાગણ સ્વરૂપને ધારણ કરતી શેઠાણી વિચારવા લાગી. રે...આ મુનિ પ્રેમથી ભરપૂર મારા હાવભાવમાં લપેટાયા નહિ! મારા બધા પ્રયત્નો નિષ્ફળ નિવડયા. અને હવે આ મુનિ અહીંથી ગયા પછી મારા વર્તનને લોકમાં વહેતું મૂકીને મારી નીંદા-તર્જના કરાવશે. માટે તેથી બચવા કંઇક ઉપાય કરૂં.

"હલકી વૃત્તિના માણસો સારો વિચાર કયારેય કરી શકતા નથી."

પોતાને નિર્દોષ ઠરાવવા, મુનિને કલંક લગાડવા તે તૈયાર થઈ. પોતાની હવેલીમાંથી મુનિવર જ્યાં નિકળવા જાય છે ત્યાં જ શેઠાણી મુનિને વળગી પડી. શેઠાણીની પકડમાંથી છુટવા મુનિ ઘણો પ્રયત્ન કરે છે, પણ શેઠાણી પોતાની પકડ વધુને વધુ મજબુત બનાવે જાય છે. અવસર જોઇ શેઠાણીએ પોતાના પગનું એક ઝાંઝર મુનિના પગમાં લગાવી દીધું. છુટવાના ધ્યાનમાં મુનિનું ઝાંઝર તરફ લક્ષ્ય ઓછું ગયું. અને...પોતાની બધી શક્તિ એકઠી કરી એક જોરદાર ઝટકો મારી શેઠાણીની પકડમાંથી છુટી સડસડાટ પગથિયાં ઊતરી ગયા. આ બનાવથી શેઠાણીએ બૂમાબૂમ કરી મૂકી.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
દોડો...દોડો...પકડો...પકડો...! ઓ...પેલો લૂંટારો જાય મુનિ! હાય! મારી ઈજ્જત લૂંટી ગયો. ઓ...મા! મારૂં જીવન લૂંટી લીધું! પોતાનું સ્ત્રીચરિત્ર પ્રગટ કરી, છાતી કૂટતી રોવા લાગી. દાસ-દાસીઓ ભેગાં થયાં પણ...ત્યાં સુધીમાં તો મુનિ ઘણે દૂર નીકળી ગયા હતા.

રાજમાર્ગ ઉપર વેગથી ચાલી રહેલા મુનિના પગનું ઝાંઝર રણઝણવા લાગ્યું. ઝાંઝર કાઢવાની પરવા કર્યા સિવાય વિષયી નાગણથી બચવા નગરના બહાર ભાગ તરફ એકધારા વેગથી ચાલે જ જતા હતા.

મુનિના પગમાં ઝાંઝર જોઇ લોકો મુનિની નીંદા કરવા લાગ્યા. જુઓ તો ખરા, મોટા અણગાર...અરે....સાધુના વેશમાં શયતાન છે. ધર્મના નામે ચરી ખાનારો લાગે છે.

જેમ ફાવે તેમ લોકો જિનધર્મની અને મુનિની નીંદા કરવા લાગ્યા. પરંતુ સત્ય બીના કયારેય છુપી રહેતી નથી. પાપ કયારેય દબાયું દબાતું નથી.

શેઠાણી અને મુનિનો સારોય પ્રસંગ શેઠાણીની હવેલી સામે જ રહેલા રાજમહેલમાં જમી પરવારીને ગોખમાં ઊભેલા મહારાજાએ નજરે જોયો હતો. નિર્દોષ મુનિની નીંદા મહારાજા સહન કરી ન શકયા. અને શેઠાણીના ભયાનક વર્તન ઉપર ભારે ગુસ્સો ચડયો. પોતાના સેવકો દ્વારા શેઠાણીને પકડી મંગાવી અને નગરજનો સમક્ષ તેના અપરાધને પ્રગટ કરી દેશવટો દઇ દીધો અને મુનિનો જયજયકાર થયો. કલંક કલગી સ્વરૂપે બન્યું.

શેઠાણીએ પગમાં ઝાંઝર પહેરાવ્યાથી મુનિ ઝાંઝરિયા મુનિ તરીકે પ્રખ્યાત થયા.

---

www.jaintatvagyanshala.org

Aacharya Vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

ત્રંબાવતી નગરીથી નીકળીને વિહાર કરતાં કંચનપુરી નગરીમાં આવ્યા કે જે નગરનો રાજા તેમનો બનેવી થતો હતો. રાજમાર્ગ ઉપરથી પસાર થતાં મુનિવર જ્યારે રાજમહેલ પાસે આવ્યા ત્યારે મહેલના ગોખમાં મહારાજા સાથે વિનોદ કરી રહેલી રાણીની નજર મુનિ ઉપર પડી અને પોતાનો ભાઈ યાદ આવ્યો. ધારીધારીને જોયા બાદ તે નક્કી કરી શકી કે આ મુનિ બીજા કોઇ નહિ, મારા ભાઈ મુનિ છે.

રે...તપ દ્વારા કાયાને કેવી દહી નાખી છે. ભાઇ પ્રત્યેની લાગણીથી આંખમાં આંસુ ઉભરાઈ આવ્યા.

ન ધારેલા પ્રસંગો કેવા અચાનક આવીને ખડાં થઇ જાય છે કે માનવીને તેની કલ્પના કરવાનો સમય પણ રહેતો નથી.

રાણીની આંખમાં આંસુ જોઇ રાજા વિચારવા લાગ્યો, રાણીને એવું તે શું દુઃખ આવી પડયું કે શું એવો પ્રસંગ ઉપસ્થિત થયો કે આંસુ સારવાં પડયાં. ત્યાં રાજાએ રાજમાર્ગ તરફ નજર નાખી મુનિને જોઈને આંખનાં ભવાં ઊંચાં ચડી ગયાં.

ઓહ...રાણીના આંસુ સાથે પેલા જઇ રહેલા મુનિનો જ સંબંધ હોવો જોઇએ. જરૂર રાણીનો પૂર્વકાલનો જાર પુરૂષ હશે જે આજે સાધુવેશે અહિં આવી ચડયો છે. અને...મહારાજાના ક્રોધનો પારો એકદમ ઊંચો ચડી ગયો. રાણીને આંસુ આવવાનું પ્રયોજન પૂછ્યા વગર ત્યાંથી ઉઠીને મહેલના ચોગાનમાં આવ્યો. નગર બહારના ઉદ્યાનમાં મુનિને પકડી લાવવાની સેવકોને આજ્ઞા આપી અશ્વારૂઢ થઈ સીધો ઉદ્યાનમાં પહોંચી ગયો. ત્યાં બોલાવાયેલા કર્મચંડાલો પાસે માણસના ખભા સુધીનો એક ઊંડો ખાડો ખોદાવ્યો અને એક ભયાનક પાપકર્મનો આરંભ કર્યો.

www.jaintatvagyanshala.org

સેવકો મુનિને [illegible] મુનિને Acharya vijay shri Surendrasurishwarji Jain Tatvagyanshala
જોતાં જ મહારાજાનો ક્રોધ ચરમ સીમા વટાવી ગયો અને મુનિને ઉદ્દેશીને બોલવા લાગ્યો.

ઓ...પાપી ? પાખંડપણાના ધંધા કરવામાં બડો હોંશીયાર લાગે છે. ઓ...દુરાચારી ? તારા દુરાચારે તને અહિં નોંતર્યો છે આજે હવે તારા દિવસો પુરા થવાના છે તે પહેલાં તું તારા આચારનો સ્વાદ ચાખીલે.

અને સેવકો પાસે લાઠી–મુઠી વડે મારમારતો તે મુનિને ત્યાં ખોદવામાં આવેલા ખાડામાં ઉતારી દીધા અને ખાડો માટીથી પુરી દીધો. ફક્ત મુનિનું મસ્તક જ બહાર દેખાઈ રહેલું હતું. તીક્ષ્ણ ખડગ લઈને ત્યાં ઉભેલા ચંડાલને ઈશારો કરતાં જ તેણે એક ઝાટકે મુનિના ધડને ઉડાડી દીધું અને...વાતાવરણ નિસ્તબ્ધ બની ગયું. સૂર્ય પણ આ અધમ કાર્યને જોવા તત્પર ન હોય તેમ અસ્ત થઈ ગયો.

મરણાંત ઉપસર્ગમાં સમતારસમાં તરબોળ મુનિ ચોરાશી લાખ જીવાયોનીને ખમાવી, ચારે શરણાંનો સ્વીકાર કરી શાશ્વત સુખના ધામમાં પહોંચી ગયા.

ભયંકર પાપથી ખરડાયેલા મહારાજા રાજમહેલે પહોંચ્યા અને એક અપરાધીને યોગ્ય દંડ આપ્યાના સંતોષ પૂર્વક નીરાંતે પોતાના કાર્યમાં રક્ત બન્યા.

મહારાણીને મહારાજા પોતાની પાસેથી ગુસ્સામાં નીચે ઉતર્યા ત્યારે જ અઘટિત બનાવ બનવાના એંધાણ આવી ગયા હતા. પણ મહારાજાના ગુસ્સાનો ભોગ મુનિ બનશે એવી કલ્પના ન હતી.

---

www.jaintatyagyanshala.org

Acharya Shri Vijay Surendrasurishwarji Jain Tatvagyanshala
સવારના ગુલાબી વાતાવરણમાં સમડી મહેલના ચોગાનમાંથી પસાર થઈ રહ્યાં હતાં. ત્યારે સમડી મુનિના લોહીથી ખરડાયેલા ઓઘાને માંસનો ટુકડો સમજી ચાંચમાં લઇ ઉડી રહી હતી. ત્યારે તેના ભારે વજનને ચાંચમાં ન ઝીલી શકવાના કારણે રાજમહેલ પાસે આવતાં તે ચાંચમાંથી પડી ગયો તે લોહીથી ખરડાયેલ ઓઘાને જોઈ રાણીને ખાત્રી થઇ ગઈ કે ગઇ કાલે મહારાજાએ મારા ભાઇ મુનિની હત્યા કરી છે. ભાઈ મુનિની હત્યાથી કમકમી ઉઠેલી રાણી ત્યાં જ બેસીને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી અને સવારનું ગુલાબી વાતાવરણ કરૂણ આક્રંદથી ધ્રુજી ઉઠયું. રાણીના આક્રંદને સાંભળીને મહેલમાંથી દાસીઓ દોડી આવી. મહારાજાને ઉઠાડવામાં આવ્યા. તે પણ તરત ચોગાનમાં દોડી આવ્યા. રાણીની પાસે બેસી જઇ તેને કાંઈ પુછવા જાય છે ત્યાં સામે પડેલા ખરડાયેલા ઓઘાને જોઈ બધું પામી ગયા અને ગમગીન બની ગયા.

અતિઅન્યાય જાણીને રાણીએ ત્યાં જ અણુસણ લઈ લીધું.

હા...શું કર્યું સ્વામિ આ વગર વિચાર્યું કાર્ય ! આંસુનું કારણતો પુછવું હતું ! રે... ઋષિહત્યાનું મહાપાતક લલાટે લખાવ્યું એ કયા ભવે છુટશે ? રાણીના મુખમાંથી એક ઉનો નિઃશ્વાસ નીકળી ગયો.

આવેશમાં અંધબની સંસારીપક્ષે પોતાનો સાળો અને સાળા-માંથી બનેલા સંયમીમુનિની હત્યાથી મહારાજાને પગથી માથા સુધી કંપારીની એક તીક્ષ્ણ લહેર આવીને ચાલી ગઈ. કઠોર હૃદય પીગળીને પાણી ગઈ ગયું. ભાવનામાં ઝપાટા બંધ પરિવર્તન થવા લાગ્યું.

એજ ઘડીયે મહારાજા ત્યાંથી ઉભા થઇ ઉદ્યાનની દિશા તરફ


www.jaintatvagyanshala.org

વેગથી Acharya Shri Vijaysurendrasuriswarji Jain Tattvagyanshala સ્થાને આવી પહોંચ્યા. માટીથી ઢંકાયેલી મુનિની લાશને ખાડામાંથી બહાર કાઢી, જાળવીને સુવાડી અને લાશની પાસે બેસી અનરાધાર આંસુએ રડવા લાગ્યા. પોતાનું રાજાપણું માન-પાન બધું જ ભૂલી જઇ એક અપરાધી તરીકે ક્ષમા માગતા વારંવાર ઉઠે છે ને મુનિના ચરણે પડે છે. કરૂણઆક્રંદ કરતો રાજા દિશાઓને પણ રોવડાવી રહ્યો છે પશ્ચાતાપના નીકળતાં આંસુ પાપના જામી ગયેલા થરના એક એક પડને ધોઈ રહ્યાં છે અને છેવટે ધારાબદ્ધ વહી રહેલા આંસુના વહેણમાં પાપકર્મનો બધો જ મેલ તણાઇ ગયો અને મહારાજાને એજ સૌભાગ્યવંતી પળે નિર્મળ એવું **કેવલજ્ઞાન પ્રગટ થયું** ભવોભવના વૈર શમી ગયા.

મહારાજાએ ભયંકર

**પાપ પખાલ્યું પશ્ચાતાપના આંસુઓએ...**

**અઘોરકર્મોને હઠાવવા સમર્થ બને છે સાચા હૃદયનો પશ્ચાતાપ**

**કેવલજ્ઞાન સુધી પહોંચાડે છે પશ્ચાતાપના આંસુ**

※

વૈજ્ઞાનિક યુગના માનવીના ભેજામાં શું ભૂસું ભરાઈ ગયું છે કે તે ધર્મનું નામ સાંભળતાં જ ભડકવા લાગે છે. તેનાથી દૂર ભાગતો ફરે છે. સુખ મેળવવાના એ ભગીરથ પ્રયાસમાં પોતાની સૂઝ-બૂઝથી એટલો હતપ્રહત બની જાય છે કે તે એ વાતનો નિર્ણય નથી કરી શકતો કે સુખને તે બટકા ભરી રહ્યો છે કે સુખ તેને બટકા ભરી રહ્યું છે. પણ...એક વાત યાદ રાખજો! જીવનની સાર્થકતા ધનથી નહિ ધર્મથી જ બને છે કે જે સુખ દુ:ખમાં સાથે રહેનાર સાચો સાથી છે.


www.jaintattvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



# નાક કપાયું તો કપાયું પણ... ઘી તો ચટાયું!

**'તૃષ્ણામાં તણાવવાનું બંધ થાય તો સુખનો માર્ગ ઉઘાડો થાય.'**

એક રબારણ બાઈ રોજના નિયમ મૂજબ માટલીમાં ઘી ભરીને નજીકના શહેરમાં વેચવા જઈ રહી હતી. બજાર ચાલુ થવાના સમયે તે શહેરમાં પહોંચી. બજારમાં પહોંચવા તે શહેરના રાજમાર્ગ ઉપરથી પસાર થઈ રહી હતી, તેની પાછળ થોડા જ અંતરે એક મસ્તરામજી ચાલી રહ્યા હતા. રબારણને માથે રહેલા ઘીના માટલામાંથી નીકળી રહેલી સુગંધ મસ્તરામજીના નાક સુધી પહોંચી ગઈ. આવી મધુર સુગંધને લઇને તેને ઘી ખાવાનું મન થઈ ગયું. તેણે પહેલાં ખીસ્સામાં હાથ નાખ્યા પણ ઘી ખાઇ શકે એટલા પૈસા ન હતા, એથી તે વિચારમાં પડયો કે શું કરવું ?

ઘી ખાવાની તીવ્ર ઈચ્છાને તે રોકી ન શકયો. મનોમન નિર્ણય કરી લીધો કે ખીસ્સામાં હાથ નાખતાં પૈસા ન નીકળ્યા તો કાંઈ નહિ, માટલામાં હાથ નાખવાથી ઘી તો જરૂર મળશે. અને...તેણે ચાલવાની ગતિ વધારી રબારણની સાવ નજીક આવી ગયો. આગળ–પાછળનો વિચાર કર્યા વગર સીધો રબારણના માથે રહેલા માટલામાં હાથ નાખી થીજા ઘીનો એક મોટો લુંદો બહાર ખેંચી કાઢયો. રબારણ અરે...અરે...અરે...કરતી રહી, અને મસ્તરામજી ઘીનો લુંદો મોંમાં પધરાવી દીધો.


www.jaintatvagyanshala.org

આ બનાવથી રોષે ભરાયેલી રબારણે રોડ વચ્ચે જ હો...હા...
Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
મચાવી દીધી.

નાલાયક...ચોર...ભીખારા...શરમ નથી આવતી ઉભી બજારે બાઇડીની છેડતી કરતાં! ગાળો ભાંડતી રબારણે મસ્તરામજીના ગાલ ઉપર એક તીખો-તમતમતો તમાચો ચોડી દીધો.

તમાસો જોવા ભેગા થયેલા લોકોમાં મસ્તરામજીનો એક મિત્ર હતો. તેણે મસ્તરામજી પાસે જઇ કહ્યું ભલા માણસ! બજાર વચ્ચે આવુ કરાતુ હશે, આબરૂના કાંકરા થયા અને નાક કપાયુ તેનો કાંઈ ખ્યાલ આવે છે?

મિત્રની વાત સાંભળી મસ્તરામજીએ છાતી ફુલાવતાં અને હો...હી...કરતાં જવાબ દીધો.

## નાક કપાયું તો કપાયું પણ...ઘી તો ચટાયું!

મસ્તરામજીનો જવાબ સાંભળી મિત્ર ઠંડોગાર થઈ ગયો અને મસ્તરામજીની પ્રકૃતિ અને પ્રવૃત્તિ ઉપર ખેદ કરતો વિચારવા લાગ્યો રે...જીવ તૃષ્ણાને વશ થઇને કેવી ભયંકર દશામાં જીવે છે. ઘડીના સુખાસ્વાદ ખાતર જીવનને કેવા અધઃપતનના માર્ગે ધકેલી દે છે. અને ઉત્તમ માનવ જન્મને વેડફી દે છે. માટે જ કહું છું.

**તૃષ્ણામાં તણાવવાને બદલે તરતાં શીખો**

**પછી સુખનો કીનારો બહુ દૂર નહિ રહે...**


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# અ ર્પ ણ...જી વ ન સર્વસ્વનું!



બાહ્ય બધી જ વસ્તુ ભૂલી જઇને જ્યારે પ્રભુભક્તિમાં તલ્લીન બની જઈ પોતાનું જીવન સર્વસ્વ પ્રભુના ચરણોમાં અર્પણ કરી દઈએ ત્યારે જ જીવનમાં આનંદનું નિર્મળ ઝરણું વહેવા માંડે છે. અનુપમ સુખની ક્યારીઓ ખીલી ઉઠે છે; પરંતુ એ સમર્પણ સમજણ અને શ્રદ્ધાપૂર્ણ ન હોય તો સાર્થક બનતું નથી.

[ અન્ય ધર્મમાં આવતું દ્રષ્ટાંત ]

પૃથ્વીનું પરિભ્રમણ કરતાં કરતાં નારદજી એકવાર એક ગામમાં એક ડોશીની ઝુંપડીમાં આવી ચડ્યા. જિંદગીનો કિનારો આવી જવા છતાં ડોશીને વૈતરું કરતાં જોઇને નારદજી બોલ્યા : "માજી! આ ઉંમરે પણ ભગવાનનું નામ લેવાને બદલે આ જ વૈતરામાં પડયાં છો તો પરભવમાં તમારી શું ગતિ થશે? પુણ્યની મૂડી વગર કઇ રીતે સુખી બનશો?"

"તો શું કરું?" માજી બોલ્યા.

"ભગવાનની ભક્તિમાં લાગી જાવ અને છેલ્લી જિંદગી ભગવાનને ચરણે સમર્પણ કરી દ્યો." નારદજીએ કહ્યું.

પણ...મને કોઇ સંભાળવાવાળું તો છે નહિ એટલે જીવન


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

ચલાવવા ઉદ્યમ તો કરવો જ પડે તો વળી અમારાં જેવાં અભણ માણસને ધરમ કરતાં આવડે પણ શું ?

ઠીક છે, હમણાં વધુ ન બને. પૂરેપૂરો સમર્પણભાવ ન કેળવી શકાય તો કાંઇ નહિ; પરંતુ જે કાંઇ કામ કરો તે "કૃષ્ણાર્પણમ્' કરીને આગળ વધવું-એમ કરતાં પણ જીવનમાં આગળ વધી શકાય.

"ભલે એમ કરીશ." ડોશીએ નારદજીની વાતનો સ્વીકાર કર્યો. અને...નારદજી નારાયણ....નારાયણ કરતા ચાલી નીકળ્યા.

ડોશી બધાં જ કામો કૃષ્ણને અર્પણ કરવા લાગ્યાં. સવારના પહોરમાં ઘરનો કચરો કાઢી દરવાજા પાસે ભેગો કર્યો અને તેને "કૃષ્ણાર્પણમ્" બોલીને બહાર ફેંક્યો. કચરો સીધો કૃષ્ણના દરબારમાં જઇને પડયો.

શુદ્ધ દર્પણ જેવા ફરસ ઉપર કચરો વેરાયેલો જોઈ કૃષ્ણજી ચોંકી ઉઠયા. અરે....કચરો અહીં કયાંથી આવી પડયો ? જરૂર આ નારદજીનું કામ હશે !

રોજ આ રીતે બનવાના કારણે શ્રી કૃષ્ણજી પરેશાન થઈ ગયા અને નારદને કહેવા લાગ્યા:

"અરે નારદજી ! આ શું ધંધો માંડયો છે ?"

કેમ આમ બોલો છો પ્રભુ !

અરે...આ...રોજ આવી પડતા કચરાથી તો પરેશાન થઈ ગયો છું !

શું તમે કોઈ અબુધને પ્રતિબોધ કર્યો છે ?

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

હા...હા...એક ડોશીને તેમણે [illegible] સરળતાથી [illegible]રી શકે માટે કહ્યું હતું જે કાંઈ કાર્ય કરે તે "કૃષ્ણાર્પણમ્" કરીને આગળ વધવું.

આ કચરો પણ...મને...શ્રીકૃષ્ણ બોલતાં બોલતાં અટકી ગયા.

અને...નારદજી હસી પડયા.

ત્યાંજ બન્નેની વચ્ચે ધબાક કરતું કાંઇક પડયું એ જોઈ શ્રીકૃષ્ણજી એકદમ અકળાઈ ઉઠયા નારદજી હસવુ રોકી ન શકયા.

બન્યુ એવું કે ડોશી જંગલ ગયા હતા શંકા દૂર કરતાં કરતાં કૃષ્ણાર્પણમ્...કૃષ્ણાર્પણમ્...નું રટન કરે જતાં હતાં એથી બધી વીષ્ટા શ્રીકૃષ્ણના પાસે આવી પડી.

ડોશીની આવી પ્રવૃત્તિથી નારદજી એકદમ ગુસ્સે થઈ ગયા. અને શ્રી કૃષ્ણજી પાસેથી નીકળી સીધા ડોશીના ઘેર આવ્યા. ગુસ્સામાં ને ગુસ્સામાં ડોશીના ગાલ ઉપર જોરથી તમાચો લગાવી દીધો. ગાલ પંપાળતા પંપાળતા ડોશી બોલ્યાં: "કૃષ્ણાર્પણમ્." ત્યાં જ શ્રી કૃષ્ણના ગાલ પર જોરથી તમાચો વ.ગ્યો અને ગાલ પંપાળવા લાગ્યા.

નારદજી ડોશીને ઠપકો દેવા લાગ્યા: "આ રીતે તુચ્છ વસ્તુઓમાં કૃષ્ણાર્પણમ્ કરાતું હશે?"

તમે તો કહ્યું હતું કે બધી વસ્તુમાં "કૃષ્ણાર્પણમ" કરીને આગળ વધવું, એ રીતે હું કરૂં છું એમાં મારો શું દોષ?

નહિ....નહિ....એમાં પણ વિવેક જોઇએ, વિવેક વગર કરાયેલી

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

ક્રિયા ફળદાયી બનતી નથી, માટે શ્રદ્ધાની સાથે વિવેક અને સમજણ-પૂર્વક ભગવદ્ભક્તિ કરો કે જેથી જીવનમાં કાંઇક પ્રાપ્ત કરી શકાય.

અને...નારદજી ઉપડયા સીધા શ્રીકૃષ્ણના દરબારમાં. ગાલપંપાળતા શ્રીકૃષ્ણને જોઇ બોલ્યા. અરે...પ્રભુ ! શું થયું ? શ્રીકૃષ્ણજીએ તમાચો વાગવાની વાત કરી ત્યારે નારદજી ખૂબ હસ્યા...ખૂબ હસ્યા...

ઉપભોગની તુચ્છ વસ્તુઓ નહિ સંપૂર્ણ જીવન જ્યારે સમર્પિત કરવામાં આવે ત્યારે જ એમાંથી ઉત્પન્ન થતો આનંદ અનુભવવા મળે છે.

✲

દુનિયાની બજારોની તેજીમાં ભલે કમાઈ લેશો પણ...એ કમાણીમાંથી બનાવાયેલી મુડી ઉપર કરાતા તાગુડધિન્ના બધા પુદ્ગલના ખેલ જ સમજી લેજો, પડદો ખુલ્લો છે ત્યાં સુધી એ ખેલનો આનંદ માણી શકશો. પડદો પડતાં "ખેલ ખતમ પૈસા હજમ" જેવું થઇ જશે પછી હતા તેવાને તેવા બની જશો. માટે જ પુદ્ગલના ખેલના તમાસાને જોવા કોઇ લલચાશો મા, એના ઉપર બહુ માયા બાંધવામાં કશો માલ નથી.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tattvagyanshala

# માતાની વાત્સલ્ય ભરી લાગણી પથ્થર હૃદયી પુત્રને પણ પીગળાવી દે છે

**માતા-પુત્રની દર્દભરી છતાં સુખદ અંતવાળી, પુત્રો અને પુત્રવધુઓને સન્માર્ગ પ્રેરક એક આદર્શ કહાની.**

દુનિયામાં સાચું સગપણ જો ગણાતું હોય તો માતાનું ગણાય છે. પુત્ર સુપુત્ર હશે કે કુપુત્ર છતાં માતાની વાત્સલ્યભરી દ્રષ્ટિમાં કે પ્રેમ વરસાવતા હૃદયમાં જરાય ઓટ નહિ આવે અને પ્રકૃતિમાંથી પ્રગટેલી લાગણી ઉન્માર્ગે ચઢી ગયેલા પુત્રને સન્માર્ગે લાવવા અગત્યનો ભાગ ભજવે છે.

એક ગામમાં એક શેઠ રહેતા હતા. પરિવારમાં પત્નિ અને એક પાંચ વર્ષનો પુત્ર હતો. મધ્યમ સ્થિતિમાં આ નાનો પરિવાર જીવનકાળને પસાર કરી રહ્યો હતો.

કાળની ગતિને કોઇ પારખી શકતું નથી. કર્મની સત્તા આગળ કોઈનું ચાલતું નથી.

એક દિવસની પ્રભાત આ નાના પરિવાર માટે કલ્પાંત કરાવનારી બની. યમરાજના ઝપાટાના ભોગ બનેલા શેઠ એકાએક મૃત્યુની ગોદમાં સમાઈ ગયા. શેઠના જવાથી નિરાધાર બનેલા પુત્ર અને તેની માતા હૃદયને હચમચાવી નાખે તેવો કરુણ કલ્પાંત કરવા લાગ્યાં. સગાંઓ તો આશ્વાસન આપી ચાલ્યાં ગયાં. ઘર-વ્યવહાર અને પુત્રને સંભાળવાનો ભાર પોતાના માથે આવી પડયો.


www.jaintattvagyanshala.org

Acharya Shri Vijay Surendrasuriswarji Jain Tatvagyanshala

પોતાના માથે આવી પડેલી આગળની ફરજ ધ્યાનમાં લઈ શેઠાણી પતિવિરહના શોકમાંથી બહાર આવી ફરજ અદા કરવા સજાગ બન્યા.

હવે એક આધાર સ્થંભસમાન પુત્રને આગળ વધારવા માતાએ પોતાની પ્રથમ ફરજ સમજી તેને ભણાવવા–ગણાવવા તરફ લક્ષ્ય આપવા માંડયું.

પતિ કોઇ માલ–મિલ્કત કે મુડી મુકીને ગયા ન હતા કે જેના વ્યાજમાંથી પત્નિ–પુત્ર જીવન ગુજારી શકે. એટલે વિધવા પત્નિએ પોતાનાં ઘરેણાં અલંકારો વેચીને આર્થિક ભીંસ ઓછી કરવાના પ્રયત્ન કર્યા પણ નવી આવક બંધ થઇ અને જાવક ચાલુ હોય એ કયાં સુધી ચાલે !

પુત્રના ભવિષ્યને ઉજ્જવળ બનાવવા માટે માતા બનતું બધું કરવા તૈયાર થઈ ગઇ.

સગાંની સગાઈ ત્યારે જ દેખાઇ આવે છે જ્યારે માણસ ચારે તરફથી પ્રતિકુળ સ્થિતિમાં ઘેરાઈ ગયેલો હોય અને સગાં વગર બોલાવે દોડી આવ્યાં હોય. અને ત્યારે જ સત્ય સ્વરૂપનું ભાન થાય છે કે સગાંઓની સગાઇ માનવ સાથે છે કે માનવની સંપત્તિ સાથે.

પતિના સ્વર્ગગમન બાદ પરિસ્થિતિ એકદમ કથળી ગઇ. સુખ સાહ્યબી દોમદમામ દારિદ્રવસ્થામાં પલ્ટાઇ ગયા બે ટંક ભોજનના ફાંફાં પડયાં ત્યાં એકના એક પુત્રને ભણાવવાની વાત તો કયાંથી બની શકે.

જીંદગીના આશરા સમાન પુત્રને તૈયાર કરવા માતાએ શેઠના

ઘરે એ [illegible] માંજવાની અને [illegible] ની [illegible] નોકરી
છતાં કોઇ સગાંની આંખમાં દયા ન દેખાણી.

Aacharya vijay amitsurendrasuri gyan mandir tatvagyanshala

પોતે ભુખી રહી પેટે પાટાબાંધી પુત્રને તૈયાર કરવા માતા દિન-રાત એક કરવા લાગી.

ભણતરની ચીવટ અને હોંશીયારીથી વિધવા માનો પુત્ર ડોકટર બન્યો.

પુત્ર ડોકટર બન્યાથી માને ભાવિ સુખનાં સ્વપ્નાં આવવા લાગ્યાં પુત્રને સારા ઘરની દીકરી સાથે પરણાવીશ, ઘરમાં વહુ આવશે અને હું શાન્તિથી ભગવાનનું ભજન કરીશ.

એક દિવસ માએ પુત્રને પાસે બેસાડી કહ્યું. બેટા ? મારા જીવનનો હવે કોઇ ભરોંસો નથી પરલોક જવાના દિવસો ગણાઇ રહ્યા છે. વળી તું ભણીને તૈયાર થયો એથી મારા આત્માને ખૂબ સંતોષ થયો છે. હવે વહુનું મોઢું જોઇને જાઉં તો મારી છેલ્લી ઇચ્છા પુરી થશે.

મા ! તારી વાત સાચી છે, પણ હજુ શું ઉતાવળ છે ! જોઈએ તેવી આવક થાય પછી બધું વિચારશું, પુત્રે વાત ટાળતાં કહ્યું.

બેટા ! તારા પિતા ગુજરી ગયા પછી આપણી સ્થિતિ કેવી બની ગઈ હતી, તે તો તું જાણે છે ને ? છતાં તું ડોકટર બન્યો ને ! અને આવક તો આજ નહિ તો કાલ થવાની જ છે ને !

અને માના આગ્રહથી સારા ઘરની રૂડી રૂપાળી છોકરી સાથે તેનું ધામધૂમથી લગ્ન થયું.

કોડભરી કન્યાએ ઘરઆંગણે પગ મૂકતાં વૃદ્ધ મા હરખાઈ ઉઠયાં.

www.jaintatvagyanshala.org

Aacharya Vijayshri Surendrasuriswarji Jain Tatvagyanshala
માનેલી નવી આશાઓ ફળી હોત તો દુઃખ જેવી કોઈ વસ્તુ જ ન રહેત.

થોડો સમય પસાર થયો ત્યાં ભણેલી વહુને અભણ સાસુ ઉપર અણગમો થવા લાગ્યો. જૂના માણસો મર્યાદા, આચાર, વિચારને વધુ માને એટલે સાસુની વાતો ટક-ટક જેવી લાગવા માંડી.

ઘરના કામકાજમાં ધ્યાન આપવાનું, મહેમાનો આવે ત્યારે તેની સરભરા કરવાનું સાસુ વહુને કહેવા લાગ્યાં. પણ નવા જમાનાની ભણેલી વહુને એ બધું ક્યાંથી ગમે. એ મનમાં ધુંઆકુંઆ થવા લાગી.

શું આવા વૈતરાં કરવા મારા મા-બાપે મને ભણાવીને મોટી કરી છે ? શું મને નોકરાણી સમજે છે ?

અને...એક દિવસ સાસુની શીખામણ સાંભળી વહુનો મિજાજ ગયો અને સાસુ સામે તાડૂકીને બોલી.

હું અણસમજુ બાળક નથી સમજ્યાં ને ? મારે શું કરવું ને શું ન કરવું એ મને ખબર પડે છે ! તમે તમારે એક તરફ પડયા રહો, મારી વાતમાં માથું ન મારવું.

વહુના મનમાં થઇ ગયું કે આ ડોશીને બોલતી બંધ નહિ કરું તો મારે માથે ચડી જશે.

વહુના સામે બોલવાના અને અપમાન કરવાના સ્વભાવથી સાસુએ બોલવાનું બંધ કર્યું.

વહુ તરફથી થતા કલેશ-કંકાશને ડોશી સહન કરવા લાગ્યાં. જે આશા સાથે પુત્રના લગ્ન કરી વહુને ઘરમાં લાવવાના કોડ કર્યા હતા તે બધા ધોવાઇ ગયા.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

મે।જશોખમાં પૂરી, તે પતિ પાસે પણ હદ ઉપરાંત ખર્ચ કરાવડાવતી. તેની માગણીમાં જો પતિ પણ જરા આનાકાની કરે તો મિજાજ આસમાને ચડી જતો. ઘરને ભર્યુંભાદર્યું બનાવવાને બદલે કલુષિત બનાવી દીધું. સમયના વહેણને કોણ બદલી શકે છે ?

પોતાનું ધાર્યું કરાવવા માટે, પોતાની છાપ પતિ ઉપર પાડવા વહુએ સ્ત્રીચરિત્ર રચ્યું.

એક દિવસ સાંજના સમયે મોઢું ચડાવી ઘરની રૂમના એક ખૂણામાં જઈને તે સૂઇ ગઇ. મોડી રાત્રે પતિ જ્યારે ઘેર આવ્યો ત્યારે પત્નિ નહિ દેખાતાં ઘરની રૂમોમાં તપાસ કરી તો એક ખૂણામાં તેને સુમસામ સૂતેલી જોઈ. મા પણ બહારની પરસાળમાં સુઇ ગઇ હતી.

પત્નિ પાસે જઇ પીઠ પર વહાલથી હાથ ફેરવતાં પુછ્યું. આજે આમ કેમ સુઈ ગઈ છે ?

જવાબ આપવાને બદલે તે જોરથી રડવા માંડી. પત્નિની આંખમાં આંસુ જોઈ તેનુ દીલ વધુ પીગળી ગયું.

અરે...પણ...કહેતો ખરી આજે તને શું થયુ છે ? આમ રડવાથી ઓછો રસ્તો નીકળવાનો છે પતિએ આગ્રહથી પુછ્યું.

નકલી વસ્તુમાં ચળકાટ વધારે હોય છે વહુએ પણ સ્ત્રીચરિત્ર રચ્યું હતું.

આંખમાંથી નીકળતા આંસુ સાથે જ તે બોલવા લાગી આ તમારી માથી હવે તો હું ત્રાસી ગઇ છું બધાંની પાસે તે તમારીને મારી હલકાઇ કરે તે ક્યાં સુધી સહન થાય ? શું હું અહિં નોકરડી બનીને આવી છું કે આખો દિવસ આમ કરને તેમ કર કર્યા જ કરે છે. માટે આજે તો હું ફેંસલો કરવા માગું છું.

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

પત્નિની અશ્રુભિનિ કહાની સાંભળી પતિ ગુસ્સાથી લલચોળ થઈ ગયો પત્નિના મોહમાં અંજાઈ તેને આશ્વાસન આપી તરત ઘરની પરસાળમાં આવ્યો.

એક...બે...ને ત્રણ...તરત જ નિર્ણય લઈ લીધો.

ઉઠ...! ચાલી જા મારા ઘર આંગણેથી રોજબરોજ કલેશ કંકાશ કરી કરીને પરેશાન કરી નાખી એ સુખી ઘરની કુમળી વહુને ! ઉંઘમાં પડેલી માને બે હાથ પકડી ઉભી કરી ભયંકર અપમાન કરી રાતોરાત ઘરથી કાઢી મુકી.

માતાના પરમ ઉપકારને, પેટે પાટા બાંધીને અને પારકા ઘરની નોકરી કરીને વાત્સલ્યના નિર્મળ વહેણમાં જેણે નવડાવ્યો તેને આજે ગઈ કાલે આવેલી પરઘરની કન્યાના ભોગે ઠોકરે મારી.

આહા...હા ! સ્વાર્થની કેટલી હદ સુધી અધમતા !

કકળતાં હૈયે વૃદ્ધ માતા લાકડીના ટેકે ટેકે આગળ વધવા લાગી. આધાર વિનાની બની ગયેલી તે નિરાધાર બની ખભે જૂના ગાભાની થેલી લઇ ચાલી જાય છે.

જેની બન્ને આંખોમાંથી શ્રાવણ–ભાદરવો વરસી રહ્યો છે એવી એકલી અટુલી માને જતી જોઈ પત્નિના ગુલામ પુત્રના હૃદયમાં જરાય હીચકીચાટ થતો નથી–ત્યાં હૃદયમાં કુણી લાગણી કયાંથી ઉદભવે ?

વૃદ્ધ માતા થોડે દૂર ગયાં ત્યાં સામેથી આવી રહેલી જુની બહેનપણીને જોઇ. વર્ષો પછી મળેલી સખી તેને પરાણે પોતાના ઘેર લઈ ગઇ. થોડીવાર પછી આવાં ટાણે થેલી ખભે નાખી ચાલી નીકળવાનું કારણ પૂછ્યું.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswerji Jain Tatvagyanshala
ગમે તેમ તોય પેટનો દીકરો હતો એટલે વાત્સલ્યમયી મા ! તેનું ઘસાતું ઓછું બોલે ? આડીઅવળી વાતો કરી વૃદ્ધાએ મૂળ વાત ટાળી દીધી. એ વિચારવા લાગી, વહુનો ચડાવ્યો દીકરો ચડી ગયો છે. કાલે ભૂલ સમજાતાં પાછો વળશે.

જમવાની ઇચ્છા નહિ હોવા છતાં બહેનપણીના આગ્રહથી બે–ચાર કોળિયા જેટલું જમી લીધું અને પાથરી આપેલ પથારીમાં લંબાવ્યું. અપમાન, તિરસ્કાર, દુઃખથી ભરાઇ ગયેલા મનને ખાલી કરવાનું બીજું કોઈ સ્થાન તો હતું નહિ, એટલે પથારીમાં સુતાં સુતાં જ આંસુ વહાવીને મનને હળવું કર્યું. સાડીના પાલવ વડે આંખો લુછી નિંદ્રા લાવવાનો નિષ્ફળ પ્રયાસ કરવા લાગ્યા. અંતે પાછલી રાતના ઠંડા પહોરે નસકોરાં બોલવા માંડયાં.

આ તરફ માના ચાલી ગયા બાદ પુત્રે એટલો પણ માનસિક વિચાર ન કર્યો કે મારી મા કયાં ગઈ હશે ? શું કરતી હશે ? ઘડપણમાં કયું ઘર આશરારૂપ બન્યું હશે ?

બીજા દિવસે સવારે બહેનપણીના ઘરેથી નીકળી એક નાની ઝુંપડી ભાડે રાખી વૃદ્ધ મા ! તેમાં જીવન ગુજારવા લાગી.

જીવન નિચોવી ડોકટર બનાવેલા પુત્રની યાદ આવતાં જ માની આંખ આંસુથી છલકાઇ ઉઠતી. મારો પુત્ર શું કરતો હશે ? એવા વિચારે ભોજન ઝેર જેવું બની જતું હતું. અશક્ત શરીર અને ઘવાયેલું હૃદય આ રોજની માનસિક પીડા કયાં સુધી સહન કરી શકે ?

એક દિવસનું પ્રભાત પ્રગટયું. વૃદ્ધ મા પથારીમાંથી ઊભા થવા ગયાં પણ ઊભું ન થઇ શકાયું. શરીર તાવથી ધખી રહ્યું હતું. હાથ–પગ ધ્રુજી રહ્યા હતા. ઊભા થવું કઠીન લાગવાથી ફરી ઓઢીને સુઇ ગયાં પાડોશીના છોકરાએ માજીને હજુ સૂધી સુતેલાં જોઇ

www.jaintatvagyanshala.org

Aacharya Vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

માથાળુ … બોલ્યો.
મા…મા…

માજી તો જાગતાં જ હતાં કોઈનો બોલાવવાનો અવાજ સાંભળી માથું ખુલ્લુ કર્યું અને બોલ્યાં હાં…બેટા ? શું છે ?

આજે કેમ હજુ સુધી સુતાં છો ? તબીયત ઠીક નથી ?

ના…ના…આમ તો ઠીક છે. વૃદ્ધાવસ્થા જ એવી છે બેટા ! શરીરનું કહ્યું માનવુ પડે છે. પાડોશીના છોકરાને સગાપુત્રની જેમ સેવા કરવાની ભાવના જોઈ તેને પોતાનો પુત્ર યાદ આવતાં તે ભાંગી પડી.

પાડોશીના પુત્રે માજીના કપાળ ઉપર હાથ મુકતાં જ ચમકી ગયો. મા…તમારું શરીર તો વૈશાખના તાપ જેવુ ધખી રહ્યું છે. દવા લીધા વગર છુટકો નથી.

દવાને શું કરવી છે બેટા ! ઇ તો બે 'દિ' લાંઘણ કરીશું એટલે સારું થઇ જશે.

પણ…તમારે કયાં બીજે જવું પડે તેમ છે ? કે પૈસા ખર્ચવા પડે તેમ છે તમારો પુત્ર જ ડોકટર છે ને ? ચાલો હું તમને લઇ જાઉં.

અને…માજીનો હાથ પકડી ધીમેધીમે તે તેમના પુત્ર ડોકટર પાસે લઈ ગયો.

પોતાની માને આવેલી જોઇ ગમે તેવો કપાતર પુત્ર હોય તો પણ માની આવી દયાજનક હાલત જોઈ દ્રવિ ઉઠે. હૈયુ ઝાલ્યુ ન રહે. પણ…જેના હૃદયમાં લાગણીની સરવણીઓ સુકાઇ ગઈ હોય તેને શું અસર થાય ?


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

બીજા પેસન્ટોની જેમ માજી પણ લાઈનમાં બેસી ગયાં નંબર આવતાં દીકરા ડોકટરે દરદી માને તપાસી ઈન્જેકશન આપ્યું દવા આપી અને પોતાનો જાણે કોઈ સંબંધ જ ન હોય તેમ દવાનું બીલ માના હાથમાં પકડાવ્યું.

ધ્રુજતા હાથે દવાનું બીલ માએ લઇ લીધું હદનું ઉલ્લંઘન કરી ગયેલી પુત્રની ભાવનાથી તેનું હ્રદય કકળી ઉઠયું. અરે...દીકરાને ડોકટર આ માટે મેં બનાવ્યો હતો ? જે સગીમાની સામે બીલ ધરતાં અચકાતો નથી એ બીજાની શું સેવા કરવાનો હતો ! દેવ જેવા દીકરાને આજે પત્નીના પાપે દાનવ બનાવી દીધો છે નહિતર શરીરની ચામડીના જોડા સીવીને પહેરાવવા છતાં જેનો ઉપકાર વાળી ન શકાય. એવી માતાની સામે વિષ્ટા-મૂત્ર સાફ કરી મોટો કરેલો પુત્ર દવાનું બીલ ધરે ! ધુળ પડી એ જ્ઞાનમાં અને એ...જ્ઞાનદ્વારા મેળવાતા પૈસા ઉપર તાગડધિન્ના કરતા જીવનમાં ?

બીલ લઈને માજી ઝુંપડીએ પહોંચ્યાં અને પાડોશીના પુત્રને કહ્યું: "બેટા ! કાગળ-પેન્સીલ લઇને મારી સામે બેસ, અને હું લખાવું તેમ લખ."

અને...પુત્રની સાન ઠેકાણે લાવવા લખાવવું ચાલુ કર્યું.

રૂા. ૧૧૦૦] તને નવ મહિના પેટમાં રાખી ભાર ઉપાડયો તેના.

રૂા. ૨૧૦૦] તને ભણાવ્યો-ગણાવ્યો, મોટો કર્યો તેના.

કુલ રૂા. ૩૨૦૦] ના મારા બીલમાં તારા દવાના પૈસા બાદ કરીને બાકીના પૈસા મને મોકલી આપજે. લી. તારી મા...

આ લખાણ સાથે પોતાનું બીલ ડોકટરને મોકલાવી દીધું.


www.jaintatvagyanshala.org

Aacharya Shri Surendrasuriswarji Jain Tatvagyanshala

ડોક્ટરના [illegible] એકવાર... બે વાર... ત્રણ વાર....! અને જાણે કોઈ જાદુઇ અસર થઈ હોય તેમ તેના ભાવોનું પરિવર્તન ઝડપભેર થવા લાગ્યું. નિષ્ઠુર બનેલું હૃદય પીગળવા લાગ્યું. અંતર આત્મા પોકારી ઉઠયો : "અધમ ! તેં આ શું કર્યું ? લોહીનું પાણી કરી, જે માએ તને તૈયાર કરવા કેટકેટલા કષ્ટ વેઠયા ! એ માતાને તેં કૂતરાની જેમ ધુત્કારી કાઢી ! અરે....રે ! બુદ્ધિનું દેવાળું કાઢી આબરૂનું લીલામ કર્યું ! પત્નિના ચેનચાળા અને હાવભાવમાં લપેટાઈ પત્નિને ખુશ રાખવા મેં વ્હાલી માને ભર ઉંઘમાંથી ઉઠાડી નિરાધાર છોડી દીધી !"

અને....પોતાની ભૂલના પશ્ચાતાપમાં ડોકટરની આંખોમાંથી દડદડ આંસુ સરી પડયાં. દવાખાનું બંધ કરી પૂછપરછ કરતો તે પોતાની માની ઝુંપડીએ પહોંચ્યો.

મા....મા....મા ! મહાઅપરાધી હું તારો પુત્ર આવ્યો છું ! ભીંતભૂલેલા મેં તને ઘણું કષ્ટ આપ્યું છે ! ક્ષમા કરજે મા ! માના ખોળામાં આંસુ નાખતો પુત્ર નાના બાળકની જેમ મુક્તમને રડતો અપરાધની માફી માગી રહ્યો છે. માતા વહાલથી તેની પીઠ ઉપર હાથ ફેરવતી રડી રહી છે. બન્નેના આંખમાં આંસું છે :

એકની આંખમાં વાત્સલ્યના....!
એકની આંખમાં પશ્ચાતાપના....!

મા ! તારૂં બીલ હું ચૂકવી શકું તેમ નથી. છતાં બને તેટલી સેવા કરવામાં હવે પાછળ નહિ જોઉં. ચાલ ઘરે, મા ! ચાલ ઊઠ ! છોડ આ ઝુંપડાને....!


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tattvagyanshala

બે[illegible] વહૂને પુછ્યું છે ?

શું કહ્યું મા ? વહૂને પુછ્વાનું ? જેણે પોતાના સ્વાર્થ ખાતર જનેતાને દુઃખ દીધું એવી વહૂને પુછ્વાનું ?

ના...ના...એની હવે કોઇ કિંમત નથી ! એ ઘર તારૂ છે મા હવે તું કહીશ તેમ એ ઘરમાં થશે. ચાલ...મા...!

અને...પુત્ર માને ઘેર લઈ આવ્યો. અને પત્નીની સામે જોઇ બોલ્યો. જો આજે બાને લઇને આવ્યો છું આ ઘરમાં હવે પહેલાં બા અને પછી તું હવે તારે રહેવું હોય તો રહી શકે છે જવુ હોય તો કોઈ ના નથી માની સેવા તારે કરવી પડશે.

પુત્રે પોતાની વહૂને સીધું જ અલ્ટીમેટમ આપી દીધુ વહૂ સમજી ગઈ કે હવે પતિના હૃદયનું પરિવર્તન થઇ ગયું છે એટલે કશું ચાલે તેમ નથી.

તે ઠાવકી થઇ બોલી. તમારી મા તે મારી પણ મા પુત્રવધૂના કર્તવ્યને પહેલાં જ સમજી હોત તો મારા હાથે આવો કર્તવ્યભ્રષ્ટ પ્રયાસ ન થયો હોત. પણ ગઇ ગુજરી ભૂલી જાઇ જાગ્યા ત્યારથી સવાર માની આપણા કર્તવ્ય અને ફરજ ને અદા કરીયે.

અને ત્યારથી વાત્સલ્યમૂર્તિ માતાની સહન શીલતાથી, પુત્રની કર્તવ્ય નીષ્ઠાથી અને પુત્રવધૂની સેવા–વીનયથી ઘર સ્વર્ગ બની ગયું.

સાચું સગપણ ધર.વતી માતાની સેવા કરવાનું કયારે ય ભૂલશો નહિ.

"ભૂલો બધું ભલે પણ મા–બાપને ભૂલશો નહિ."
"છોડી ભલે બધું સદા ધર્મને છોડશો નહિ."

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyan...

# એ... મુનિએ... સાધનાની સિદ્ધિના શિખરને શર કર્યું



તગરા નામની સમૃદ્ધ નગરીમાં ધનવાનના મહેલોની શ્રેણીમાં સમૃદ્ધશાળી દત્તશેઠની વિશાળ હવેલી આવેલી હતી. દત્તશેઠના પરિવારમાં ભદ્રા નામની પત્ની અને અરણિક નામનો નાનો પુ' હતો. પાર વગરની સંપત્તિની ઉછળતી છોળોમાં શેઠ–શેઠાણી અ' પુત્રનું જીવન સુખમય પસાર થઈ રહ્યું હતું.

ભગવાનની વાણી સાંભળીને દત્તશેઠ અને ભદ્રા શેઠાણીને વૈરા : ભાવના જાગૃત બની. પણ નાના અરણિક ઉપરનો મોહ અને પો[illegible] સાધુ બન્યા પછી પુત્રના સમગ્ર જીવન માટેની ચિંતાને લઈ મન[illegible] મુંઝવણ વધી જતી હતી.

સંપત્તિ અને પુત્ર નજીકનાં સગાંને સોંપી સાધુ બનવા[illegible] વિચારનો ઝબકારો થઇ જતો પણ....પાછું મન અનિશ્ચિત બ[illegible] જતું કે રે....આજે ધન અને પુત્ર સગાંઓને સોંપીને નિકળ્યા પ[illegible] એ સગાંઓ લક્ષ્મીમાં લોભાઇને પુત્રને દુઃખના ડુંગરાઓમાં ધ[illegible]ી દેશે અને તેના જીવનને પાયમાલ કરી નાખશે.

ઉલ્ટાસુલ્ટા વિચારો બાદ બન્ને એક વિચારમાં આવ્યા કે [illegible]ણે જણાએ સાથે સાધુ બનવું.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

અને..., એ શુભ દિવસની પ્રભાતે માતા–પિતા અને પુત્રની ત્રિપુટી અપાર વૈભવને ઠોકરે મારી સંસારીમાંથી સાધુ બન્યા.

સુકોમળ નાના અરણિક મુનિને દત્તમુનિ એવી રીતે સાચવે છે કે તલવારની ધાર જેવું સાધુજીવન આકરૂં ન લાગે. સાથેના બીજા મુનિઓ કહેતા ત્યારે દત્તમુનિ જવાબ આપતા કે હજુ તો નાનું બાળક છે. મોટા થશે પછી પોતાનું કામ જાતે કરશે.

જીવનની પળો પાણીના રેલાની જેમ પસાર થઇ રહી છે. અને એ કાળઝાળ રાત્રિએ દત્તમુનિ સમાધિપૂર્વક સ્વર્ગવાસિ બન્યા. અરણિકમુનિનું શિરછત્ર હવામાં વિલીન થઇ ગયું–છત્રછાયા છીનવાઇ ગઇ.

વૈશાખ મહિનાના એ દિવસોમાં સૂર્યમાંથી ધગધગતા અંગારા જેવા કિરણો પૃથ્વી પર ફેલાઇ ગયા હતા. એ કિરણો વડે પૃથ્વી એવી તો તપી ગઈ હતી કે કોઈ પશુ–પંખી કે માનવ બહાર નીકળવા હિમ્મત કરતું ન હતું પૃથ્વીમાના પાણી સુકાઇને ઠેઠ ઉંડે ઉતરી ગયા હતા. સુકાઈને ઠુંઠા જેવા બની ગયેલા ઝાડો રાત્રે ભય ઉપજાવે તેવા બની ગયા હતા. આવા દિવસોમાં એક દિવસની મધ્યાહને અતિકોમળ અરણિકમુનિને ભિક્ષાર્થે નીકળવું પડયું. સાથે બીજા બે મુનિઓ પણ હતા. કસાયેલ અને ટેવાયેલા બન્ને મુનિ આગળ નીકળી ગયા, પણ પેલા અરણિકમુનિ પાછળ રહી ગયા. શરીર તો પરશેવે રેબઝેબ બની ગયું છે. ઉપર સૂર્યનો તાપ નીચે ધરતીનો તાપ અરણિકમુનિથી સહન ન થઇ શકયો. તેથી રસ્તા પરની એક હવેલીની છાયામાં ઉભા રહેવા મુનિ દોડતા દોડતા ત્યાં આવી ગયા.

મુનિના મનમાં પિકચરના રોલની જેમ વિચારોનો રોલ ફરવા માંડયો. કદીયે દુઃખનાં દર્શન નહિ કરેલા મુનિને આજે નાનું દુઃખ અસહ્ય લાગવા માંડયું,

www.jaintatvagyanshala.org

Aacharya Shri Vijay Surendrasuriswarji Jain Tatvagyanshala

આ તરફ જે હવેલીના છાયામાં મુનિ ઉભા હતા એ હવેલીમાં ભામિનીનો પતિ વર્ષોવિતી ગયા છતાં પરદેશથી પાછો આવ્યો ન હતો અને ફાટફાટ યુવાનીના ઉંબરે ઉભેલી ભામિનીની કામવાસનાઓ ભડકે બળી રહી હતી. હવેલીની અટારીયેથી નીચે ઉભેલા રાજકુંવર જેવા મુનિને જોઇને વાસનાએ માઝા મુકી. વાસનાની ભૂખને સંતોષવા મુનિને પોતાના પંજામાં સપડાવવા નિર્ણય કર્યો.

ગૌરી...? જા તો નીચે ? હવેલીની છાયામાં ઉભેલા મુનિને ઉપર બોલાવી લાવ ભામિનીએ દાસીને ઓડર કર્યો.

આજ્ઞાના અમલ માટે દાસી નીચે ઉતરીને મુનિ પાસે આવી. હાથ જોડી બોલી.

પધારો...? મુનિરાજ ? આપને ભિક્ષા આપીને અમે કૃત–કૃત્ય બનીશું.

સરળ અને નિર્દોષ મુનિ દાસીના આગ્રહથી ઉપર ગયા ભામિનીએ પહેલાં તૈયાર કરેલાં જાત જાતનાં પકવાનો ફરસાણો મુનિના પાત્રમાં આગ્રહ પૂર્વક ભરી દીધાં.

ભિક્ષા આવી જવાથી અરણિકમુનિ હવેલીનાં પગથિયાં ઉતરવાની તૈયારી કરે છે ત્યાં જ ભામિની મીઠા મધુર વચનો વડે મુનિને ઉભા રાખીને કહે છે.

મુનિવર...? આવા ધોમધખંતા તાપમાં કયાં જાવ છો ? આ મારી હવેલીમાં મોટા મોટા ખંડો ખાલી પડયા છે અહિં બેસીને વાપરી લ્યોને ? તાપ ઓછો થયા પછી જજો.

તાપથી પરેશાન બનેલા અરણિક મુનિ ભામિનીની વાણીમાં અટવાઇ ગયા. અને ત્યાં જ વાપરવા બેસી ગયા.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
[illegible] હવે મુનિને કાયમ માટે હવેલીમાં રાખવા વધુ માયાજાળ ખીછાવા લાગી.

ચેનચાળા કરતી ભામિની મુનિને કહેવા લાગી.

મુનિશ્વર ? કયાં તમારૂં સુકોમળ શરીર અને કયાં કઠોર સાધુ જીવન ? આવી નાની ઉંમરમાં શા માટે ? તરવાલની ધાર જેવું વ્રત લીધું છે ? રે...ઠંડી ગરમી સહન કરવી ? ઘર ઘર ભિક્ષા માટે ભટકવું ? શું આ તે કાંઇ સુખ છે ?

સુખ તો આપને અહીં મળશે ? આ વિશાળ હવેલી મારા જેવી મદમસ્ત યૌવના સેવા કરવાવાળી, ખાવા પીવાની અકબંધ સગવડતા એજ સુખ છે.

માટે હે મુનિ ? છોડી દ્યો એ વ્રતને મુકી દો એ કષ્ટમય જીવનને ?

આ હવેલી આ દાસી આપની જ છે ? નિઃશંકપણે એનો ઉપભોગ કરો.

ભામિનીની વાણીમાં મુનિ ફસાઇ ગયા વ્રતને વટલાવી વાસનાના ઉપભોગ સ્વીકાર્યા અલ્પસુખ ખાતર આપાર સુખને જતાં કર્યાં અને ભામિની સાથે વિષય વાસનામાં જીવન ડુબાડી દીધું.

આ તરફ કલાકો વીતિ ગયા દિવસ આખો પસાર થઈ ગયો અન્ય મુનિઓએ અને ભક્ત શ્રાવકોએ તપાસ કરવા છતાં અરણિક મુનિનો પત્તો લાગતો નથી. અને એ બધાને કલ્પના પણ કયાંથી આવે કે અરણિકમુનિ લલનાના લાલીત્યમાં લપેટાઇને રંગરાગમાં મ્હાલી રહ્યા છે.

એક તરફ મુનિની શોધ ચાલી રહી છે ત્યારે બીજી તરફ ભામિની મનમાન્ય પતિને કહી રહી છે.

www.jaintatvagyanshala.org

'નાથ ' આપે આ કષ્ટમય જીવનના માર્ગનો સ્વીકાર શા માટે
Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
કર્યો હતો ? થનગનતા યૌવનનો ઉપભોગ કરવાને બદલે સાધુ જીવન જીવવાનું પસંદ કેમ કર્યું ?

નહિ પ્રિયે ? તું ભૂલમાં છે ? સાધુપણું એ કષ્ટમય જીવન છે જ નહિ ? થનગનતા યૌવનમાં જ સાધનાની સિદ્ધિ મેળવવાની તાકાત હોય છે અને માનવ જીવનને સંસારના સુખો ભોગવવા પાછળ નહિ પણ આત્મસુખો મેળવવા પાછળ ગાળનાર જ ખરેખર માનવ છે.

હવેલીના ગોખમાં અરણિકના ખોળામાં માથું નાખીને પડેલી ભામિની હાવભાવથી વાદ વિવાદ કરી રહી હતી ત્યાં જ...

અરણિક ઉપાશ્રયે નહિ આવવાના કારણે બેચેન બનેલી અરણિકની માતા સાધ્વીજીને ફાળ પડી શું ? મારો અરણિક પાછો નથી આવ્યો ? શું એને સાધુવેશ ત્યાગી દીધો હશે ? નહિ...નહિ... ખાનદાન કૂલનો મારો અરણિક આવું સાહસ કરે જ નહિ ? પણ મોહની માયાજાળમાં કોણ નથી લપેટાયા ? કદાચ સંસારથી અજાણ અરણિકને કોઈ લલનાએ ભોળવ્યો હોય તો ના નહિ–અને જો ખરેખર એ પતનના માર્ગે વળી ગયો હોય તો તેણે તેના જીવનને કૂળને સાધુપણાને કલંકિત કરી નાંખ્યું છે.

પુત્રની આવી અવદશાને લઇને માતા સાધ્વી ગાંડી બની ગઈ અને નગરની શેરીએ, શેરીએ, ગલીએ, ગલીએ, અરણિક ? અરણિક ? અરણિક ? ની બૂમ મારતી ઘૂમી રહી છે. જે મળે તેને પૂછે છે તમે નાનો રૂપાળો મારો અરણિક જોયો ?

સાધ્વીજીના આવા વર્તનથી નગરના છોકરાઓનું ટોળું જમા થઈ ગયું અને હુરિયો બોલાવવા લાગ્યું તમાસાને તેડું હોતું નથી.

www.jaintatvagyanshala.org

Aacharya Shri Surendrasuriswarji Jain Tatvagyanshala
અરણિક [illegible] મોટી વાનરસેનાને ગોખે બેસી ચોપાટ ખેલી રહેલા અરણિકે એક દિવસે જોઈ અને...ભામિનીના મદમા સુષુપ્ત બનેલો અરણિકનો આત્મા એકાએક જાગૃત બન્યો. માતાની આવી દર્દભરી સ્થિતિ જોઇને દિલ દ્રવી ઉઠયું ભામિનીના મોહપાશમાં ભલે સપડાયો પણ તેણે સાચા માર્ગના ખ્યાલને ગુમાવ્યો ન હતો. તેથી જ દિલ કકળી ઉઠયું રે...પારસમણિને છોડી આ પથ્થરને હું કયાં વળગ્યો.

હવેલીનાં સોપાનો સડસડાટ ઉતરી રસ્તા પરથી ચાલી જતી માતા પાસે જઇ તેના પગમાં પડયો.

મા...મા...? મા...? કહેતો ચોધાર આંસુએ રડી પડયો. મારા ખાતર તારી આવી પરિસ્થિતિ સર્જાઇ ગઇ ?

વાસનાની લાતે મારા સમગ્ર જીવનને રગદોળી નાખ્યું છે.

મા...મા...મા... મારૂં કલંકિત મુખ દેખાડી શકુ તેમ નથી.

અચાનક આવેલા પુત્રને જોઇને માતા હર્ષ ઘેલી બની ગઇ. બેટા અરણિક ? આ તેં શું કર્યું ? મેવા છોડીને મમરા ખાવા લલચાયો ?

મા...?સંયમ વિના સિદ્ધિ નથી એ ખરૂં ? પણ ખાંડાની ધાર જેવા સંયમના પરિષહો સહન કરવા હું સમર્થ નથી. તું કહેતો અણુસણુ સ્વીકારું પણ રોજે રોજના કષ્ટને સહન હું નહિ કરી શકું.

તો અણુસણુ સહેલું છે ? માતાએ કહ્યું.

www.jaintatvagyanshala.org

પુત્રના કલ્યાણની ભાવના વાળી માતાએ અણસણ કરવાનું સ્વીકાર્યું.
Aacharya Vijay Shri Surendrasuriswarji Jain Tatvagyanshala

હવેલી અને ભામિનીને પાછળ જોયા સિવાય જ ત્યાંથી સીધા ઉપાશ્રયે આવ્યા શરમ તો ઘણી હતી. પણ આત્મસાધના અર્થે ગુરૂ પાસે સાધુ વેશ ફરી ધારણ કરી ગુરૂ આજ્ઞા લઇ અણુસણનો સ્વીકાર કર્યો.

વૈશાખ મહિનાના ભયંકર તાપમાં ધગધગતી શીલા ઉપર ચતા સુઈ ગયા. થોડીવારમાં સુકોમળ ચામડી ગરમીથી તુટવા લાગી થોડા ટાઈમમાં જીવનને સંપૂર્ણ કરી સાધનાની સિદ્ધિનો શિખરને શર કર્યું.

**ધન્ય મુનિવર...**

*


# ....તેજી....મંદી

ખાવા પીવાની, મોઝ મજાની બાહ્ય પૌદ્દલીક વસ્તુઓના ભાવો દિન પ્રતિદિન વધતાં વધતાં આસમાનને આવી જવા લાગ્યા. અને બજારો તેજીમાં આવી ગયા. જ્યારે તપ–ત્યાગ–શીલ સદાચાર નિતિ ન્યાયરૂપ આભ્યંતર કીંમતી વસ્તુઓના ભાવ ગગડવા લાગ્યા, અને જીવનરૂપ બજારમાં મંદીની હવા ફુકાંવા લાગી.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# સંસારમાં સગું કોણ!



હે આત્મા ! જરા તો શોચ કે આ જગતમાં તારૂં કોણ સગું છે? કોઇ કોઇનું સગું નથી, જે સગપણો આપણે નજરે જોઇએ છીએ તે બધાં વ્યવહારનાં છે. "સુખ વેળા સજ્જન ઘણા, દુઃખ વેળા હો વીરલા સંસાર" તમારી પાસે પુણ્યની મૂડી હશે, પૈસો હશે, ત્યારે સૌ સો સો સલામ ભરશે, પરંતુ તે પુણ્યરૂપી મૂડી ખલાસ થઇને પાપનો ઉદય થયો કે સૌ રફુચક્કર. કોઈ જોવા નહિ મળે, સૌ સ્વાર્થનાં સગાં છે.

એક ગામમાં એક વાણીયો રહેતો હતો. તેની પત્ની પ્રેમાળ અને સુંદર હતી. આ દંપતી વચ્ચે અખૂટ પ્રેમ હતો. ગામમાં વાણીયાનો ધંધો ધોધમાર ચાલતો હતો. પૈસેટકે તેમજ બીજી બધી વાતે તેને લીલાલહેર હતી. આ બધી લીલાલહેર એક દુઃખ પાછળ તેને સુકી સુકી લાગતી હતી. શું દુઃખ? પરણ્યાને ઘણાં વરસો નીકળી ગયાં છતાં હજી તેમને સંતાન થયું ન હતું.

સુગુરૂની સેવા તથા કૃપાથી ઘણું સુખ પ્રાપ્ત થાય છે. (આશા અમર છે) આ વિચારે તેણે એક સદ્‌ગુરૂની સેવા કરવા માંડી "હે મહાપુણ્યવંતો એક વાત જીવનમાં જરૂર યાદ રાખજો કે ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ સેવાથી થાય છે, સત્તાથી નહિ. ગુરૂ ખરેખર જ્ઞાની હતા અને મહાયોગી–તપસ્વી હતા, વાણીયાની ભાવનાને તરત જ પારખી ગયા અને તેના હિત ખાતર સદ્‌ઉપદેશ સંભળાવી યોગવિદ્યા શીખવી.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

આપના શિષ્ય બનવાની ખૂબ ભાવના થાય છે. પરંતુ લાચાર છું! કારણ મારી પત્નીને મારા ઉપર અખૂટ પ્રેમ છે, મારી વગર તે જીવી શકે તેમ નથી. હું કયારેક દુકાનથી જમવા માટે જરા મોડો પડું છું ત્યારે તે મારી રાહ જોઈને ભૂખી બેસી રહે છે, અત્યન્ત પ્રેમના કારણે તેનો ત્યાગ કરતાં જરા ખચકાટ થાય છે, કદાચ તેનો ત્યાગ કરી હું સાધુ થઈ જાઉં તો તે બિચારીનું આ સંસારમાં કોણ? વાણીયો મોહરૂપી જાળમાં ઘણો ફસાઈ ગયો છે તે મહારાજ જાણી ગયા અને તે મોહરૂપ જાળમાંથી છોડાવવા ગુરુએ કહ્યું, ભાઇ! આ સંસારમાં કોણ કોનું સગું છે? સૌ સ્વાર્થના સગાં છે અને તારી પત્ની પણ સ્વાર્થની જ સગી છે. પણ મારી વાત તને જલદી ગળે નહિ ઉતરે. તેથી મારા વચનની ખાત્રી કરવા હું કહું તેમ તું કરજે તેથી તને બધો ખ્યાલ આવી જશે.

જો મેં તને યોગવિદ્યા શીખવી છે અને જીવને બ્રહ્માંડમાં કેવી રીતે ચડાવવો તે પણ શીખવ્યું છે તેથી તું જ્યારે ઘેર જમવા જાય ત્યારે તારા જીવને બ્રહ્માંડમાં ચડાવી મરી ગયાનો ઢોંગ કરજે અને બાદમાં અંતરચક્ષુથી જે ઘટના બને તે જોયા કરજે પછી મને કહેજે. વાણીયો ઘેર જમવા આવ્યો, તેની પત્નીએ તેના હાથ-મોં ધોવડાવ્યાં અને જમવા થાળી પીરસી, પ્રેમથી પવન નાંખતી પતિને જમાડવા લાગી.

વાણીયાએ બે-ચાર કોળીયા ખાઇને ગુરૂની આજ્ઞાનુસાર યોગ સમાધિ લગાવી દીધી. આંખો અદ્ધર ચડાવી દીધી. ખાતાં ખાતાં જ ઢળી પડયા.

અરરર! આ શું? પત્ની તો આ જોઇ હેબતાઇ ગઈ! સ્ત્રી


www.jaintatvagyanshala.org

સ્વભાવ પ્રમાણે ઢોંગ શરૂ કરી દીધી. રડવાનો અવાજ સાંભળી Aacharya vijay Shri Surendrasuriswarji Jain Tatvagyanshala આડોશી–પાડોશી ભેગા થઈ ગયા અને કોઈ વૈદ્યને બોલાવી લાવ્યું. વૈદ્યે કહ્યું, ખલાસ! હાર્ટફેલ થયું છે! વાણીયાની પત્ની તો છાતીફાટ રૂદન કરવા લાગી. ત્યાં ઉભેલા પાડોશીઓ વાણીયાના સગા–સંબંધીઓને બોલાવવા દોડયા. સૌ ગયા એટલે સૌના ભેગા થવાના કારણે માલ–મિલ્કત ઉપડી ન જાય તેથી પેટી, પટારા, તીજોરી, કબાટોને સાંકળચંદ–તાળાચંદને ચોકી કરવા બેસાડી દીધા. કોઇ કેવું હોય ને કોઇ કેવું હોય? શું ભરોસો?

પછી તેણે વિચાર કર્યો કે, હમણાં બધાં સગાં–સંબંધીઓ આવવા માંડશે, અને અગ્નિ સંસ્કાર કરતાં કરતાં સાંજ પડશે અને મેં તો સવારથી હજી ખાધું નથી, ભૂખી છું, લાવને જે ભાવે તે બે–ચાર કોળીયા ખાઈ લઉં. એમ કરી રસોડામાં જઇ ઉતાવળે કોળીયા પેટમાં નાખી દીધા.

આ બધું વાણીયો તો પોતાના યોગબળથી જોઇ રહ્યો હતો, અને તે વિચારી રહ્યો કે આ તે કેવી પત્ની છે? હું મરી ગયો છું તે તેને ખબર છે, છતાં પણ જમવા બેઠી છે? શું આવો જ તેને મારી ઉપર પ્રેમ છે? "ધિગ્ ધિગ્ સ્વાર્થીયા સંસારને!" ગુરુદેવે મને સાચું જ કહ્યું હતું.

જોત–જોતામાં સગાં–સંબંધીઓ ઘણા ભેગા થઈ ગયા. નનામી તૈયાર થઇ ગઈ અને વાણીયાને સુવાડી નનામી ચોકમાં લાવ્યા.

અને જબ્બર તમાસો થયો. ચોકની ડહેલીનાં બારણાં કરતાં નનામીના વાંસડા મોટા અને પહોળા બંધાયા હતા, આથી કેટલાક બોલ્યાઃ જુઓ છો શું, બારણું તોડી નાખો!'

www.jaintatvagyanshala.org

Aacharya Shri Vijay Suri Shri Surendrasuriswarji Jain Tatvagyanshala

“આટલું તો સાંભળતાં વાણીયાની પત્ની બોલી: ‘નહિ, નહિ, બારણું નહિ તોડતા, પછી કોણ નવું કરાવશે ? તેના કરતાં સુથારને બોલાવી નનામીના વાંસડા કાપી નાખી તેને સરખી કરો.’

વાણીયાએ અંતરચક્ષુથી જોયું કે તેની પત્ની બારણાં તોડવા દેવા પણ તૈયાર નથી. પતિ કરતાં તેને બારણું વધારે વહાલું જણાયું. આ બાજુ સુથાર પાસેથી કોઇક કરવત લઇ આવ્યું. હવે વાણીયાએ વિચાર્યું કે, આ લોકો વાંસડો કાપતાં કદાચ મારા હાથ–પગ કાપી નાખશે તો ભારે થશે, માટે હવે કાંઇક કરવું જોઇએ. આથી તેણે જરા સળવળાટ શરૂ કર્યો; કારણ તેણે સંસારની માયાને જોઇ લીધી હતી.

વાણીયાને સળવળતો જોઇ સૌ ચમકી ઊઠયા. આ તો જીવે છે ! તરત જ સૌએ નનામી છોડી નાખી, અને તેને ઉંચકી ઓરડાની અંદર લાવી ખાટલા ઉપર સુવાડયો. થોડીવારે તે આળસ મરડી બેઠો થયો અને જાણે કાંઇ ખબર ન હોય તેમ અજાણ્યો થઇ પૂછવા લાગ્યો : “કેમ, શું છે આ બધું ? આ લોકો ધોતીયા લઈ ઉઘાડા માથે કેમ અહિં આવ્યા છે ?”

વાણીયાની પત્નીએ બધી વાત કરી અને અંતે કહ્યું: “એ તો ભગવાને લાજ રાખી એમ કહો, તમારી આ દશા જોઇને મારો જીવ તો તાળવે ચોંટી ગયો હતો.”

બીજે દિવસે આ બધી થયેલી પરિસ્થિતિ વાણીયાએ ગુરુ મહારાજને કહી અને બોલ્યો: “સાચે જ આ સંસારમાં કોઈ કોઈનું સગું નથી. હવે મને મારી પત્નીનો મોહ રહ્યો નથી. આપે તો મને સંસારસમુદ્રમાંથી તારી લીધો છે. હવે મને આપ દીક્ષા આપો.”

Acharya Vijayshri Surendrasurishwarji Jaintattvagyanshala
[illegible] દીક્ષા આપી અને અખંડ રીતે દીક્ષા પાળી પોતાનું જીવન ધન્ય બનાવી વાણીયો સદ્‌ગતિને પામ્યો.

માટે હે પુણ્યવંતો ! વિષમ એવા આ સંસાર–ચક્રમાં ન ફસાતાં ભવોભવમાં અનંતુ સુખ આપનાર એવા ધર્મમાર્ગમાં દૃઢ બની અનુક્રમે મોક્ષના શાશ્વત સુખને કરવાવાળા બનો એ જ શુભેચ્છા !

✻

## ચિંતન !

ટેસ્ટફુલ ભોજન ભલે જમો. ડનલપની ગાદીમાં ભલે આરામ કરો, ઇમ્પાલા કારમાં ઠાઠથી ભલે ફરો, પણ...એટલું ધ્યાનમાં રાખજો કે આ બધા પુદ્‌ગલના ખેલ છે, એમાં જરાય હરખાવાની જરૂર નથી.

એનું થતું પરિણમન ધ્યાનમાં રાખીને ચાલશો તો રડવાનો વખત નહિ આવે. બાકી પરિસ્થિતિનું પરિવર્તન થતાં સ્વાર્થી સંસારમાં કોઈ આંસુ લુછવા નહિ આવે કે આશ્વાસનના બે શબ્દ કહેવા પણ નહિ આવે, અને ખોટા વિચારોના વમળમાં અટવાઇ જીવનને અધઃપતનના માર્ગે વાળી દુઃખના સાગરમાં ઘસડાઇ જશો.

કષાયોને આધિન થનાર ક્યારેય સુખી થયો નથી. એ ભોગ અને રોગના શેકથી શેકાતો જ રહે છે.

www.jaintattvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



# પુણ્યની પ્રબળતા

એક ગામમાં ભોળાભટ્ટ નામનો ભદ્રિક બ્રાહ્મણ રહેતો હતો, તે એક દિવસ રાજસભાની કચેરીમાં આવી પહોંચ્યો. લોકોએ પણ તેની મશ્કરી ઉડાડતાં રાજાને કહ્યું, મહારાજ! આ બ્રાહ્મણ ઘણો વિદ્વાન અને ભવિષ્યનો જાણકાર છે.

રાજાએ આ સાંભળી તેની પરીક્ષા કરવા માટે મુઠી વાળીને ભટજીને પૂછ્યું, બોલો ભટજી! તારી મુઠીમાં શું છે?

ભટ્ટે કહ્યું. "આખી દુનિયાના હાલ હું શું જાણું? રાજા સમજ્યો કે ભટજી કહે છે, તમારી મુઠીમાં સારી દુનિયાનું રાજ છે, રાજા તો ખુશ ખુશ થઇ ગયો અને ભટજીને ખૂબ માન આપ્યું.

લોકોને થયું કે, "આ તો હસવામાંથી ખસવું થયું" અને ઈર્ષ્યાથી વિચારવા લાગ્યા કે, આને કોઈપણ રીતે ખસેડવો જોઇએ.

એટલે એક દિવસ લોકોએ શીખવ્યું કે રાજાજી જ્યારે મહેલથી સભામાં આવતા હોય ત્યારે રસ્તામાં જ ઝાપટમારી માથા ઉપરનો મુગટ નીચે પાડી દેવો.

ભટજી તો ભોળા ભટ અને ભગવાનના માણુસ એટલે લોકોના



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

કહેવા પ્રમાણે રસ્તામાં રાજાજીના મુગટને હાથના ઝાપટથી મુગટ ફેંકી દીધો.

ભવિતવ્યતાના યોગે મુગટ નીચે પડ્યો કે તરત તેમાંથી એક નાનો ઝેરી સાપ નીકળ્યો.

રાજા તો વિચાર કરે છે, અહો...હો...ખરેખર આ ભટજી જ્ઞાની લાગે છે. એણે કેટલો બધો મારા ઉપર ઉપકાર કર્યો. રાજા ખૂબ ખૂશી થયો.

લોકો ભટજી ઉપર વધુ ને વધુ ઈર્ષ્યા કરવા લાગ્યા અને વિચારવા લાગ્યા કે આને આપણે સજા કરવાના પ્રયત્ન કરીએ છીએ, એને બદલે ઉલ્ટો વધુ મજા અને માન મેળવે છે.

લોકોએ ભટજીનું કાસળ કાઢવા ફરી બીજી યુકિત રચી.

ભટજીને પ્રેમથી બોલાવી વાતચીત કરી. લોકો મૂળ વાત પર આવ્યા અને કહ્યું, 'ભટજી આવતી કાલે મહારાજ સિંહાસન ઉપર બેસે ત્યારે ભરી સભામાં રાજાનો હાથ પકડી બહાર ખેંચી જજો.' ભટજી કહે 'બહુ સારૂ.'

બીજે દિવસે સભા ભરાઇ. ઇર્ષ્યાળુ લોકો મનમાં ખુશ થઈ રહ્યા છે, કે હમણાં ભટજીના ભજીયાં થઈ જશે. ભટજી રાજાના સિંહાસન પાસે જાય છે અને ભરી સભામાંથી રાજાનો હાથ પકડી બહાર ખેંચી જાય છે. જેવા બહાર નીકળે છે કે તરત જ સભાખંડ ધડાકા સાથે તુટી પડે છે. કેટલાય માણુસો દટાય છે, કેટલાક ઘવાય છે, ચારે બાજુ બૂમરાણુ મચી ગયું.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

રાજા તો ભટજી ઉપર ફીદા ફીદા થઈ ગયા. રે... ભટજી ! તમારો ઉપકાર કદી ભૂલાય તેમ નથી. તમે તો મને બબ્બેવાર જીવન આપ્યું છે જીવન ! રાજા તો હવે ભટજીને પાસે ને પાસે રાખે છે. એક મિનિટ પણ અલગા કરતા નથી.

લોકો વિચારે છે, ગજબ છે ને ? આપણે ઉલ્ટું કરવા જતાં સીધું જ પડે છે ?. પણ હવે તો એનો ઘાટ જ ઉતારી દઈએ એટલે પાછો ઘરે જ ન આવે.

કેટલાક આગેવાન લોકોએ એક દિવસ મહારાજાને કહ્યું, "મહારાજ ! આ ભટજીને સિંહનો શિકાર કરતાં ઘણો જ સરસ આવડે છે."

રાજાજીને તો ભટજી ઉપર પૂર્ણ વિશ્વાસ હતો એટલે લોકોની વાત રાજાએ માની લીધી.

રાજા તો ભોળા ભટજીને સાથે લઇને ઉપડયા જંગલમાં. ભટજીને કહે, આજે તમારે સિંહનો શિકાર કરવાનો છે. વાતચીત ચાલતી હતી તેટલામાં દૂરથી સિંહની ગર્જના સંભળાઇ આખું વન ધ્રુજી ઊઠ્યું. રાજા અને ભટજી અલગ પડી ગયા. ભટજી નજીકના ઝાડ ઉપર ચઢી ગયા. થોડીવારમાં સિંહ નજીકમાં આવ્યો. ઝાડ ઉપર ચઢેલા ભટજીને જોઈને વધુ ગર્જવા લાગ્યો.

બિચારા ભટજીએ તો તેની જિંદગીમાં પહેલી જ વાર સિંહ જોયો હતો એટલે નીચે સિંહ ત્રાડ નાખે અને ઉપર બેઠેલા ભટજી ધ્રુજે નસીબયોગે સિંહ ઉપર જોઇ ગર્જના કરી રહ્યો હતો એવા સમયે ધ્રુજતા હાથમાંથી બરછી નીચે ઊભેલા સિંહના પહોળા

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasurishwarji Jain Tatvagyanshala

થયેલા [illegible] અને
થોડી જ વારમાં રામશરણ થયો.

થોડીવારે રાજા પણ અહીં આવે છે. સિંહને મરેલો જોઇ, ભટજીને ઉભેલા જોઈ, રાજા આશ્ચર્ય પામે છે. પછી તો સારાયે નગરમાં વાત ફેલાઈ ગઇ કે, 'ભટજીએ સિંહ માર્યો', 'ભટજીએ સિંહ માર્યો !'

વિરોધી લોકો હાથ ઘસતા રહી ગયા.

જ્યાં સુધી માનવીનું પુણ્ય જોર કરતું હોય છે ત્યાંસુધી તેનું કોઇ અનિષ્ટ કરી શકતું નથી. અવળા પાસા નાખવા છતાં પણ તેને લાભ જ થાય છે. જ્યારે પુણ્ય પરવારી જાય છે ત્યારે તેને કોઇ બચાવી શકતું નથી. ડગલે ને પગલે દુઃખનો ભાગી બને છે.

સુખી થવું છે ? તો પુણ્ય સંચય કરો ?

દુઃખથી દૂર થવું છે ? તો પુણ્યનું કામ કરો.

## ચિંતન !

ખાતાં, પીતાં, ચાલતાં, સૂતાં, બેસતાં, ઉઠતાં સુખી અને દુઃખી બન્ને આશાના મોટા ગગનચુંબી મિનારાઓ ઉભા કરવામાં બધું જ ભૂલી ગયા.

આશાના ઉભા કરાયેલા મિનારાને ટકાવી રાખવા ભૂખ–તરસના દુઃખ વેઠી, અથાગ પરિશ્રમ કર્યો પણ...રાખના ઢગલામાં પાયો નાખી ઊભા કરાયેલા મિનારા અડીખમ ઊભા રહેશે ખરા ?

એનું પૂર્ણ સ્વરૂપ તૈયાર થતાં પહેલા જ એની દફનવિધિ ચાલુ થઈ જશે.

આશામાં રાચતાં હે...માનવ ! હાથમાં નેપકીન રાખજે જેથી નિરાશામાં નિકળતાં ઊના આંસુ લુછવા કામ લાગશે.

વિતી ગયેલા જીવનમાં કેટલી આશાઓ કરી અને કેટલી ફળી એનો સરવાળો માંડો પછી તેનો જવાબ જોઈ માથુ ન ખંજવાળતાં આ...શાનો...મહેલ !

www.jaintatvagyanshala.org

Acharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



# નાના નિયમનો ગજબ પ્રભાવ

માનવજીવન પામ્યા બાદ માનવી જીવનમાં ધર્મ આચરતો નથી અને પૂર્વ જન્મમાં ઉપાર્જન કરેલું પુણ્ય ભોગવે જાય તે માનવી જીવનમાં ક્યાં સુધી સુખી રહી શકે. જીવનમાં સાચું સુખ અને શાન્તિ મેળવવા ઈચ્છનાર માનવીએ ધર્મ આચરવો અતિ જરૂરી છે.

અરે ! કશું નહિ તો નાનોસુનો નિયમ લઇ દ્રઢતાપૂર્વક પાળો તો ય આત્માનું કલ્યાણ થઇ જાય. મશ્કરીમાં લીધેલો નિયમ પણ કેવું ફળ આપવાવાળો બને છે તે નીચેના દ્રષ્ટાંત ઉપરથી સમજી શકાશે.

ઘનઘોર જંગલની ગીચ ઝાડીમાં ચોર લોકોની પલ્લી હતી. ત્યાંથી ફર્લાંગ બે ફર્લાંગ દૂર એક નગરમાંથી બીજા નગરમાં જવાનો રસ્તો હતો, આ રસ્તે એકદા એક મુનિમહાત્મા વિચરતા વિચરતા જઇ રહ્યા હતા. એ જ સમયે સામેથી ચોરોનો ચોર સરદાર પણ ફરતો–ફરતો આવી રહ્યો હતો. નજીક આવતાં મહાત્મા જાણી ચોર સરદારે હાથ જોડયા. ત્યારે મહાત્માએ પણ તેને ધર્મલાભ આપ્યા અને તેના કલ્યાણ ખાતર થોડો ઉપદેશ સંભળાવ્યો અને તેનાથી બીજી રીતે ધર્મ આચરવો ન બની શકે તેથી માંસ, દારૂ વગેરે કોઇપણ જીવોની હિંસા ન કરવી આટલો નિયમ કરવા જણાવ્યું ત્યારે ચોર–સરદાર પણ કહે છે કે, મહાત્માજી હું આમાંથી કશું છોડી શકું તેમ નથી. તમે ઘણું કહો છો તો એટલો નિયમ આપો કે મારે આખું ગાડું ન ખાવું.


www.jaintatvagyanshala.org

હે પ્રિય વાંચકો ! શું આ તે નિયમ છે ? ના ના. ભારોભાર મશ્કરી છતાં પણ મુનિ–મહાત્માએ મશ્કરીની અવગણના કરી ચોર સરદારની ઇચ્છા મુજબ મરણાંત કષ્ટે પણ પાળવાનું કહી નિયમ આપ્યો અને બન્ને વિખુટા પડયા.

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

હે પુણ્યવંતો ! નિયમ લીધાની કસોટી કાંઇ હંમેશા આવતી નથી. ખબર છે એ તો અવસરેજ આવે ને ! દરરોજ તે કાંઇ આવતી હશે ?...

હવે આ ચોર સરદારને નિયમનું પાલન કરતાં કરતાં સમય પસાર થાય છે.

ગમે તે નગરના ગમે તે ધનવાનનું હવે આવી બન્યું. ચોર સરદાર સાથે સશસ્ત્ર ચોરી કરવા નીકળી પડયો, ચોરી કરી જ્યારે પાછા ફરે છે ત્યારે સૌ ભૂખ્યા ને તરસ્યા થયા છે. તેથી આમતેમ નજર નાખી રહ્યા છે ત્યાં તેમની નજરમાં દૂર એક દેવીનું મંદિર દેખાયું અને સૌ ત્યાં ઉપડયા.

હવે આ જ વખતે પાસેના ગામમાંથી કોઈકે પોતાની બાધા પુરી કરવા આ જ મંદિરમાં લાપસીનું ગાડું કોપી–દુ–કોપી જમીન ઉપર બનાવ્યું હતું. લાપસી ભાળી સૌને ખાવાનું મન થઇ ગયું પરંતુ ચોરસરદારે ખાવાની ના પાડી. ત્યારે ચોર સાથીદારો પૂછે છે, કેમ નથી ખાવી ? ત્યારે ચોરસરદાર કહે છે કે મારે આખું ગાંડું ખાવાનો (બાધા) નિયમ છે. ત્યારબાદ સરદાર સિવાય બધા ચોરે લાપશી ખાધી. હજુ લાપશી પચી ન પચી ત્યાં તો ખાવાવાળા બધા ચોરોએ રાજીનામું આપી દીધું હતું.

આ જોઇ ચોર સરદાર અચંબામાં પડી ગયો અને તરત


www.jaintatvagyanshala.org

Aacharya Vijay Shri Surendrasuriswarji Jain Tatvagyanshala
લાપશી આપનાર પાસેના ગામમાં રહેતા હતા ત્યાં ગયો. જઇ જુએ છે તો આનંદ મનાવવા હજારો લોકો ભેગા થયેલા હતા. ચોર વિચારે છે કે હું જો અહિં ન આવ્યો હોત તો આ ભેગા થયેલા બધા લોકો મરણને શરણ થઇ જાત. તુરત આગેવાનોને ભેગા કરી લાપશીના ભોજનમાં તપાસ કરાવરાવે છે તો અંદરથી રંધાઇ ગયેલો સાપ નિકળે છે. સાપ નિકળતાં બધા સરદારને પૂછે છે કે, ભાઇ તને આની કયાંથી ખબર પડી? ત્યારે ચોર સરદાર પણ મંદિરમાં બની ગયેલી બીના સર્વ લોકોને જણાવે છે.

આ સાંભળી સર્વ લોકો સરદારનો ઉપકાર માને છે અને કહે છે કે ભાઇ તેં તો અમને નવું જીવન આપ્યું છે. તું ન આવ્યો હોત તો અમે બધા મરી જાત. વિગેરે ઉપકાર માનતા સૌ શક્તિ મુજબ ઇનામ આપે છે. જોતજોતામાં તો ધનનો ઢગલો થઇ ગયો.

આજ સમયે ચોર સરદારનો અંતરાત્મા પોકારી ઉઠયો, અરે! હું કેવો પાપી છું? મારા જેવા જગતભરમાં કોઇ નહિ હોય. તે મહાત્મા મારા કલ્યાણ ખાતર મને નિયમ આપતા હતા પણ મેં તેમની મશ્કરી કરી, બસ હવે તે મહાત્મા પાસે જઈ ભૂલની માફી માંગું અને તેમના કહેવા મુજબ વર્તું અને કલ્યાણ કરી ભવોભવને સુધારી લઉં.

નાનો નિયમ પણ કેવો ગજબનો છે. મરણમાંથી પણ ઉગારી લે છે.

卐卐
卐

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# ઉદારતા



પૃથ્વીના ભૂષણ સમાન એવા ભરતક્ષેત્રમાં ઋદ્ધિ-સિદ્ધિ-સમૃદ્ધિ અને રમણિયતાથી અલકાપુરીને ક્ષોભ પમાડે તેવું સુંદર નગર હતું, એવા તે નગરમાં સર્વ કલાઓમાં કુશલ કુશલ નામના શેઠ વસતા હતા. તે શેઠને ચાર પુત્રો હતા. તે ચાર પુત્રો પૈકી નાના પુત્રનું નામ "ભુવન" હતું. ભુવન સ્વભાવ પ્રકૃતિથી કપટ વગરનો હતો. રૂપવાન, શીલ સંપન્ન વિનયી હતો, ગરીબો–દીનદુઃખીયાઓ પ્રત્યે દયાળુ હતો. કુશલશેઠની પાસે ધનનો વૈભવ ખૂબ હતો, તેથી ભુવન ગરીબોને હંમેશા દાન આપતો હતો, અને શેઠના ચારે પુત્રો ઘર સંબંધીનું કામકાજ તેમજ વેપાર વગેરેનું કામ સંભાળતા હતા.

ભુવન હંમેશા ગરીબોને દાન આપતો તે તેના ત્રણે મોટા ભાઈઓની પત્નીને ગમતું નહિ, અને તેમના તરફ ક્રોધની દ્રષ્ટિએ જોતી. એક સમયે તે ત્રણે ભાઈઓની પત્ની મળીને સસરા પાસે ગઇ. જઈને કહેવા લાગી કે, હે સસરાજી ! અમારા દિયર ભુવન ભાઈ દરરોજ ગરીબોને ઘણું દાન આપી દે છે. તેથી કરીને થોડા જ સમયમાં આપણા બધા ધનનો નાશ કરી નાખશે, માટે તમે કોઈપણ ઉપાયે ધનનો નાશ થતાં અટકાવો.

કુશલશેઠ અને તેમના ત્રણ મોટા પુત્રોએ એક દિવસ ભેગા મળીને ભુવનને કહેવા લાગ્યા કે, હે ભુવન ! તું દરરોજ ગરીબોને

www.jaintatvagyanshala.org

Acharya Vijay Shri Gunendrasuriswarji Jain Tatvagyanshala

દાન કહેજો તે આપણું નહિ, અને જો તારે રોજ દાન આપવું જ હોય તો કાલથી અમારાથી જુદો થઇ જા.

પિતાજી તેમજ ભાઇઓનાં આવાં વચનો સાંભળી અને તેમની પ્રત્યે કહેવા લાગ્યો, હે પિતાજી ! હું મરી જઉં તો પણ દાન આપવાનું છોડીશ નહિં. માટે તમારે મને જેમ કરવું હોય તેમ કરી શકો છો. ત્યારબાદ ત્રણે મોટાભાઇઓએ આ વાત સ્વજન સંબંધીઓને કહી. ત્યારે તેમને પણ આ વાતને વિચારી. ભુવનના પિતા ત્રણે ભાઇઓ પ્રત્યે કહેવા લાગ્યા કે જુઓ, આ ભુવનના ભાગ્યમાં લક્ષ્મી છે. જ્યારે ભુવન ન હતો, ત્યારે તમે નિર્ધન હતા, જેમ તેમ પેટ ભરતા હતા. અને ભુવનના જન્મ થયા બાદ તમારી પાસે ઋદ્ધિ વધવા માંડી છે માટે તમારે સંકટ આવે તો પણ ભુવનને જુદા કરવાનું નામ નહિ લેતા.

સ્વજન–સંબંધીઓની સુંદર શિખામણ સાંભળવા છતાં પણ ત્રણે ભાઇઓએ અહંકારથી નાના ભાઇ ભુવનને ઘરમાંથી જુદો કર્યો. જુદો કર્યા બાદ તેના ત્રણે ભાઇઓ તેને ધનનો ભાગ આપવા લાગ્યા, ત્યારે તેને ધનને ભાગ લેવાની ના પાડી, તારો ભાગ તું લઇ લે અમે રાખવાના નથી. તારે જે કરવું હોય તે કરજે, વગેરે કહીને પરાણે ભુવનને ધનનો ભાગ આપી દીધો. હવે તે ધનનો સદુપયોગ કરવા માટે જિનેશ્વર ભગવન્તોના મંદિરના જિર્ણોદ્ધાર વગેરેમાં ખર્ચ કરવા લાગ્યો. એક વખતે તે ભુવન એક વિશાળ જિનમંદિરનો જીર્ણોદ્ધાર કરાવતા પોતાની પાસેનું સર્વ ધન ખર્ચમાં ખર્ચાઇ ગયું, હવે નગરના લોકો તેને ટોકવા લાગ્યા કે, હે ભુવન, નિર્ધન એવા તને કોણ ખાવાનું આપશે ? કોણ તારૂં સગું થશે. વગેરે કહેવા લાગ્યા ! ત્યારે ભુવને કહ્યું : હું મારા બાહુબળ વડે લક્ષ્મી મેળવી મારો જીવન નિર્વાહ કરીશ પણ મારા પિતા કે ભાઇઓ

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
પાસે એક કોડી પણ નહિ લઉં. આમ કહીને પોતાનું નગર ત્યજી દઈને ચાલી નીકળ્યો.

ભુવનને ફરતાં ફરતાં એક ગામના પાદરમાં એક જ્યોતિષ સામો મલ્યો. ભુવનને જોઇને તે ઠરી ગયો અને મનમાં વિચારવા લાગ્યો કે, ‘અહો, આ તો ઉત્તમ કુલનો કોઇ શ્રેષ્ઠિપુત્ર લાગે છે.’ વળી બત્રીસ લક્ષણુવાળો ભાગ્યશાળી છે. વળી તેના નસીબમાં ઋદ્ધિ–સિદ્ધ સમૃદ્ધિ વગેરે સર્વ સુખ–સંપત્તિઓ રહેલી છે છતાં પણ પોતાના નગરને ત્યજીને આમ ગામેગામ શા માટે ભમી રહ્યો છે? તો હું તેને પૂછી તો જોવું !

‘અરે હે પુણ્યવંત શ્રેષ્ઠિપુત્ર ! તમે શા માટે ભમી રહ્યા છો ? ભુવને કહ્યું : ધન પ્રાપ્તિ માટે. ત્યારે તે જ્યોતિષ ભુવનને સાથે લઈ ગામની નજીક રહેલા પર્વત ઉપર લઇ ગયો. પાંચેક કોશ ઉપર જઇ કોઇ એક ગુફાની અંદર પ્રવેશ કર્યો. આગળ જતાં ખુબ પ્રકાશ જોવામાં આવ્યો. ત્યાં ગયા બાદ જોયું તો અનેક દેવાંગનાઓથી પરિવરેલો એક દેવ ઇન્દ્રની જેમ બની–ઠનીને સભા મંડપમાં સિંહાસન ઉપર બેઠો હતો. ભુવન અને પેલો જ્યોતિષ બન્ને ત્યાં જઇ નમસ્કાર કરી દેવની સામે ઉભા રહ્યા, દેવે ભુવનને પોતાની પાસે સિંહાસન ઉપર બેસાડયો; બેસાડી તે દેવ ભુવનને કહેવા લાગ્યો, કે હે ભદ્રે, હું સૌધર્મ દેવલોકમાં રહેવાવાળો દેવ છું. ક્રીડા કરવા માટે અહિં આવ્યો છું. વળી તું જે નગરમાં શ્રી જિનેશ્વર પ્રભુના વિશાલ મંદિરનો જિર્ણોદ્ધાર કરાવતો હતો તે જ મંદિરનો મેં પૂર્વભવે જિર્ણોદ્ધાર કરાવ્યો હતો તેના પ્રભાવથી હું દેવની ઋદ્ધિને પામ્યો છું. વળી હે ભદ્રે ! હું તારા ઉપર તુષ્ટ થયો છું અને હવે પછી તારી પાસે આવેલું ધન કદી પણ ખુટશે નહિ.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

દેવલોકનું સર્વ સાંભળી ભુવન જાગ્યો, સવારમાં તો પોતે એક સુંદર મહેલમાં રત્ન વિગેરેથી જડીત એક પલંગ ઉપર સુતો હતો. ઉભો થઈને ચારે તરફ નજર કરે છે તો આજુબાજુમાં રત્નોના ઢગલા, કિંમતી વસ્ત્રો, આભૂષણો, સુવર્ણ, ધન-ધાન્ય વગેરે એટલું બધું હતું કે ગણ્યું ગણી શકાય નહિ. આ બધું જોઈને ભુવન તો વિચારમાં જ પડી ગયો. આ શું ? સ્વપ્ન કે ઈન્દ્રજાળ, નથી તો દેવની સભા કે નથી તો પેલી ગુફા. નથી તો પેલા જ્યોતિષિ. આ વિચાર કરતો હતો એટલામાં આકાશમાં દેવવાણી થઈ, હે ભુવન ! સૌધર્મ દેવલોકના દેવ અમારા સ્વામીએ આ બધી ઋદ્ધિ તમને આપી છે અને અમને તમારી સેવામાં મોકલ્યા છે માટે તમારા પુણ્યથી મળેલા વૈભવને સુખપૂર્વક ભોગવો, અને આનંદ કરો. હવે મળેલી ઋદ્ધિ વડે ભુવન સુખપૂર્વક દિવસો પસાર કરવા લાગ્યો.

આ તરફ ભુવનના પિતા, ત્રણે મોટા ભાઈઓ ભુવનના જવાથી સાવ દરિદ્ર થઇ ગયા, માંડ માંડ ગુજરાન ચલાવવા લાગ્યા.

પૂર્વ ભવમાં કે ચાલુ વર્તમાન ભવમાં કરેલા પુણ્ય-પાપનું ફળ મનુષ્યને મળ્યા વગર રહેતું જ નથી. માનવીને પુણ્યથી સુખ મળે છે, એમ સમજવા છતાં પણ પાપથી પાછો હઠવા પ્રયત્ન કરતો નથી તો સુખ ક્યાંથી મળવાનું હતું ?

હવે મા-બાપ-ભાઇઓની ખરાબ પરિસ્થિતિ સાંભળી પોતાની પાસેના નોકરોને મોકલી પોતાની પાસે બોલાવી લીધા, અને બધાને મહેલમાં રાખ્યા. તેના ત્રણે મિથ્યાભિમાની ભાઈઓ ભુવનના દોષો જ જોવા લાગ્યા અને પોતાના ભાગની અયોગ્ય માગણી કરી છતાંય ક્ષમાશીલ ભુવને ઉદારતાથી માંગ્યા કરતાં ત્રણ ગણું ધન આપી

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

દીધું. ત્યારબાદ ત્રણે ભાઈઓ ભુવનથી જુદા થઈ બીજે ગામ જતા રહ્યા. અને માતા-પિતાને પોતાની પાસે રાખ્યા. સ્વજન સંબંધીઓને સન્માનથી ખૂબ ધન આપ્યું. ગરીબ-દિન દુઃખીયાઓને છૂટે હાથે દાન આપવા લાગ્યો, વળી જિનેશ્વર પ્રભુના નવા તેમજ જુના દહેરાસરોના જિર્ણોદ્ધારમાં અઢળક ધન વાપરવા લાગ્યો. સાધર્મિક ભક્તિ કદીયે ચુકતો નહિ. આટલી બધી ઋદ્ધિ હોવા છતાંય અહંભાવ લેશમાત્ર નહિ ઉપરથી બીજાઓનો વિનય કરતો હતો. આથી ભુવનની કીર્તિ ચારે તરફ પ્રસરવા લાગી, વળી તેના ત્રણે ભાઈઓ તેના ઉપર મત્સર ભાવ રાખતા અને અવર્ણવાદ બોલતા તો પણ ભુવન તો સૌની ઉપર ક્ષમાભાવ રાખતો.

એક વખત તેના ત્રણે ભાઈઓ નગરના રાજાની પાસે જઇને કહેવા લાગ્યા કે-હે રાજન્ ! તમારા પૂર્વજ પુરૂષોએ જમીનમાં દાટેલું ધન તે અમારા નાના ભાઈ ભુવનના હાથમાં આવી ગયું છે ને તે ધન વડે મોજશોખ ઉડાવે છે, માટે તે ધન તમારા હાથ કરવું ઉચિત છે. લોભમાં અંધ બનેલો રાજા ભુવનને પોતાના પાસે બોલાવીને કહેવા લાગ્યો કે, 'હે ભુવન ! તેં કાંઈ વેપાર-ધંધો તો કર્યો નથી. તો આટલું ધન તારી પાસે કયાંથી આવ્યું ? ભુવન વિચારવા લાગ્યો કે હું સાચો ઉત્તર આપીશ તો રાજા માનશે નહિ. ઉપરથી લોકો મારી હાંસી કરશે માટે મારે રાજા પાસે કાંઈ બોલવું નહિં. તેમને જેમ કરવું હોય તેમ કરે, તે રાજાની સામે ઉત્તર દીધા વગર ચુપ ઉભો રહ્યો. આથી રાજાને વહેમ ગયો ને ભુવન ઉપર ક્રોધાયમાન થઇ તેને મારી નાખવા સેવકોને આદેશ કર્યો. સેવકો ભુવનને શૂળી નજીક લઈ ચાલ્યા.

આ તરફ જે સૌધર્મ દેવલોકના દેવે ભુવનની સેવામાં મોકલેલ દેવે ભુવનને બચાવવા નગર ઉપર મોટી શીલા વિકુર્વિ અને


www.jaintatvagyanshala.org

ઉદ્દઘોષણા કરી કે, અદેખા માણસોની ચઢામણીથી રાજા અન્યાયી
Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
બન્યો છે. સજ્જન પુરૂષની કદર્થના કરી રહ્યો છે. ભુવને જે જિનમંદિરનો જિર્ણોદ્ધાર કરાવ્યો છે તેના પુણ્યપ્રભાવથી અમે આ ધન ભુવનને આપ્યું છે. આ ધન-સંપત્તિ જોઇ તેના ત્રણે મોટા ભાઈઓ અદેખાઈ કરી રાજાના કાન ભંભેર્યા છે. આ સાંભળી રાજા તેમજ નગરજનો ચમકયા અને ભુવનને તરત છુટો કર્યો અને દીપ, ધુપ, પુષ્પ વડે તે દેવની પૂજા કરી, ત્યારે તે દેવે શીલા સંહરી લીધી. ત્યારબાદ રાજાએ ભુવનના ત્રણે ભાઇઓને પકડી લાવવા સેવકોને આદેશ કર્યો પણ ભુવને પોતાના ભાઇઓને છોડી મુકવા કહ્યું ને વળી કહેવા લાગ્યો કે આમાં તેમનો જરાય દોષ નથી. મેં પૂર્વ ભવમાં કોઇને આળ આપી હશે તેથી અત્યારે તેનું ફળ મને મળ્યું છે. જીવ પોતે કર્મબંધન કરે છે અને પોતે જ ભોગવે છે, ત્યારબાદ ત્રણે ભાઈઓને છુટા કરાવી ભુવન પોતાના મહેલે જઈ વૈરાગ્ય ભાવનાવાળો બની પોતાના મોટા પુત્રને ઘરનો ભાર સોંપી દીક્ષા ગ્રહણ કરી, અનસન કરી કાળધર્મ પામી સૌધર્મ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો, ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ મોક્ષે જશે.


www.jaintatvagyanshala.org

# સંસારની ઘટમાળ

......ત્યારે રાજસ્થાનની મરૂભૂમિ ઉપર પૈદલ પ્રવાસ ચાલી રહ્યો હતો. ચાલતાં ચાલતાં રસ્તાની બાજુમાં ખેતરના પાકને પાણી પૂરું પાડતી રેંટ જોવામાં આવી. રેંટમાં જોડેલો બળદ એના નિશ્ચિત ગોળાકારમાં ફરી રહ્યો હતો. તેની સાથે કુવા ઉપરનું ચક્ર ફરી રહ્યું હતું. ચક્ર ઉપર રહેલી હારબંધ માટીની કુલડીઓ પાણીથી ભરાઇને આવતી અને પાણી ખાલી થઇને પાછી નીચે જતી.

એક નજરથી થોડો સમય આ દ્રષ્ય જોયે રાખ્યું. ભરાવું, ઉપર આવવું, ખાલી થવું, નીચે જવું. ક્ષણ ખોટી થયા વગર આ ઘટના-ચક્ર ચાલે જતું હતું.

આ જોતાં સંસારની ઘટમાળનું ચિત્ર માનસપટ ઉપર ઉપસી આવ્યું.

ચોરાશી લાખ યોનિમાં જીવ ભવ ધારણ કરે છે, મરે છે, ફરી બીજો ભવ, ફરી મરણ પુણ્ય-પાપથી ભરાય છે અને ખાલી થાય છે. પરંતુ આ ચક્રમાંથી છૂટી શકતો નથી; કારણ સ્વાર્થમય સંસારમાં મોહ-માયા, રાગ-દ્વેષથી લપટાયેલો જીવ મારા-તારાના ભેદ પાડવામાં, મારાપણાનો ભાવ સ્થાપન કરાયેલી વસ્તુઓને મેળવવામાં-સાચવવામાં જીવનનો મૂલ્યવાન સમય ગુમાવતો જાય છે, અને આત્મસમૃદ્ધિના સુખની લેશમાત્ર અનુભૂતિ કર્યા સિવાય અનંત દુઃખોના સાગરમાં ક્યાંય ફેંકાઇ જાય છે.

સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રની અનુપમ આરાધનામાં જીવન તરબોળ બને ત્યારે જ માનવજન્મની મહત્તા, ઉત્તમતા યથાર્થ કહી શકાય છે.

Acharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# અ ર્પ ણ ને સ મ ર્પ ણ

**અ**ર્પણ કરીએ આત્માને, અરિહંતની આજ્ઞામાં, તો અવિનાશી અનંત સુખના ધામમાં પહોંચવા આડા આવતા અવરોધો અધવચ્ચે અલ્પ અશેષ બની જશે અસાર સંસારનો અંત કરી શકીશું.

**પ**તન અને ઉત્થાન આત્માનું થયા જ કરે છે. પાપને પખાલવા પર્વની પાવન આરાધનામાં અને પૂર્વ પુણ્ય પ્રાપ્ત અનુષ્ઠાનોમાં તત્પર બનીશું તો પતનના પથને દૂર કરીને ઉત્થાનના પથના પથિક બનવા સમર્થ બની શકીશું,

**ણ**મો અરિહંતાણું એ શ્રી નમસ્કાર મહામંત્રનું પ્રથમ પદ છે. તીર્થંકર પદવીને પ્રાપ્ત થયેલા, ચોત્રીસ અતિશયોથી યુક્ત, સમવસરણમાં બાર પર્ષદા આગળ અમૃતમયી દેશનાને કરી રહેલા અરિહંત ભગવંતની આરાધના ખરેખર...અરિહંત પદને આપવા સમર્થ બને છે. પૂ. દેવચંદ્રજી મહારાજે પણ કહ્યું છે :

"પ્રભુજીને અવલંબતા નિજ પ્રભુના હો પ્રગટે ગુણરાશ."

**ને**મિનાથ પ્રભુ દ્વારિકા નગરીથી ધામધૂમપૂર્વક નીકળ્યા છે, શું વરઘોડો છે? મંગલ વાજિંત્રોના ધ્વનિથી દિશાઓ નાચી ઉઠી છે,


www.jaintatvagyanshala.org

વિશાળ રાજમાર્ગો ઉપર કિકિયારીમાં જેમ આનંદનો ઉલ્લાસ છે.

Aacharya Jayeshri Surendrasuriswarji Jain Tatvagyanshala

આજે નેમિકુમાર પરણવા ચાલ્યા, ઉગ્રસેનના દરબાર પણ... આ આનંદ ક્યાં સુધી ટકવાનો છે? એ કોઈને ખબર નથી. પશુઓના આર્તનાદ સાંભળી નેમિકુમારનું હૃદય દ્રવી ઉઠયું. રે...! મારા નિમિત્તે આટલા બધા નિર્દોષ પશુઓની હત્યા? નહિ જોઈએ આવી ધામધૂમ...! અને...એ ગરવો ગઢ ગિરનાર સાદ ન દેતો હોય? તેમ...નેમિકુમાર રથ પાછો વાળી ચાલી નીકળ્યા. શિવવધૂ નાર મેળવવા...જય ગિરનાર...જય નેમિનાથ પ્રભુ...

સમ્યગજ્ઞાન, સમ્યગદર્શન, સમ્યગચરિત્ર, આ રત્નત્રયી મોક્ષે જવાનો માર્ગ છે. જ્ઞાન=દર્શન=ચારિત્રથી યુક્ત એવા માર્ગને જેઓ પામ્યા છે તે સદ્દગતિ (મોક્ષ) અવશ્ય પામે છે.

જ્ઞાન પ્રાપ્ત થવાથી આત્માની અંદર અનુભવનો રંગ જાગૃત થાય છે. સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિ વડે કર્મ નવા બંધાતા નથી અને બાંધેલા કર્મો જલ્દી ખપાવે છે. અંતે સંસારના બંધનોથી દૂર થઈ સિદ્ધ થાય છે.

મહેલને સુંદર કહેનારને લોભી, અને ઝૂંપડાને ભવ્ય કહેનારને સંતોષી ન માની શકાય, કારણ કે સાચો સંતોષી એ જ કહેવાય કે મહેલ-ઝૂંપડાનો ભેદ ભૂલી જઈ સંતોષને ઉત્તમ મનાવે અને અસંતોષને અધમ મનાવે.

લોભ એ દુઃખનું મૂળ છે, સંતોષ એ અનહદ આનંદને આપનાર છે. માટે લોભને ઉલ્ટાવી ભલો થા. પછી...સંતોષ આવતા વાર નહિ લાગે.

---

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

પર્વ પર્યુષણાના કુમકુમવર્ણા પગલાંએ ભક્તોના હૃદયમાં આનંદની ઊર્મિઓ હેલે ચઢે છે. અને તપ = ત્યાગ = આરાધનામાં ખૂબ જ શ્રદ્ધાપૂર્વક આત્માને આત્મામાં ઓતપ્રોત બનાવી દે છે. પર્વારાધનાના એ મંગલ દિવસોમાં વાતાવરણ એવું તો મ્હેકી ઊઠે છે, કે એ વાતાવરણનો વાયુ આરાધકોના રગેરગમાં વ્યાપી જાય છે, અને આરાધનાનું અવલંબન કરવા થનગને છે.

પધારો પર્વાધિરાજ......

ણમો અરિહંતાણં આદિ પાંચ પદો અને દર્શન–જ્ઞાન–ચારિત્ર–તપ એમ નવે પદોનો કેવો અદ્દભૂત પ્રભાવ છે? જેના પ્રભાવે શ્રીપાલકુમાર સાજા થયા મયણાસુંદરી મનોહર બની.

ભાવ, ભક્તિ અને શ્રદ્ધાપૂર્વકની એ અત્યુત્તમ આરાધનાના પ્રભાવે ભયંકર કોઢ રોગ ભાગી ગયો અને મયણાને સોનાનો સૂરજ ઉગ્યો.

ઇચ્છા : મનોકામના વિના આરાધના આરાધાય તો એ આરાધનાનું અમૂલ્ય ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે.





www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



# ચાલો કરીએ

# ખમતખામણાં

**ચા**ર ગતીના ચક્કર ચૂરવા વેર–ઝેરનો ત્યાગ અનિવાર્ય છે. જ્યાં સુધી જીવન ઝેરથી ભરેલું છે, ત્યાં સુધી અમૃતના ઝરણા ફુટવાના જ નથી.

ક્ષમાપનાના પવિત્ર પર્વને પામીને ભવોભવમાં જીવનની ભુંડી હાલત કરનાર વેર–ઝેરની વધતી વિષ વેલડીને ઉખાડી અંતઃકરણ-પૂર્વક ક્ષમા યાચના કરી લેજો.

**લો**ક–પરલોક સુધારી મુક્તિસુખને મેળવવા શીલ–સદાચાર ને સમતા અપનાવવા જ પડશે. એ સિવાય બીજો કોઈ સન્માર્ગ નથી.

સન્માર્ગને અપનાવ્યા સિવાય ઈષ્ટ સ્થાને પહોંચાશે ખરૂં? એનો એકાંતમાં વિચાર કરજો.

**ક**ર્મનો નચાવ્યો માનવી નાચી રહ્યો છે. સંસારરૂપી સ્ટેજ ઉપર મને–કમને કરવા પડતા અવનવા અભિનયોમાંથી છુટકારો મેળવવો હોય તો દેવ–ગુરુ–ધર્મનું શરણું સ્વીકાર્યા વગર અન્ય કોઈ માર્ગ નથી.

એની શરણાગતિ સ્વીકાર્યા પછી મળતો આનંદ અભુતપૂર્વ હોય છે.


www.jaintatvagyanshala.org

Acharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

રીમાર્ક કરજો. જીવનની દરેક પ્રવૃત્તિ ઉપર પછી સારી પ્રવૃત્તિ વધારે થાય છે કે ખરાબ તેનો હિસાબ કરજો.

જો ખરાબ–ખોટી પ્રવૃત્તિનું પ્રમાણ વધારે જણાય તો તેને ઘટાડવા ઘટતાં પગલાં ભરવા તાકીદ કરજો. અને સારી પ્રવૃત્તિને વધારવા ઉદ્યમી બનજો.

યેન કેન પ્રકારેણ સંસારના ઝંઝાવાતથી બચવા માર્ગ શોધવો જ રહ્યો. એમાં જો ઢીલ કરી તો ક્યાંય ફંગોળાઈ જશો કે જેનો પત્તો જ નહિ લાગે.

માટે જ ધર્મ સાધેનાનો, પ્રભુભક્તિનો શ્રેષ્ઠ માર્ગ અપનાવી લ્યો.

ખમત ખામણાં કર્યા સિવાય પર્વની આરાધના સાર્થક બની શકતી નથી. ભારોભાર પાપનું પ્રાયશ્ચિત કરવાપૂર્વક અંતરની શુદ્ધિ કરીશું તો જ પર્વાધિરાજની અનુપમ આરાધના કરી ગણાશે. તે સિવાય આવતા વિશિષ્ટ પર્વો પણ તેને લાભકર્તા નિવડી શકતા નથી.

ત્રિકરણની શુદ્ધિ વડે આરાધો પર્વાધિરાજને.........

મ કરીશ માયા લગાર...

ધ્યાનમાં રાખજો આ કાયાની માયા દગાખોર બની દુઃખમાં ધકેલી ન દે.

જીવનભર સાર–સંભાળ કરવા છતાં તે તમારી નહિ બને અને પળવારમાં ખેલ ખતમ થઇ જશે.


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

માટીના ડાઘા માટીમાં મળી જશે. મળેલા માનવજીવનને સાર્થક બનાવી લ્યો.

**ત**પ દ્વારા કર્મના કચરાને બાળીને પરમ વિશુદ્ધ બની શકાય છે. મલિન વૃત્તિઓ નાશ પામે છે. થનગનતી ઇન્દ્રિયો મીસા હેઠળ કેદ થાય છે અને આત્મ સાધનાનો માર્ગ સરળ બને છે.

સંતાપના તાપ હઠાવવા ચાલો કરીએ તપ આરાધના.

**ખા** ખા કર્યું જન્મ્યા ત્યારથી રાત–દિવસ છતાં ભૂખ ન ભાગી, તો હવે ભાગશે ખરી?

ભૂખનું દુઃખ ક્યારેય જવાનું નથી, માટે જ ખા...ખા... કરવાની વૃત્તિ ઉપર કંટ્રોલ કરી તપ ધર્મના માર્ગને અપનાવો.

તપ દ્વારા કર્મના નાશની સાથે સાથે વિષય–વાસનાના વળતા પાણી થવા લાગશે.

**મ**મ્મણ શેઠ પાસે અઢળક સંપત્તિ હતી. છતાં તેનો કોઇ જ ઉપયોગ કરી શક્યા નહિ. અને એક ભીખારીની જેમ દરિદ્રતાપૂર્વકનું જીવન વિતાવી દુર્ગતીના દરવાજા ખખડાવવાવાળા બન્યા.

સંપત્તિ સન્માર્ગે ખર્ચાય તો જ મળેલી સંપત્તિ સફળ ગણાય છે. દોલત દગાખોર ન બને એ ધ્યાનમાં રાખી આગળ વધવાનું રાખજો.

**ણા** ૮ + ૦॥ = ૮૦॥

---



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

૮ કર્મનો નાશ કરવા માટે કશો જ પ્રયત્ન કરવામાં ન આવે તો એ જ ચોરાશીના ચક્કરનું પરિભ્રમણ ચાલુ થઈ જશે.

પરિભ્રમણના અંત માટે તપ-ત્યાગ અને સંયમનો કઠોર માર્ગ અપનાવશો તો જ એ કર્મોનો છેદ કરવા સફળ બની શકશો.

ાા બધું નકામું.

અડધું ભોજન કરવાથી જેમ પેટ નથી ભરાતું તેમ અડધું મેળવેલું જ્ઞાન મુશ્કેલી ઉભી કરવાવાળું બને છે.

પૂરું ભણી પૂરું સમજી પછી જ પ્રવૃત્તિ કરજો.





www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# ચારિત્ર

માટીની કાયા પર માયા રાખનાર માનવી સાધનાના કષ્ટ સહન કરી શકવા સમર્થ બની શકતો નથી, પણ જ્યારે એના જીવન ઉપર છવાયેલી માયાની છાયા દૂર થાય છે ત્યારે તે સાધક બની સાધનાની દિશામાં વિરાટ કદમ ઉઠાવે છે, અને સાધનાની સિદ્ધિ પ્રાપ્ત થતાં જ એનું મુખ હાસ્યથી ખીલી ઉઠે છે કારણ એ સિદ્ધપુરુષ બની ચુકયો હોય છે.

ચાર ગતિના (દેવ, મનુષ્ય, નારક, તીર્યંચ) ચક્કરમાંથી છુટવા માટે ઉત્તમ ઉપાય એ જ છે. ચારિત્રનો સ્વીકાર. કારણ ચારિત્રને અપનાવ્યા સિવાય પંચમગતિ (મોક્ષ) પહોંચવું અશકય છે. સંસારની આધિ, વ્યાધિ, ઉપાધિની જાળમાં માનવી જ્યાંસુધી ફસાયેલો છે ત્યાંસુધી પૂર્ણ સુખ સ્વરૂપ મોક્ષ સ્થાનને પ્રાપ્ત કરવાની સાધનાનો સાચો સાધક બની શકતો નથી. સાધનાનો સાધક ન બને ત્યાંસુધી પૂર્ણ જ્ઞાન સ્વરૂપ વીતરાગતાની જ્યોતમાં જ્યોત મીલાવી શકતો નથી.

સાધના હંમેશા કષ્ટસાધ્ય હોય છે. એટલે તેમાં મનની સ્થિરતા, નિશ્ચલતા તનની અડગતા અનિવાર્ય છે. બાહ્ય પૌદ્ગલીક પદાર્થોમાંથી મનને ખેંચી લીધા પછી જ સાધના માટેનું સર્વપ્રથમ સોપાન મનની સ્થિરતા લાવવાનો પ્રારંભ કરી શકે છે.

દીક્ષા એ ચારિત્રનો પર્યાયવાચી શબ્દ છે, જેમાં દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ રત્નત્રયિની આરાધના છે તેને દીક્ષા કહેવાય છે. રત્નત્રયિની આરાધના એ વિષય–કષાયોથી મનને પર બનાવવાની સાધના છે. ચારિત્રના પંથે પ્રયાણ કર્યા બાદ વચ્ચે આવતા ઉપસર્ગો–પરિસહો સામે સમભાવ કેળવવો, શાન્તિ પ્રગટ થવી એ જ કષાયો ઉપર વિજય મેળવ્યાની નીશાની છે. સંસારથી સંયમ માર્ગે વેશપરિવર્તનની સાથે સ્વભાવ પરિવર્તન અને મનને વિરાગની દિશામાં મોડ દેવો એટલો જ જરૂરી છે.


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

રિમાર્ક કરવા જેવું વાક્ય છે. "આંતરિક પ્રગતિનો અવરોધ કરનાર કષાયોનું દમન કરો."

ચાર કષાયોના (ક્રોધ, માન, માયા લોભ) અનુશાસન નીચે માનવી ચાર ગતિના સુખદુઃખની ઘટમાળમાં ફરી રહ્યો છે, તે સુખને પ્રાપ્ત કરી શકતો નથી અને દુઃખમાંથી મુક્ત પણ બની શકતો નથી.

ઘરબાર, પરિવાર, ધન, દોલત—આ બધા સાધનો કષાયોને ઉત્પન્ન કરનારા છે. એ સાધનોની દફનક્રિયા થાય નહિ ત્યાં સુધી રત્નત્રયિની સાધનાનો ઈચ્છુક સાધક બની શકતો નથી. વર્ષોની કઠિન સાધનાને અંતે પણ જો લેશમાત્ર કષાય આવી જાય તો તે સાધના નિષ્ફળ બની જાય છે. એટલે ત્યાગમાર્ગ અપનાવતાંની સાથે જ સર્વપ્રથમ કષાયોથી મુક્ત બનવાનો પ્રયત્ન કરવાનો રહે છે. વાસનાની ગુલામીમાંથી મનને પાછું ખેંચવાનો ભગીરથ પ્રયાસ કરવાનો રહે છે.

ત્રણ રત્નોની (દીક્ષાની) પ્રાપ્તિ એટલે માનવજન્મના ધ્યેયને હાંસલ કર્યાનો વિજય રહેલો છે.

ભૌક્તિક સુખની સામગ્રીના ઢગલાઓ ખડકાવવા છતાં મનુષ્ય સુખ અને શાન્તિ પ્રાપ્ત કરી શકતો નથી. એ સુખ—શાન્તિ ત્યાગ અપનાવતાની સાથે જ મેળવી શકે છે, આત્મા પોતે જ આનંદનો કંદ અને સુખનો ઘનપિંડ રહેલો છે એવું સાચું જ્ઞાન પ્રાપ્ત થયા પછી એનો અનુભવ કરવા અંતરમાં ડુબકી મારવી પડે છે અને અંતરમાં ડુબકી મારવા માટે ઘરબાર-પરિવાર સહિત બાહ્ય બધીજ વસ્તુઓને છોડવી પડે છે. એ તરફના વિચારો સુદ્ધાં માનસપટ ઉપરથી ભુંસી નાખવા પડે છે ત્યારે જ અંતરખોજના પ્રયત્ન વડે આનંદ—સુખ પ્રગટ થાય છે.

માનવજીવનનું મૂલ્યાંકન ત્યારે જ કરી શકાય છે જ્યારે જીવનમાં ત્યાગમાર્ગ અપનાવ્યો હોય.

ત્યાગ એટલે રાગનો ભોગ...રાગનો ભોગ દેતાંની સાથે વીરાગની મસ્તી ઉત્પન્ન થાય છે.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswar Jain Tatvagyanshala


# છીછરૂં ભાજન તરત છલકાય

**મા**નવી નાનેથી મોટો થયો. કાંઈક જાણતો - સમજતો થયો. એણે પ્રગતિના પથ પર પગરણ માંડયા. ઈષ્ટ સ્થાનને આંબવામાં હજી ઘણું અંતર કાપવાનું બાકી છે. ઈષ્ટ સ્થાનને આંબવા જતાં વચ્ચે ઘણી આડાસો પથરાયેલી પડી છે. વિવિધ ઉપદ્રવોનો પૂર્ણ ભય છે. છતાં હામ ભીડીને હાલેલા ઘણા શક્તિશાળી આત્માઓ ઇષ્ટ સ્થાનને આંબી ગયા. ઘણા વચ્ચે જ ખતમ થઇ ગયા. ઘણા **પ્રથમ** પગરણથી **આગળ** વધી શકયા.

આંતર શત્રુઓને મારી - દબાવી પવિત્ર પથ પર પ્રયાણ આદર્યા પછી પણ એ શત્રુઓની બહાર ગયેલી પૂંછડી જ્યારે આખરી મરણતોલ ઘા કરે છે ત્યારે તે ઘા પૂર્વ કરતાં ઘણો જ ભયંકર હોય છે.

અધુરૂં જ્ઞાન, અધુરો વિવેક, અધુરી સમજણ પૂર્વકની સાધના પ્રાયઃ અધુરી જ રહે છે કારણ....

એનું અધુરૂ જ્ઞાન અભિમાન પોષક બને છે, અધુરી સમજણ અનર્થ સર્જક બને છે. અધુરો વિવેક પ્રગતિરોધક બને છે.

આથી ઉત્પન્ન થતી ઈર્ષ્યા, અસુયા, નીંદા, વિશ્વાસઘાત, પોતાની જીવનસાધનાનો સત્યાનાશ તો સર્જે જ છે પણ સાથે સાથે


www.jaintatvagyanshala.org

Acharya Vijay Shri Surendrasuriswarji Jain Tatvagyanshala
સાધનામાં તલ્લીન બનેલા, નિર્દોષ, નિઃસ્પૃહ આત્માર્થી અન્ય અન્ય જીવોની શુદ્ધ ભાવના ભગ્ન કરી જીવનની સુંદરતાનું સત્યાનાશ વાળવામાં નિમિત્તભૂત બને છે. અને પોતાના છીછરાપણામાંથી છલકાઈને આજુબાજુવાળાને તેના છાંટા ઉડાડી લોકોપવાદનો ભોગ બનાવાયેલા એ આત્મસાધકના ઉંના આંસુના બફારાના બાફમાં બફાવવાનો ભાગી બને છે.

માનવીમાં રહેલું છીછરાપણું. કોઇની શુદ્ધ લાગણી, નિર્મળ અંતર, નિર્દોષ ભાવના, નિખાલસ વાણીને સમજવા દેતુ નથી અને એનું વિપરીત સ્વરૂપ પ્રગટ કરી કલેશ, કંકાશ, મનભેદ ઉભો કરે છે અને એમાંથી ઉત્પન્ન થતી પરિસ્થિતિ જોઈને મલકાતો હોય છે.

પણ....શું ! મૂલ્યવાન માનવજીવન કોઈના શાંત હૃદયને ચીરી વેદના ઉત્પન્ન કરવા માટે છે ? કે પરિસ્થિતિ સામે પામર બની કકળી ઉઠેલા હૃદયને સાંત્વન આપી, શાંત બનાવી ઉન્માર્ગથી સન્માર્ગે લાવવા માટે છે !

કોઈને સન્માર્ગની પ્રેરણા આપવાની શક્તિ ન હોય સાંત્વનના બે શબ્દ મુખમાંથી નિકળી શકતા ન હોય તો પોતાના જ કાર્યમાં ધ્યાન આપી મૌન રહેવામાં લાભ નથી ?

જગતના જીવો ઉપર ઉપકાર કરનારા, સર્વને અમૃતરસનું પાન કરાવનારા મહર્ષિઓ, મહાત્માઓના ચરણની સેવા સ્વીકારી તેમના લાભદાયિ આચરણોની અનુમોદના કરવા પૂર્વક પુનરુત્થાનનો ચાહક માનવી એના છીછરાપણાને અવશ્ય દૂર કરી સાગરની જેમ ગંભીર બની શકે છે.

પાણી પાસે ગયેલો માનવી જેમ તૃષાને દૂર કરે છે તેમ જ્ઞાની પુરૂષોના ચરણ સેવનાર જ્ઞાનપિપાસુ એની તૃષા દૂર કરી સુંદરતા સાધી શકે છે અને લલાટના લેખનું ભવ્ય સર્જન કરનારો બને છે.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



# જ્ઞાન ગંગા

કુવાનું ખોદકામ કરતી વખતે ઉંડે ઉંડે પણ જો મીઠા પાણીનું ઝરણું ફૂટી નીકળે તો એ ઝરણું કુવાને ભર્યો ભર્યો રાખે છે અને એ પાણી વડે ઘણા જીવો તૃષાને દૂર કરી સંતોષ અનુભવે છે અને એના સ્નાન વડે પરિશ્રમનો ભાર હળવો બનાવે છે તેવી જ રીતે, જ્યારે અંતરના કુવાનું ખોદકામ કરતાં જો જ્ઞાનરૂપી ઝરણું પ્રગટ થઈ જાય ત્યારે તે જલપાનથી તેનો આત્મા સંપૂર્ણ તૃપ્ટ થાય છે પછી તો તેને એ જ્ઞાન જલનું પાન અન્યને પણ કરાવવાની ઉત્તમ ભાવના પ્રગટ થાય છે અને તે પાન કરવા કરાવવાની ક્રિયામાં એવો તો મશગુલ બની જાય છે કે એના જીવનની અન્ય અન્ય પ્રવૃત્તિ નિવૃત્તિ તરફ વળે છે એનું સમગ્ર જીવન જ્ઞાનની ગંગામાં તરબોળ બની જાય છે આનંદ અને ઉત્સાહમાં રોમ રોમ ખીલી ઉઠે છે.

卐 卐 卐



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# પર્યાધિરાજ પર્વની આરાધના સફળ થઈ ક્યારે ગણાશે

ચોર...ચોર...ચોર, મારો...મારો...જો પેલો જાય? પકડો, પકડો...ચોર...

એક ચોરની પાછળ લોકોનું ટોળું તેને પકડવા દોડી રહ્યું હતું. ચોર મુઠી વાળીને આગળ પુરજોશમાં ભાગતો હતો.

એ માણસે ચોરી કરીને ગુન્હો જરૂર કર્યો હતો, એથી સજાને પાત્ર પણ હતો.

છતાં વિચાર આવે છે કે એ જન્મથી જ શું ચોર હતો કે એક નિર્દોષ સુંદર મઝાનું બાળક હતું?

મોટું થતું એ બાળક કુસંયોગ, કુસંસ્કાર યોગે નિર્દોષમાંથી સદોષ બન્યું અને એક નીંદનીય માર્ગ અપનાવ્યો, હવે એ નીંદનીય માર્ગથી પાછો ન વળી શકે.

માનવીના ઉન્માર્ગનું સંપૂર્ણ પરિવર્તન જરૂર કરી શકાય છે. એના હૃદયના ભાવો જરૂર ફેરવી શકાય છે, પણ તે મૃદુ વચન, પ્રેમ અને લાગણી ભરપૂર સમજાવટથી.

તિરસ્કાર, મારઝુડ કે સાવ ફેંકી દેવાથી નહિ.

માણુસ માત્ર ભૂલને પાત્ર છે. ક્રુર બનેલો માનવી એક સમયે ભૂલનો પશ્ચાતાપ કરતો સરલ બની પોતાના ભુંડા ભૂતકાળની નીંદા કરશે અને સર્વ જીવોની ક્ષમા માગશે.


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

કોઈની ભૂલના ભુંગળા બનાવી એડવર્ટાઈઝ કરવાની નહિ, સમેટી લેવાની પ્રવૃત્તિ કરજો અને...


હું કયા માર્ગે ઉભો છું એના તરફ એક દૃષ્ટિપાત કરજો, તોજ શુદ્ધ હૃદયથી સર્વ જીવોને ખમાવી શકશો–અને પર્વાધિરાજ પજુસણ પર્વની આરાધનાનું ફળ મેળવી શકશો.





www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



# ભાગ્યના ખેલ



કનકપુર નગરમાં કનકરથ રાજા રાજ્ય કરતા હતા, તેને કનકશ્રી નામની પટરાણી હતી.

તે જ નગરમાં ઉદારતા ગુણને ધારણ કરવાવાળો ધર્મિષ્ઠ રત્નસાર નામના શેઠ રહેતા હતા. શેઠ રાજ્યમાન પુરૂષ હતા. રત્નસાર શેઠને રત્નચૂલા પત્નિ દ્વારા ઉત્પન્ન થયેલો અનેક કલાઓમાં કુશલ ધનદ નામે પુત્ર હતો.

આ તરફ આ જ નગરમાં સિંહલ નામનો જુગારી નગરદેવીના મંદિરમાં હંમેશા જુગાર રમતો અને મંદિરમાં જ ધામા નાખીને પડયો રહેતો.

મંદ ભાગ્યવાળો સિંહલ એક દિવસ જુગારમાં કાંઈ જ જીત્યો નહિ. ધનથી સંપૂર્ણ ખલાશ થઇ ગયેલો તે ક્રોધાયમાન થઈને દેવીને બોલવા લાગ્યો.

હે દેવી ! હું તારા મંદિરમાં હંમેશા રહું છું, તારી સેવા પૂજા કરું છું. છતાં તું મને આવા સંકટના સમયમાં કાંઈ દ્રવ્ય કેમ આપતી નથી ? માટે તારી દુષ્ટતા છોડીને પ્રગટ થઈ મારી નિર્ધન


www.jaintatvagyanshala.org

Acharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
અવશ્ય [illegible] કરીશ.
જુગારીના આવા આ ક્રોસ પૂર્વકના વચનો સાંભળીને દેવી બોલી :

"રે....દુરાત્મા ! શું તારા બાપે કે તેં મારી પાસે ધન જમા કરાવ્યું છે ? ક તારા માંગતાની સાથે કાઢી આપું ?"

મેં કે મારા બાપે તારી પાસે ધન ભલે જમા ન કરાવ્યું હોય, ગમે ત્યાંથી, ગમે તે રીતે તું મને ધન લાવી આપ, બાકી આ પથ્થરની તારી મૂર્તિના ટુકડા કરી નાખીશ ! "હાથમાં મોટો પથ્થર ઉપાડી સિંહલ બોલ્યો."

સિંહલનું આવું વર્તન જોઇને દેવી વિચારવા લાગી. આ... દુરાત્મા સ્પષ્ટવકતા છે આની નિષ્ઠુરતાને કોણ નિવારે ? આથી કાંઇક આપીને છોડી દેવો જોઇએ જેથી લપ છુટે !

અને...દેવીએ ગાથા (શ્લોક) લખેલો એક પત્ર જુગારીના હાથમાં મૂકયો.

હાથમાં ખાલી કાગળ જોઇ પાપાત્મા સિંહલ તાડુકયો રાંડ... આ કાગળના ટુકડાને શું કરૂં ? આનાથી મારૂ કામ થવાનું છે ?

નાદાન...સાંભળ તો ખરો જેમ તેમ શું બોલે રાખે છે. જો ! તને આપેલો આ કાગળ લઈ તું નગરના ચોકમાં જજે. જે વ્યકિત તને એક હજાર દીનાર આપે તેને આ પત્ર આપજે. કારણ કે આ પત્રમાં જે શ્લોક છે તેની આ કિંમત છે.

સિંહલ દેવીએ આપેલો ગાથાયુકત પત્ર લઇ નગરમાં ગયો બજારમાં અને ચોકમાં ઉભો રહી જોરથી બોલવા લાગ્યો એ...આ ગાથા લ્યો...ગાથા...! આ સાંભળી જતાં આવતાં માણસો પૂછવા લાગ્યાં અરે...શું ચીજ છે ? બતાવ તો ખરો...સિંહલ પણ


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

બધાને ઘડી વાળેલો કાગળ દેખાડયા. લોકો આવી અસાર-નકામી વસ્તુ જોઇને મશ્કરીથી પૂછવા લાગ્યા.

અરે ભાઇ... આની કિંમત શું છે?

કિંમત એક હજાર દીનાર...!

હા...હા..હા...એક હજાર દીનાર...અરે...હાલો ભાઇ હાલો ગાંડો માણસ છે. એક કાગળની હજાર દીનાર હોય કયારે!

પત્ર કોઇએ લીધો નહિ ત્યારે સિંહલ ત્યાંથી ચાલતો ચાલતો ધનદની દુકાન પાસે આવ્યો અને ધનદને ગાથાપત્ર દેખાડયો તેનું મૂલ્ય પણ કહ્યું

શ્રેષ્ઠિપુત્ર ધનદે તે પત્ર લઇને તેમાં લખેલી ગાથા વાંચી.

यच्चैव विधिना लिखितं तच्चैव परिणमत्ति सकल लोकस्य,
इति ज्ञात्वा धीरा विधुरेऽपि न कातरा भवन्ति ॥

અર્થ :- વિધાતાએ (નસીબમાં) જે લખ્યું હોય છે તે જ લોકોને પ્રાપ્ત થાય છે તે જાણીને ધીર પુરુષો દુઃખમાં પણ કાયર થતા નથી.

આ ગાથા વાંચીને ધનદ વિચારવા લાગ્યો આવો સુંદર શ્લોક લાખ દીનાર આપો તોયે ન મળે તે હજાર દીનારમાં મળતો હોય તો શા માટે ન લેવો?

અને...એક હજાર દીનાર સિંહલના હાથમાં મુકી ગાથાપત્ર લઈ લીધો.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

સિદ્ધ પુરા થતા ત્યાંથી ચાલ્યા ગયા. ધનદ લીધેલી ગાથાને વારંવાર વાંચવા લાગ્યો એટલામાં જ તેના પિતા રત્નસાર શેઠ ત્યાં આવી ગયા અને પુત્રને પૂછવા લાગ્યા.

વત્સ ! મારી ગેરહાજરીમાં તેં કેટલો વેપાર ધંધો કર્યો ? ધનદ જવાબ આપે તે પહેલા જ આજુબાજુમાં ઉભેલા વણિકપુત્રો મશ્કરીથી તરત જ બોલી ઉઠયા.

અરે...શેઠ ? આપના પુત્રે તો આજે ઘણો વેપાર કર્યો છે એક હજાર દીનાર આપીને એક ગાથા લીધી છે ! ખરેખર વાણીજ્ય કલામાં કુશલ આપનો પુત્ર લક્ષ્મીના ઢગલા આપના ઘરમાં ખડકી દેશે.

ઉપહાસયુક્ત વણિકપુત્રોના વચનો સાંભળી ક્રોધથી લાલચોળ બનેલા શેઠ પુત્રને કહેવા લાગ્યા.

રે...દુષ્ટ ? આ તે વેપાર કરવાની રીત છે ! તને દુકાને બેસાડી દેવાળુ કાઢી ઘરભેગા થવાના ધંધા મારે નથી કરવા ? માટે જા... અહિંથી ! તારૂ મુખ પણ મને દેખાડીશ નહિ...! ઘર અને દુકાન ખાલી સારી પણ ચોરોથી ભરેલી નકામી. વળી તારા જેવા પુત્ર હોય છતે પણ શું ?

પિતા વડે અપમાનિત થયેલો ધનદ ગાથાના અર્થને મનમાં વિચારતો ત્યાંથી નીકળી નગરની બહાર આવ્યો. સાંજ પડી ગઇ હતી. નગરની ઉત્તર દિશામાં રહેલા વનમાં તે ગયો. વનમાં આગળ ચાલતાં તેણે સુંદર નિર્મળ જલથી પૂર્ણ એક તળાવ જોયું ત્યાં જઈ તળાવના મીઠા પાણીથી તરસ છીપાવી. સ્નાન કર્યું ત્યારબાદ નજીકમાં જ રહેલા ઝાડ નીચે પડેલા પાનને પાથરી રાત્રિ નિર્ગમન કરવા સૂઇ ગયો.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

સવાર થતા દૈવયોગે શિકારે નિકળેલો એક ધનુધારી શિકારી જલપાન માટે આવતાં હિંસક પ્રાણીઓને મારવા ત્યાં આવી પહોંચ્યો. તે જ વખતે ઝાડ નીચે સૂતેલા ધનદે પડખું ફેરવ્યું અને નીચે પાથરેલા સૂકા પાન ખખડયા. સુકા પાનનો ખડખડાટ સાંભળી દૂર રહેલા શિકારીએ વિચાર્યું નક્કી તલાવનું પાણી પીવા કોઈ પશુ આવી રહ્યું છે અને તેનો વધ કરવા જે દિશામાં પાન ખખડયા હતા તે દિશામાં બાણ છોડયું અને...સન..ન...ન...ન... કરતા બાણે ઝાડ નીચે સુતેલા ધનદનો પગ વિંધી નાખ્યો.

મારા બાણે શિકારને વિંધિ નાખ્યો છે એમ માની તેને જોવા શિકારી ત્યાં આવ્યો ત્યારે પગમાં પેઠેલા બાણની પીડાથી પીડાતા ધનદને હાથમાં કાગળ લઈ ગાથા બોલતો અને વિચારતો જોયો.

ધનદને જોઈ ખેદ પામેલો શિકારી વિચારવા લાગ્યો.

અરે...રે...આજે મારા વડે મોટો અપરાધ થઈ ગયો, અક્કલ વગરના મારાવડે નિર્દોષ, નિરાપરાધિ સુતેલો કોઈ મુસાફર હણાઈ ગયો. તરત જ તેની પાસે જઈ તેને પૂછ્યું "હે ભદ્ર ? મારાવડે અજાણતા થઇ ગયું છે તું કયાં વિંધાયો છે ?

અને...પગમાં ખૂંચેલા બાણને ખેંચી કાઢયું. બાણ નીકળતાં જ લોહીની ધાર છુટી. શિકારી ઘા ઉપર પાટો બાંધવા જાય છે ત્યાં ધનદ તેને રોકે છે. ના...ના...ના... ભાઈ તું જા ? તેં શિકારી પશુને હણવા બાણ છોડયું હતું પણ પણ નસીબે મને વચ્ચે લાવ્યો એમાં તારો કોઈ જ દોષ નથી. માટે જા હું બધું કરી લઈશ.



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasurishwarji Jain Tatvagyanshala
શિકારી મનમાં દુઃખી થતો ત્યાંથી ચાલ્યો ગયો. ધનદના પગ–માંથી લોહી ઘણું વહી ગયું હતું ઘા ઉપર પાટાપીંડી કરવા તે શકિતમાન ન રહ્યો. થોડીવારમાં તે મુર્છા ખાઇને પડી ગયો: એ જ વખતે તે ઝાડ ઉપર રહેલા મહાકાયભારંડ પક્ષિએ તેને મરેલો જાણી પગના પંજાથી ઉપાડયો અને સમુદ્રની મધ્યમાં આવેલા કોઇ દ્વીપમાં લાવીને મૂકયો. જ્યાં તેનું ભક્ષણ કરવાની તૈયારી કરે છે ત્યાં જ ઠંડા પવનની થોડી ચેતનાવાળો બનેલા ધનદને કોઈ ચિન્હ વડે જીવતો જાણી તેને ત્યાં જ મૂકી ભારંડપક્ષિ ઉડી ગયું.

થોડા સમય પછી સંપૂર્ણ ચેતનાવાળો બનેલો ધનદ આળસ મરડી બેઠો થયો અને ચારે તરફ જોવા લાગ્યો. પણ મનુષ્ય વગરની ભૂમિ ઉપર મહાભયાનક અટવી સિવાય કશું નજરે ન પડ્યું તેના મગજમાં વિચારોનો પ્રવાહ ચાલુ થયો.

તે નગરી કયાં ? જ્યાં થોડા સમય પહેલાં હું હતો અને કયાં આ ભીષણ અટવી ? ભાગ્યની બલીહારી છે કે કયાંથી કયાં લાવી મને પટકયો ! કદાચ હું મૂઢ બનીને રડીશ તોયે મારો સાદ કોણ સાંભળવાનું છે. ભૂખ અને તરસ પણ આ અટવી જેવા ભીષણ લાગી છે. હવે બધા વિચારો છોડી ભૂખ-તરસને દુર કરવાનો પ્રયત્ન કરૂ એ જ બરાબર છે.

ધનદ ત્યાંથી ઉભો થયો શૂન્યદ્વીપમાં ફલ અને જલ માટે આમ તેમ ફરવા લાગ્યો તેટલામાં તેણે તૂટીફૂટી ગયેલા માણસો રહીત નગર જોયું અને આશ્ચર્યચકિત બની ગયો. શુન્યનગરમાં ફરતા ફરતા રસ્તાની બાજુ એક કુવો જોયો ઉંડે ઉંડે રહેલુ પાણી કષ્ટ વડે ખેંચી પીને તરસ દૂર કરી અને કદલી વિગેરેના ફળો વડે ભુખ ભાંગી. માણુસ વગરના નગરથી ભયભીત બનેલો ધનદ નગરથી દૂર

Aacharya Shri Vijay Surendrasuriswarji Jain Tatvagyanshala

દૂર ચાલ્યો ગયો. થોડીવારમાં દિવસ અસ્ત થઈ ગયો. ચારે તરફ અંધકાર વ્યાપી ગયો. સુસવાટા મારતો ઠંડો પવન વાવા લાગ્યો. ઠંડીથી બચવા ધનદ પર્વતની નજીક ગયો અને અગ્નિ પેટાવ્યો. તાપણુ તાપતાં તાપતાં આખી રાત પસાર કરી સવારે ઉઠીને જોયું તો જ્યાં આગ સળગાવી હતી તે ભૂમિનો ભાગ સુવર્ણમય બની ગયો હતો ત્યારે તેણે ખબર પડી કે હું સુવર્ણભૂમિ (દ્વીપ) માં આવી ચડયો છું સુવર્ણદ્વીપમાં આવ્યા પછી કોણ દરિદ્ર રહે? એવા વિચારથી તે ભૂમિની માટી ભેગી કરી તેની ઈંટો બનાવી તેમાં પોતાનું નામ લખ્યુ અને આગમાં પકાવી. આ રીતે તેણે સોનાની ઈંટોનો ઢગલો કરી દીધો. ત્યારબાદ પર્વતની આજુ બાજુ ફરતા એક સ્થાનમાં રત્નના ઢગલા જોયા તે રત્નો લઇ સોનાની ઇંટના ઢગલા પાસે લાવીને મુકયા. સોનાની ઇંટો અને રત્નોને સાચવતો ફળો વડે ઉદરતૃપ્તિ કરતો સમય વિતાવવા લાગ્યો.

એક દિવસ આ સુવર્ણદ્વિપમાં દેશ–પરદેશમાં પ્રવાસ ખેડતા ખેડતા પાણી અને ઇંધાન ખુટી જવાના કારણે તે લેવા માટે સુદત્ત નામનો સાર્થવાહ આવ્યો પોતાના વાહનો કિનારા ઉપર લાંગર્યા અને માણુસોને જલ–ઇંધણની તપાસ માટે દ્વિપમાં મોકલ્યા. દ્વિપમાં ફરતા સાર્થવાહના માણુસોએ ધનદને જોયો. નિર્જનદ્વિપમાં માણુસને જોવાથી આશ્ચર્યથી તેને પૂછ્યું. અરે, તું કોણ છે? ધનદે કહ્યું 'હું આ વનમાં રહેવાવાળો વનેચર છું. તમે અહિં શા માટે આવ્યા છો? ધનદે સામો પ્રશ્ન કર્યો.

ભાઇ? અમો સુદત્તશેઠના માણુસો છીએ અમારી પાસે જલ અને ઈંધન ખુટી જતા તે લેવા અહિં આવ્યા છીએ માટે નજીકમાં કયાંય પાણી મળી શકે તેવું સ્થાન હોય તો બતાવો. ધનદે પોતે જે કુવાના પાણીથી તરસ દૂર કરી હતી તે કુવો બતાવ્યો.

Aacharya Vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

સાર્થવાહકના સેવકો તે કુવા પાસે ગયા. ત્યાં ધનદે એકત્ર કરેલા સોનાની ઇંટાનો ઢગલો અને ચમકતા રત્નો જોયા હિસાબ વગરનું સોનુ-રત્ન જોઈ ધનદને પુછ્યું. "આ સુવર્ણપદ કોનું છે ?

મારૂ છે. ધનદે કહ્યું.'

જો આ વનમાંથી મને કોઈ પોતાના વહાણમાં લઈ જાય તેને હું મારા ધનનો ચોથો ભાગ આપીશ. આ પ્રમાણે વાત ચાલતી હતી તેટલામાં પેલો સાર્થવાહ પણ ત્યાં આવી ચડયો. સાર્થવાહને જોઈ પ્રણામ કરી ધનદે તેનો વિનય કર્યો. સાર્થવાહ પણ પ્રેમથી ધનદને ભેટયો અને કુશળતા પૂછી ધનદે પોતાના રત્નો અને ઇંટા ઇષ્ટસ્થાનમાં પહોંચાડવાની અને પહોંચાડયા બાદ તેનો ચોથો ભાગ આપવાની વાત કરી. સાર્થવાહે પણ ધનદની વાતનો સ્વીકાર કરી પોતાના નોકરોને રત્નો અને સોનાની ઈંટા ઉપાડી વહાણમાં ગોઠવી દેવાનો હુકમ કર્યો ધનદે રત્નો અને ઇંટા ગણીને સાર્થવાહને સોંપ્યા.

ઢગલાબંધ કિંમતી રત્નો અને ચળકાટ મારતી સોનાની ઈંટા જોઈ સાર્થવાહની બુદ્ધિ બગડી. વગર મહેનતે આટલી મોટી સંપત્તિ મળતી હોય તો શા માટે જતી કરવી એવી ભાવનાથી દાનત બગડી. લાખોની સંપત્તિનો સ્વામિ બનવા બનતુ બધું જ કરી છૂટવા તૈયાર થઈ ગયો.

સાર્થવાહે પોતાના વિશ્વાસુ નોકરોને બોલાવ્યા અને ખાનગી સુચના આપી જણાવ્યું કોઇપણ રીતે આને પાસેના ઉંડા કુવામાં નાખી દો.

ચીઠ્ઠીના ચાકર જેવા નોકરોએ માલિકનો હુકમ સ્વીકાર્યો અને તરત જ ધનદ પાસે જઇને કહેવા લાગ્યા.

www.jaintatvagyanshala.org

Aacharya Vijay shri Surendrasurishwarji Jain Tatvagyanshala
હે [illegible] ચડ–
ઉતર કરી થાકી ગયા છીયે તેમજ કુવામાંથી પાણી ખેચવાનો અમને અભ્યાસ નથી. જો આપ પાણી કાઢી આપો તો અમે આપનો ઉપકાર નહિ ભુલીયે.

પરગજુ સ્વભાવને ધારણ કરવાવાળા ધનદે નોકરોની વિનંતીથી પ્રેરાઇને પાણી કાઢી આપવા કુવાના કાંઠે આવ્યો ચામડાનો નાનો કોષ નાખી જેવો વાંકો વળે છે તેવો જ પાછળ ઉભેલા સાર્થવાહના નોકરોએ ધકકો મારી ધનદને કુવામાં ધકેલી દીધો. ખુશ થતો સાર્થવાહ ત્યાંથી ચાલી નીકળ્યો.

ભાગ્યશાળીને ભૂત રળે, ધનદ કુવામાં ફેંકાતાની સાથે કુવાના વચલા ભાગમાં એક ઝાડ ઉગેલું હતું તે પાનોથી છવાયેલું હતું તેના ઉપર પડયો. એથી ધનદને કોઈ ઇજા ન થઈ.

પોતાની પાસે રહેલી પેલી ગાથા આવા સંકટના સમયે ગણીને તેનો અર્થ વિચારતો કૂવાની ચારે તરફ નજર ફેરવવા લાગ્યો. ત્યાં તેની દ્રષ્ટિ એક બખોલ ઉપર પડી. બખોલ પણ માણુસ અંદર જઈ શકે એવી મોટી હતી. કૌતુકથી ધનદ એ બખોલમાં પેઠો અને તેને નીચે ઉતરતા પગથીયા જોયાં. આશ્ચર્ય પામતો નિર્જન સ્થાનમાં નિર્ભય બની તે એક પછી એક પગથીયા ઉતરવા લાગ્યો. થોડા પગથીયા નીચે ઉતર્યો હશે ત્યાં સપાટ રસ્તો આવ્યો રસ્તે રસ્તે આગળ જતાં રસ્તાની એક તરફ મહાચમત્કારી ચક્રેશ્વરી દેવીનું મંદિર આવ્યું ચક્રેશ્વરી દેવીના મંદિરમાં જઇ અત્યંત ભકિતભાવથી હાથ જોડી સન્મુખ ઉભો રહી ધનદ સ્તુતિ કરવા લાગ્યો. અત્યંત ભાવવાહી સ્તુતી સાંભળી દેવી પ્રત્યક્ષ થઇને બોલી. વત્સ ? તારી સ્તુતીથી હું પ્રસન્ન થઇ છું તું આ રસ્તે જેમ જેમ આગળ

www.jaintatvagyanshala.org

Aacharya vijayshriSurendrasurishwarji Jain Tatvagyanshala

વધીશ તેમ તારૂં શ્રેય થશે. પરન્તુ દેવનું દર્શન નિષ્ફળ જતું નથી માટે તું તારી ઇચ્છા હોય તે માંગ.

નહિં મા ? તમારૂં દર્શન થયું એટલે મેં ઘણું મેળવી લીધું છે. એથી વધારે બીજુ શું માગવાનું હોય...

તુષ્ટ થયેલી દેવીએ ધનદના હાથમાં પ્રભાવશાળી સુંદર પાંચ રત્નો મુકયા અને રત્નોનો પ્રભાવ સમજાવતાં કહ્યું.

એક રત્ન સૌભાગ્યને કરનારૂં છે, બીજુ રત્ન લક્ષ્મી આપનારૂં છે, ત્રીજુ રત્ન ગમેતેવા ભયંકર રોગને દૂર કરનારૂં છે ચોથુ રત્ન વિષને હરનારૂ છે, અને પાંચમુ રત્ન કષ્ટને નિવારણ કરનારૂં છે.

આ રીતે રત્નોનો પ્રભાવ કહી રત્નોને ઓળખાવી દેવી અદ્રશ્ય થઇ ગઇ.

ધનદે રત્નોના પ્રભાવને બરાબર ચિત્તમાં ધારણ કરી આગળ ચાલવા લાગ્યો ત્યાં એક ઠેકાણેથી તેને ઘા રૂઝાવનારી એક ઔષધી પ્રાપ્ત થઈ તે ઔષધિ પણ તેને લઈ લીધી. થોડા આગળ જઇ તે એક સ્થાનમાં બેઠો. પોતાની જાંઘ ખુલ્લી કરી તેને કટારથી ચીરી નાખી અને પાંચેય ઉત્તમ રત્નો તેમાં ગોઠવી દીધા પછી તરત જ ઘા રૂઝાવનારી ઔષધિ વડે ઘા રૂઝવી નાખ્યો ત્યાંથી આગળ જતાં એક પાતાળનગર જોવામાં આવ્યું અને એક પછી એક કૌતુકથી મુગ્ધ થતો ધનદ પાતાળનગરીમાં ઉતર્યો પાતાલનગરીમાં હારબંધ આલિશાન મકાનો ખુલ્લા પડયા છે. દુકાનો ચીજ–વસ્તુ માલ સામાનથી ભરેલી ખુલ્લી પડી છે પણ મકાનમાં કે દુકાનમાં એક માણસ જોવા મળતો નથી.

www.jaintatvagyanshala.org

Acharya Vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
ધનદ આખું જોઈ વિચારમાં પડી ગયો કે આટલું બધું સુંદર નગર માણુસ વગરનું કેમ ? શું નગરજનો બધા મરી ગયા હશે ? ના, ના, બધા એક સાથે ન મરે. ત્યારે શું બધા ભાગી ગયા હશે.

એક પછી એક પ્રશ્નોની હારમાળામાં ખોવાયેલો તે આગળ વધવા લાગ્યો. નગરની મધ્યમાં આવતાં તેણે ચારેતરફ કિલ્લાવાળો સુંદર દરવાજાથી યુક્ત ભવ્ય મહેલ જોયો વિશાળ રાજમહેલ સાવ ખુલ્લો પડયો હતો. ધનદ રાજમહેલના પગથિયા ચડવા લાગ્યો માળને વટાવતો સાતમે માળે પહોંચી ગયો સાતમે માળે પલંગ ઉપર તેણે અતિસુંદર એક બાલિકાને બેઠેલી જોઇ વિસ્મય પામ્યો તે બાલિ-કાને પૂછવાનો વિચાર કરવા જાય છે ત્યાં જ બાલિકાએ સામે પુછ્યું.

હે...સત્પુરૂષ ? તું આ સ્થાનમાં કેવી રીતે આવી ચડયો.

ભદ્રે ?. સાંભળ આ સ્થાનમાં તું આવ્યો છે પણ હવે તું જીવતો પાછો નહિ ફરી શકે માટે જો તને જીવવાની ઈચ્છા હોય તો સમય બગાડયા સિવાય અહિંથી કયાંય દૂર દૂર ચાલ્યો જા.

બાલિકાની સ્નેહાળ છતાં ભયથી વિહવળ વાત સાંભળી ધનદ બોલ્યો.

ભદ્રે ? તું ખેદ ન કર, જે થવાનું હશે તે થશે. તું તારૂં સર્વ વૃતાંત કહે ! આ નગરી જનશુન્ય કેમ છે ? તું કોણ છે ? અને એકલી કેમ છે ?

ધનદની સાહસિક ધૈર્યવાળી વાત સાંભળી થોડી હિમ્મતવાળી થઈને બાળા બોલી. હે સુંદર ! આ શુન્યનગરીનું કારણ તારે

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

શ્રી તિલક નામના નગરમાં મહેન્દ્રરાજ નામના રાજા રાજ્ય કરતા હતા જે મારા પિતા હતા. મારા પિતાના રાજ્ય ઉપર સીમાડાના રાજ્યોના રાજાઓ ચડી આવ્યા. તેઓની સાથેના યુદ્ધમાં મારા પિતા પરાજય પામ્યા. તેજ વખતે કોઈ વ્યંતર ત્યાં આવ્યો અને કહેવા લાગ્યો "રાજન્! તું પૂર્વભવનો મારો મિત્ર છે. સ્નેહને લઇને હું તારી પાસે આવ્યો છું હું તારૂં શું શ્રેય કરૂં ? મને કોઇ કામ બતાવ.

રાજા બોલ્યો "મિત્ર ! અત્યારે બીજુ કોઇ કામ નથી પણ જેના વડે હું પરાજિત થયો છું એવા આ રાજાઓનો નાશ કર–વામાં તું મને સહાય કર."

વ્યંતર બોલ્યો " તારા શત્રુ રાજાઓ મારાથી હણી શકાય તેમ નથી કારણ કે તે રાજાઓને સહાય કરવાવાળા વ્યંતરો મારાથી અધિક શક્તિશાળી છે. છતાં તને હું બીજી કોઈ રીતે સહાય કરવા તૈયાર છું.

અને તે વ્યંતર અમારા રાજપરિવાર સહિત નગરના બધા જ લોકોને ઉપાડીને અહિં લઇ આવ્યો અને તેને આ પાતાળનગરી બનાવી આ નગરમાં જવા આવવા માટે કુવામાં માર્ગ બનાવ્યો અને કુવાનું રક્ષણ કરવા માટે બહારમાં બીજુ નગર બનાવ્યું જનજીવન ઉપયોગી ચીજ-વસ્તુઓ વહાણો દ્વારા આવવા લાગી. નિર્ભય એવા આ સ્થાનમાં લોકો સુખ અને આનંદથી રહેવા લાગ્યા કેટલો સમય વીતી ગયા પછી એક દિવસ આ કુવાના માર્ગે એક રાક્ષસ આ નગરમાં આવ્યો રાક્ષસ માંસ ખાવાનો શોખિન હતો એટલે રોજ આવીને માણસોને મારી મારીને ખાવા લાગ્યો


www.jaintatvagyanshala.org

રાક્ષસના [illegible] લોકો Aacharya Vijay Shri Surendrasuriswarji Jain Tatvagyanshala
ગભરાઇ જ્યાં ત્યાં ભાગી ગયા. વહાણુની જેને સગવડો મળી તે વહાણુ દ્વારા દૂર દૂર ચાલ્યા ગયા, હે સાહસિક ? આ રીતે પેલા રાક્ષસના પાપે બન્ને નગરો માનવરહિત થઈ ગયા.

તો તું કેમ રહી ગઈ છે ? ધનદે પૂછ્યું.

ભદ્રે ? રાક્ષસ મને કહેવા લાગ્યો : હું પ્રચંડ નરમાંસભક્ષિ માણુસ છું માંસ ખાવાના લોભથી મેં માણુસોને મારી મારીને બંને નગરો ખાલી કર્યાં છે તને જીવતી રાખી છે તે ખાસ કારણુને લીધે રાખી છે.

મેં પુછ્યું "શા કારણે મને જીવતી રાખી છે ?

રાક્ષસે કહ્યું "આજથી સાતમે દિવસે સારો દિવસ છે. તારી જેવી સુંદર છોકરીને મારવા કરતાં પરણુવી સારી એમ માની તને જીવતી રાખી છે એથી હું સાતમે દિવસે તારી સાથે લગ્ન કરી મારી સ્ત્રી બનાવીશ.

હે કુમાર ? આજે સાતમો દિવસ છે રાક્ષસને આવવાની તૈયારી છે એ આવે તે પહેલાં તું જતો રહે.

ધનદ બોલ્યો તું મારી ચિંતા ન કર અને ભય ન પામ એ દુષ્ટ રાક્ષસ મારા હાથે જ રામશરણુ થવાનો છે. એના આયુષ્યના હવે ડંકા વાગી રહ્યા છે.

ધનદના સાહસને જોઈ બાળા પણુ રાક્ષસને મારવાનો ઉપાય બતાવે છે.

www.jaintatvagyanshala.org

Aacharya Shri Vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

સાંભળ કુમાર! રાક્ષસ અહિં આવ્યા પછી વિદ્યાનું પૂજન કરવા બેસે છે પૂજન કરતાં તે બોલતો નથી તેમજ ઉભો પણ થતો નથી. તે વખતે અહિં પડેલા મારા પિતાના ખડગ (તલવાર) ને લઈ તું ધડથી માથુ જુદુ કરી નાખજે.

ધનદ અને કુમારીની વાતચીત ચાલે છે ત્યાં જ હાથમાં કોઇ માણસના મડદાને લઈ ધમાધમ કરતો રાક્ષસ આવી પહોંચ્યો. કુમારી પાસે ધનદને બેઠેલો જોઈ રાક્ષસ કાચાપોચા માણસનું હાર્ટ ફેઇલ થઈ જાય તેવું જોરથી હસ્યો અને એના મોઢાના અણીદાર દાંત ખુલ્લા થયા.

વાહ...! આજે તાજુ માંસ ખવડાવવા તું જાતે હાજર થઇ ગયો છે. ભલે...ભલે...તને પણ થોડીવાર પછી સ્વર્ગમાં મોકલી આપીશ કહી તે ખંધુ હસ્યો હા...હા...હા...હા...

પોતાની સાથે લાવેલા મડદાને એક તરફ મુકી રાક્ષસ વિદ્યાની સાધનામાં બેસી ગયો. ત્યારે અવસરને જોઈ ધનદ ઉભો થયો. પાસે પડેલી પાણીદાર તલવાર હાથમાં મજબુત રીતે પકડી, અને જેટલું જોર હતું તેટલું જોર અજમાવી એક ઘાએ રાક્ષસના માથાને ધડથી જુદું કરી નાખ્યું અને...રાક્ષસ યમસરણ પહોંચી ગયો.

જે શુભ ઘડીએ રાક્ષસ કુંવરીને પરણવાનો હતો તે ઘડીએ રાક્ષસે લાવેલી લગ્નની સામગ્રી વડે ધનદ રાજકુંવરીને ( ગાંધર્વ વિવાહથી ) પરણ્યો. પરણીને કેટલા દિવસ ધનદ તે જ રાજમહેલમાં રહી સુખ ભોગવવા લાગ્યો.

એક દિવસ રાજકુંવરીએ તેના પતિ ધનદને કહ્યું સ્વામિ ? આવા નિર્જન સ્થાનમાં હવે ક્યાં સુધી રહીશું ચાલો આપણે બીજે ક્યાંય ચાલ્યા જઇએ.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

ધનદે મહેલમાંથી ઉત્તમ વસ્ત્રો, રત્નો, સોનું વિગેરે લઈ એક પોટકું બાંધી બન્ને જણા ત્યાંથી નીકળ્યા ચાલતાં ચાલતાં ચક્રેશ્વરી દેવીના મંદિર પાસે આવ્યા દેવીને ભક્તિપૂર્વક પ્રણામ કરી કુવામાં આવ્યા જે ઝાડના માળખામાં ધનદ પડયો હતો ત્યાં આવી સ્થિર થયો.

આ તરફ ઉપર કોઇ વહાણવટુઓ પાણીની શોધ કરતાં કરતાં આ કુવા પાસે આવ્યા અને પાણી કાઢવા કુવામાં દોરડું નાખ્યું. નીચે આવેલા દોરડાને હલાવી ધનદે ઉપર બૂમ મારી અરે......ઓ સજ્જનો ? હું કુવામાં પડી ગયો છું મને બહાર કાઢોને ? તમારો ઉપકાર માનીશ.

મુસાફરોએ અવાજ સાંભળી અંદર નજર કરી બરાબર જોયું કે કુવામાં કોણ છે. અંદર માણસને જોઇને દયાથી તેઓએ આજુ-બાજુથી લાકડા લાવી એક નાની માંચડી બનાવી. દોરડાથી બાંધી કુવામાં ઉતારી આ અરસામાં વહાણનો માલિક પણ ત્યાં આવી ગયો.

ધનદ માચડીમાં બેસી ગયો મુસાફરોએ તેને ખેંચીને બહાર કાઢયો સારામાં સારા વસ્ત્રો અને કિંમતી અલંકારોથી સુંદર દેખાતા ધનદને જોઇ સાર્થવાહે પૂછ્યું.

ઓ કુમાર ? આવા ભયાનક જંગલવાળા બેટમાં તું કેવી રીતે અને કયાંથી આવી ચડયો. અને આ કુવામાં તું કેટલા દિવસથી પડયો છે ?

જુઓ શેઠ ? બધુ તમને પછી જણાવીશ. પહેલા તમે આ કુવામાં મારી પત્નિ અને માલ-સામાનનું પોટકું પણ છે તેને પહેલા બહાર કઢાવો.


www.jaintatvagyanshala.org

Aacharya Vijay Shri Surendrasuriswarji Jain Tatvagyanshala
ધનદે [illegible] અને [illegible] ધનદની સ્વરૂપવાન નવયૌવના પત્નિને જોઈ સાર્થવાહ આભો બની ગયો.

હે કુમાર ? પહેલા તું તારૂં વૃતાંત કહે તું અહિં શી રીતે આવ્યો !

સાંભળો શેઠ હું જાતે વણિક છું પરદેશ કમાવા માટે મારી પત્નિ સહિત વહાણમાં જઈ રહ્યો હતો દૈવયોગે મધ્યસમુદ્રમાં અમારૂં વહાણ તુટી ગયું અમે બન્ને તૂટેલા વહાણના પાટીયાના આધારે તણાતાં તણાતાં આ દ્વિપમાં આવી ચડયા. તૃષાતુર થયેલી મારી પત્નિ પાણીની શોધ કરતી આ કુવા પાસે આવી. વાંકી વળી કુવામાં પાણી છે કે નહિ એ જોતાં ઉછળી કુવામાં પડી ગઇ. પત્નિના સ્નેહથી ખેંચાઈ હું પણ તેની પાછળ કુવામાં કુદી પડયો અમારૂં ભાગ્ય કાંઇક જાગતુ હશે અમે કુવામાં એકદમ અંદર ન પડતા વચ્ચે જ મેળખામાં અટકી ગયા. આ કુવામાં જલદેવી છે તે અમારા ઉપર પ્રસન્ન થઈ આ રત્ન-સુવર્ણ વિગેરે ધન અમને આપ્યું છે અને કહયું હતું કે એક વહાણ આ દ્વિપમાં આવશે તેના માણસો તમને કાઢશે તેમની સાથે તમે તમારા સ્થાનમાં જતા રહેજો.

ધનદની વાત સાંભળી સાર્થવાહ બોલ્યો. હું પણ તારા દેશનો છું વેપારાર્થે કટાહદ્વિપ ગયો હતો ત્યાં વેપાર કરી પાછો દેશ તરફ જઇ રહ્યો છું માટે તું પણ મારી સાથે ચાલ તારી પત્નિને અને ધનના પોટલાને વહાણમાં ચડાવી દે ધનદે પત્નિને-ધનને વહાણમાં ચડાવી પોતે પણ વહાણમાં ચડી ગયો. અને સાર્થવાહને કહયું. શેઠ ? મારા દેશમાં પહોંચ્યા પછી હું મારા આ ધનમાંથી છઠ્ઠો ભાગ તને આપીશ.


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

ના...ભાઈ...ના... ધન તો હાથનો મેલ છે. ધન લેવા કરતાં તમારા જેવાની ભક્તિ જ મારા માટે મહાધન છે. તમો નિશ્ચિંત બની પ્રવાસ કરો.

વહાણ આગળ ચાલવા લાગ્યું દ્વિપના કિનારાથી આગળ ચાલ્યા બાદ સુંદર સ્ત્રી અને કિંમતી ધન જોઈ સાર્થવાહનું મન બગડયું અને ધનદની સ્ત્રીને પોતાની પત્નિ બનાવવા ધન લઈ ધનપતિ થવાની દુષ્ટ ભાવના જાગી. ધનદ જ્યાં સુધી જીવતો હોય ત્યાં સુધી ભાવના સિદ્ધ થાય નહિ. એથી કાંટાસમાન ધનદને વચ્ચેથી દુર કરવાના ઉપાયો વિચારવા લાગ્યો.

એક દિવસ રાત્રિના સમયે ધનદને મળશુદ્ધિ [સંડાસજવા]ની શંકા થઈ એથી તે ઉભો થઈ વહાણના માંચડા પાસે આવ્યો અને ઉપર બેઠો.

વહાણમાં બધા જ માણસો ઘસઘસાટ ઉંઘતા હતા. ધનદની પત્નિ પણ ભરનીદ્રામાં પડી હતી. પણ દુષ્ટબુદ્ધિ સાર્થવાહ જાગતો હતો. ધનદને મારવાના ઉપાયો શોધવામાં તેની ઉંઘ હરામ થઈ ગઈ હતી.

ધનદને વહાણના માંચડા ઉપર ચડેલો જોઈ સાર્થવાહ ગુપચુપ ઉભો થયો. ચોરપગલે ધનદની પાછળ આવી ઉભો રહ્યો. ધનદની દષ્ટિ સમુદ્રના પાણી તરફ હતી.

અને...જોરથી એક ધક્કો મારી ધનદને દરિયામાં ફેંકી દીધો. સાર્થવાહ પાછો આવી પોતાના બિછાનામાં બેસી જોરથી બુમ મારી.


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

અરે...સેવકો જાગો જાગો...? ધનદ હાજતે ગયો છે તે ઘણો સમય થવા છતાં પાછો આવ્યો નથી તો સમુદ્રમાં તો નથી પડી ગયો ને ? જાવ...તપાસ કરો...ધનદનું શું થયું.

બનાવટી શોક અને ખેદ કરીને માણસો પાસે ધનદની તપાસ કરાવડાવી પત્તો લાગ્યો નહિ ત્યારે હૈયાફાટ રૂદન કરતી ધનદની પત્નિ પાસે આવી સાર્થવાહ બોલવા લાગ્યો.

ભદ્રે ? ધનદની મેં ઘણી તપાસ કરાવી પણ પત્તો લાગ્યો નથી. એથી લાગે છે કે જરૂર તે સમુદ્રમાં પડી ગયો છે. ધનદની આવી દુર્ઘટના થવાથી મને પણ ખૂબ આઘાત લાગ્યો છે. પણ શું થાય ? કુદરત પાસે કોઇનું ચાલતું નથી. તારો પતિ મરણ પામ્યો છે તે કાંઇ પાછો આવવાનો નથી. માટે હવે તું શાંત થા. શોક કરવાનું છોડી દે. તું જરાય ચિંતા ન કર. તારા પતિ જેવો જ પ્રેમ હું તને આપીશ. તારી ફુલ જેવી કોમળ કાયા રોઈને કે શોકમાં કરમાવી નાખવાની જરૂર નથી. નવયૌવનનો લ્હાવો લુંટવા તારા મૃત પતિની હું ગરજ સારીશ. માટે ફરીથી લગ્ન કરીને મારી પત્નિ થઈ જા.

સાર્થવાહના વાસનાયુકત વચનો સાંભળી રાજકુમારી વિચારવા લાગી. "બહારથી સુંદર દેખાતી મારી આ કાયામાં લુબ્ધ બની મને ભોગવવાની દૂષ્ટ ભાવનાથી જ એણે મારા પતિને મારી નાખ્યો છે. મારા પતિની ગેરહાજરીમાં હવે આ નીચ જરૂર મારા પર બલાત્કાર કરશે. અને મારા શીલનો ભંગ કરશે. આવા સકંટ સમયે અસહાય હું કાંઇ જ નહિ કરી શકું માટે કોઇપણ રીતે પ્રેમપૂર્વક જવાબ આપી સમય પસાર કરું જેમ કાળ પસાર થશે તેમ કાળ આ દુષ્ટ દુરાચારીને પણ કોળીયો કરી જશે.



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
સાર્થવાહ ? તમારી સાથે લગ્ન કરવાની મારી ક્યાં ના છે પણ આપણે તમારા નગરમાં પહોંચ્યા બાદ ત્યાંના રાજાની રજા લઈ આ કામ કરીશું એથી સારુ દેખાશે.

રાજકુમારીનાં પોતાની ઇચ્છા મુજબના વચનો સાંભળી સાર્થ-વાહ ખુશ ખુશ થઈ ગયો. અરે...રાજાને તો ઘણુ ધન આપી ખુશ કરી દઇશ અને તેની રજા લઈ આ સુંદરીને પરણીશ.

સાર્થવાહનું વહાણ પોતાના નગર તરફ વેગથી આગળ વધવા લાગ્યું.

આ તરફ સાર્થવાહના ધક્કાથી ધનદ સમુદ્રમાં પડતાંની સાથે કોઈ તૂટી ગયેલા વહાણનું પાટીયું હાથમાં આવી ગયું તે પાટીયાને મજબુત પકડી સમુદ્રના મોજામાં ઉછળતો પાંચ દિવસે પોતાના નગરના કનારા નજીક આવ્યો. હર્ષથી નગરને જોવે છે તેટલામાં એક મોટો મચ્છ (માછલી) પાટીયા સહિત ધનદને ગળી ગઇ. નરક જેવા મત્સયના પેટમાં ધનદ ચાલ્યો ગયો મત્સયના પેટમાં જ્યાંસુધી શુદ્ધિ રહી ત્યાં સુધી તે પેલી ગાથાને અને ગાથાના અર્થને વિચારવા લાગ્યો. વિચાર કરતાં કરતાં તેને દેવીએ આપેલા પાંચ રત્નો યાદ આવ્યા. આપત્તિને દૂર કરનાર રત્નનું તેણે મનમાં સ્મરણ કર્યું રત્નના પ્રભાવથી મત્સ્ય માછીમારોની જાળમાં ફસાઈ ગયું માછીમારો મોટું મત્સ્ય જાળમાં આવવાથી ખુશ થયા તેને બહાર કાઢી ત્યાં જ તેને ચીરી નાખ્યું મત્સયના પેટમાં માણુસ જોવાથી માછીમારો આશ્ચર્યચકિત થઇ ગયા.

માછીમારોએ ધનદને બહાર કાઢયો ચોકખા પાણીથી ધોઇ તેને સ્વચ્છ કર્યો એક માછીમારે રાજા પાસે જઇ આ ઘટના જણાવી.


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
માછીમારોની વાત સાંભળી રાજા પણ વિસ્મય પામ્યો અને માછલીના પેટમાંથી નીકળેલા એ માનવીને પોતાની પાસે લઈ આવવા જણાવ્યું.

ધનદ રાજાની સમક્ષ હાજર થતાં રાજાએ તેને પુછ્યું. "કુમાર આવી વિચિત્ર ઘટના કઇ રીતે બની ? તું કોણ છે ? આ મત્સ્યના જઠરમાં શી રીતે પડયો ?

આ ઘટનાથી મને તો ખૂબ જ નવાઇ લાગે છે. મને બધી હકીકત જણાવ જેથી મને સંતોષ થાય.

સાંભળો રાજન્ ! હું જાતનો વણિક છું મારૂ વહાણુ મધદરિયે તૂટી જવાથી પાટીયાના આધારે કીનારા સુધી આવ્યો માથું ઉંચુ કરીને નગર તરફ દ્રષ્ટિ કરૂં છું એટલામાં એક મોટો મત્સ્ય આવી પાટીયા સહિત મને ગળી ગયો. તે મત્સ્યને આ માછીમારોએ પકડયું અને ચીર્યું તેમાંથી હું બહાર નીકળ્યો અને આપની સમક્ષ ઉભો છું.

રાજા ધનદને પોતાના મહેલે લઈ ગયો અને તેનું મત્સ્યોદર નામ રાખી પોતાની પાસે સ્થગીધરના પદ ઉપર બેસાડયો.

ધનદે પોતાનું સત્ય વૃતાંત જણાવ્યુ નહિ. રાજાની પાસે પોતાના દિવસો નિર્ગમન કરે છે.

ધનદની સાથે વિશ્વાસઘાત કરનાર. સોનાની ઇંટો પચાવી પાડનાર સાર્થવાહ સમુદ્રની મુસાફરી કરતો કરતો પ્રતિકુળ હવામાનના કારણે આ નગરના કિનારે આવ્યો વહાણો લાંગરીને સાર્થવાહ ઘણું ભેટણું લઇ રાજા પાસે આવ્યો ભેટણું ધરી પ્રણામ કરી ત્યાં બેઠો.


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

રાજાએ તેની સાથે વાતો કરી કુશળતા પૂછી અને તેના સન્માન માટે સ્થગીધર એવા ધનદ પાસે તાંબુલ અપાવ્યું તાંબુલ આપતાં ધનદે સાર્થવાહને ઓળખ્યો સાર્થવાહે ધનદને ઓળખ્યો. સાર્થવાહ વિચારવા લાગ્યો. મેં જેની સોનાની ઈંટો લઈ કુવામાં ફેંકાવી દીધો હતો તે આ જ માણસ લાગે છે અહિં કેવી રીતે આવ્યો હશે ?

સાર્થવાહ રાજાને પ્રણામ કરી ઉભો થયો ત્યારે રાજાએ તેનો અડધો કર માફ કર્યો. સાર્થવાહ પોતાના સ્થાને ચાલ્યો ગયો. પોતાના સ્થાને જઈ નગરના એક રહેવાસીને પુછયું ભાઈ? રાજાની પાસે જે સ્થગીધર છે તે આ નગરનો છે કે બીજો કોઈ છે ?

નગરજને ધનદનો વૃતાંત જણાવ્યો. એથી તેની ધારણા પાકી થઇ ગઇ.

દુષ્ટ માણસો પોતાની દુષ્ટતા પોતાના પાપો ઢાંકવા હરપળે આચરતા હોય છે.

રાજાનો માનીતો એક ચંડાળ ગાયક (ગવૈયો) સાર્થવાહની પાસે આવ્યો તેણે સુંદર ગીતો ગાઇને બધાને ખુશ કરી દીધા સાર્થવાહે તેને સારૂં ઈનામ આપ્યું અને એકાંતમાં બોલાવીને કહ્યું. 'જો તું મારૂં એક કામ કરે તો તને પુષ્કળ ધન આપીશ.

શેઠ ? જે કામ હોય તે કહો. તમે જરાય ચિંતા કરશો નહિ. રાજા મારે આધિન છે એટલે મારા માટે કોઈ કામ કઠીન નથી.

તો સાંભળ ! તારે રાજાના કાનમાં જઇ કહેવાનું કે આ મત્સ્યોદર મારો ભાઇ છે. ગાયકે તે વાતનો સ્વીકાર કર્યો. પ્રસન્ન થયેલા સાર્થવાહે તેને ચાર મોટા સોનાની ઈંટો આપી.


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

ચંડાળ ગાયક બીજા દિવસે રાજદરબારમાં જઈ ખુબ સુંદર ગાયન ગાયું. ગીત સાંભળી ખુશ થયેલા રાજાએ સ્થગીદર (મત્સ્યોદર) ને તાંબુલ આપવાનો હુકમ કર્યો. મત્સ્યોદર તાંબુલ આપવા ગાયકની પાસે ગયો. અને લાગ જોઇ મત્સ્યોદરના ગળામાં વળગી, ઓ ભાઈ ? ઓ ભાઈ આટલો વખત તું કયાં ગયો હતો ? તારા વગર તો અમને જરાય નથી ગમતું અને...જાણે ઘણા સમયે ભાઇનુ મિલન થયું ન હોય ? તેમ રોવા લાગ્યો.

આ દૃષ્ય જોઈ "રાજાએ મત્સ્યોદરને પુછ્યું" આ બધું શું છે ? આ ગાયક જે કહે છે તે સત્ય છે ?

ધનદ બોલ્યો "રાજન ? હા...બધી વાત સાચી છે."

પણ...શી રીતે સત્ય માનવી !

આવી પડેલા અવસરને ધ્યાનમાં રાખી ધનદ બોલ્યો.

આ નગરમાં અમારો પિતા ચંડાળ ગાવામાં નિપુણ હતો તેને બે પત્નિઓ હતી. તે બે પત્નિ દ્વારા અમે બે પુત્રો થયા. તેમાં મારી માં મારા પિતાને ગમતી ન હતી એટલે મારા ઉપર પણ બહુ પ્રેમ ન હતો. આ મારા ભાઈની મા. પિતાજીને વહાલી હતી. એટલે આ ભાઈ પણ પિતાને પ્રિય હતો.

ભવિષ્યનો વિચાર કરી મારા પિતાએ મારી જંઘામાં (સાથળ) પાંચ રત્નો નાખ્યા, અને દવા લગાવી ઘા રુઝવી દીધો. ત્યારબાદ મને કહ્યું બેટા ? બહુ ખરાબ સમય આવે ત્યારે તારી જંઘામાં મુકેલા રત્નોનો ઉપયોગ કરજે એમ કહી મને પ્રસન્ન કર્યો. ત્યારબાદ


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasurisvarji Jain Tatvagyanshala

આ મારો ભાઈ પિતાને વધારે પ્રિય હોવાથી તેના આખા શરીરમાં રત્નો ગોઠવ્યા છે.

અને પોતાની વાતની ખાત્રી કરાવવા માટે ધનદે સભામાં તરત જ પોતાની જંઘા ચીરી પાંચ રત્નો બહાર કાઢી રાજાને દેખાડયાં ઘણા કિમતી રત્નો જોઈ રાજા ચકીત થઈ ગયો.

ત્યારપછી રાજાએ પોતાના સીપાઈને આજ્ઞા કરી જાવ. આ ગાયકના આખા શરીરને ચીરીને બધા રત્નો બહાર કાઢો?

રાજાની વાત સાંભળી ગવૈયો ખૂબ જ ડરી ગયો હાય...હાય...મને મારી નાખશે.

નહિ રાજન નહિ આ મત્સ્યોદર મારો ભાઈ નથી હું એને ઓળખતો પણ નથી તેમજ મારા શરીરમાં રત્નો પણ નથી.

ગવૈયો પોતે કહેલી બધી વાતો જુઠી છે એમ બોલે છે. છતાં રાજાના સેવકો હાથમાં ધારદાર છરા લઈને તેનું શરીર ચીરવા આવી પહોંચ્યા ભયનો માર્યો ગવૈયો બોલી ઉઠયો.

અરે પહેલા મારી વાત તો સાંભળો? આ સાર્થવાહે મને સોનાની ઈંટો આપી તેમજ બીજી વધુ ઈંટો આપવાની લાલચ આપી. ઘણું ધન મળવાના લોભથી સાર્થવાહના કહેવા પ્રમાણે આ જુઠું નાટક કર્યું છે, અને રાજન? મારી વાત ઉપર વિશ્વાસ ન આવતો હોય તો મારા ઘેરથી સોનાની એ ઈંટો મંગાવી ખાત્રી કરી જુઓ.

મને વગર વાંકે ન મારશો મા-બાપ?


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

ગવૈયાની વાત સાંભળી રાજાએ મત્સ્યોદરની સામે નજર કરી. મત્સ્યોદરની સામેઃ નજર કરી. એટલે મત્સ્યોદરે કહ્યું ગવૈયાની વાત સત્ય છે.

ગવૈયાએ પહેલા જે વાત કહી તે સત્ય છે અને હમણા જે કહ્યું તે પણ સત્ય કહે છે આમાં શું ગોટાળો છે? જે સત્ય બીના હોય તે જણાવ.

રાજન? આ સાર્થવાહના વહાણમાં મારી સવા આઠસો સોનાની ઈંટો હજાર મૂલ્યવાન રત્નો છે જે ઈંટો છે તેમાં મારા નામની મહોર છે. સાર્થવાહે કરેલા વિશ્વાસઘાતનો સર્વ વૃત્તાંત જણાવ્યો. મત્સ્યોદરે કહેલી બધી તાત સાંભળ્યા બાદ રાજાએ ગવૈયાના ઘેરથી તે ઈંટો મંગાવી બે ઈંટોના જોડાણને તેમાં ધનદનું નામ જોયું અને રાજાના ભવાં ચડી ગયા ગુસ્સામાં આવીને ફરમાન કર્યું જાવ આ બન્ને સાર્થવાહ અને ગવૈયાને સુળીએ ચડાવી દો. આવા નરાધમો પૃથ્વી ઉપર રહેવાને લાયક નથી.

રાજા થોડા શાંત થયા ત્યારે ઉપકારી મત્સ્યોદરે બન્નેને વધ સ્થાનથી છોડાવ્યા, સાર્થવાહની પાસે રહેલુ ધનદનું ધન જપ્ત કરી ધનદને પાછું અપાવ્યું અને બન્નેને યોગ્ય શિક્ષા કરી, ધનદને સુવર્ણના પાણીથી નવડાવી પવિત્ર કર્યો.

એક દિવસ ખુશમાં બેઠેલા રાજાએ ધનદને પૂછ્યું "મત્સ્યોદર" તારો આ એક પ્રસંગ જોવાથી તારૂ વૃતાંત મને કોઈ જુદા જ પ્રકારનું લાગે છે. મારા અનુમાનથી મને લાગે છે તું કોઇ સામાન્ય માણસ નથી. માટે તારૂ જે રહસ્યમય વૃતાંત હોય તે મને કહે.

રાજન્? મારી બધી વાત આપને જણાવું પણ મારી વાત ક્યાંય પ્રસિદ્ધ ન કરશો કારણ આ સાર્થવાહની જેમ બીજા એક


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
સાર્થવાહે પણ મારી સાથે વિશ્વાસઘાત કર્યો છે. તેણે મને સમુદ્રમાં ફેંકી દઈ મારી સુંદર પત્નિ અને ઘણું ધન લઇ લીધું છે. કદાચ તે પણ અહિં આવી જાય તો મારી બધી ચીજ મને પાછી મળી જાય.

હું આપના નગરનો જ નગરજન છું મારા પિતાનું નામ રત્નસાર શેઠ છે. મેં હજાર સોનામહોરથી ખરીદેલી એક ગાથાના કારણે રોષથી મને કાઢી મૂકાયેલો આ રીતે ધનદે સર્વવાત રાજાને જણાવી. રાજા ધનદની સાહસિકતા અને ઉપકારીપણાના ગુણોથી પ્રસન્ન થઈ પોતાની પાસે રાખ્યો. અને કાર્યસિદ્ધ ન થાય ત્યાંસુધી સર્વ વાત ગુપ્ત રાખવાનું વચન આપ્યું.

ભાગ્યની બાજી સીધી પડતા થોડા જ દિવસોને અંતે બીજો સાર્થવાહ પણ આ નગરના દરિયાકાંઠે વહાણો લઈ આવી પહોંચ્યો. નિયમાનુસાર સાર્થવાહ રાજાને ધરવાનું નજરાણું અને ધનદની પત્નિને લઇ રાજા પાસે આવી પહોંચ્યો. દૂરથી જ ધનદ બંનેને ઓળખી ગયો. અને રાજાની સાથે શું વાતચીત થાય છે તે જાણવા સંતાઇને એક તરફ ઉભો રહ્યો.

સાર્થવાહને જોઇ રાજાએ પૂછ્યું. "શેઠ ? કઈ તરફથી આવો છો ? આ સાથે જે છોકરી દેખાય છે તે તો તમારી પુત્રી અથવા પુત્રવધુ હશે ?

જી...હું દેશ-પરદેશમાં વેપાર કરતો કરતો આવી રહ્યો છું આ છોકરી મને એક નિર્જન દ્વિપમાંથી મળી છે. મેં તેને સુંદર વસ્ત્રો, અલંકારોથી સુશોભિત કરી છે. જો આપની આજ્ઞા મળે તો જ આ બાળા મારી પત્નિ થાય તેમ છે. સાર્થવાહે કહ્યું.


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

કેમ બેટા ? તને આ વર પસંદ છે ને ? રાજાએ તે છોકરીને પૂછ્યું.

અને...છોકરી સાર્થવાહના નામની પોક મૂકી ભભૂકી ઊઠી.

પિતાજી ? આ પાપીને મારા વર બનાવવાની વાત કરો છો ? મારા રૂપને જોઈ પોતાની અધમ વાસનાને સંતોષવા આ નરાધમે મારા પતિને સમુદ્રમાં નાખી દીધો રસ્તામાં મારી સાથે કોઈ અડ-પલાં ન કરે એ હેતુએ હું રાજાની આજ્ઞાથી પત્નિ બનીશ એવી વાત કરી. આજ સુધી હું મારા શીલને સાચવીને રહી છું હવે હું પતિવિયોગમાં અગ્નિ પ્રવેશ કરવા માગુ છું.

બેટા ? મરવાની ઉતાવળ ન કર. તું સૌભાગ્યવતી છે. તારા પતિને હું મેળવી આપીશ.

પિતાજી ? અસંભવ વાત છે. ભરદરિયે પડેલા મારા પતિ પાછા ક્યાંથી આવે ?

પણ તને દેખાડુ તો ?

રાજાએ તાંબુલ આપવા ધનદને બોલાવ્યો.

બેટા ? જોઇ લે તારા પતિને બરાબર છે ને ? ન બની શકે એવી વાત બનવાથી સાશ્ચર્ય તે પોતાના પતિને જોવા લાગી.

જ્યારે ધનદે સૂન્યનગરનો, રાક્ષસ વધનો, સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો, વૃત્તાંત સાંભળી. સાચ્ચે જ મારો પતિ છે જાણી હર્ષઘેલી બનેલી, આનંદના અશ્રુ વહાવતી તે પોતાના પતિના ચરણોમાં પડી.


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
ધનદે તેને બન્ને બાજુ પકડી ઉભી કરી. રાજાએ બન્નેને પતિ-પત્નિ તરીકે જાહેર કર્યા.

સજ્જનના લેબાસમાં દુર્જનતાને આચરનાર સાર્થવાહને મારી નાખવાનો રાજાએ હુકમ કર્યો ત્યારે દયાળુ ધનદે તેને પણ છોડાવ્યો ત્યારબાદ સાર્થવાહના વહાણમાંથી અલંકાર વિગેરે બધી વસ્તુ મંગાવી ધનદને સોંપી સાર્થવાહની ત્યાંથી હકાલપટી કરી.

સ્ત્રી સહિત ચાલી ગયેલી બધી પોતાની વસ્તુ મળી ગયા બાદ એક દિવસ રાજાની આજ્ઞા લઇ પરિવાર સહિત ધનદ પોતાના પિતાના ઘેર ગયો.

રાજ્ય માન્ય માણુસને પોતાના ઘેર આવેલા જોઈ રત્નસાર શેઠે તેનુ સ્વાગત કર્યું અને બોલ્યા રાજાના માનીતા આપ મારા ઘેર પધાર્યા તેથી મને આનંદ થયો છે મારા ઘરમાં છે તે બધુ આપનુ છે જે કામ માટે આવ્યા હોય તે ફરમાવો. શેઠ ધનદની સામે હાથ જોડી ઉભા રહ્યા.

તમે બોલ્યા તે બરાબર છે પણ હું તમને પુછુ તેનો જવાબ આપો. તમારો ધનદ નામનો જે પુત્ર હતો તે હાલ ક્યાં છે તેની ખબર છે?

શેઠ પોતાના પુત્ર જેવા આકારવાળા તેને જોઈ વિચાર કરી બોલ્યા જ્યારથી હજાર સોનામહોરથી ખરીદેલી ગાથાના કારણે ઠપકો આપ્યો ત્યારથી તે ચાલ્યો ગયો છે વર્ષો વીતી જવા છતાં તેના


www.jaintatvagyanshala.org

Acharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

કોઈ સમાચાર [illegible] આકૃતિ [illegible] મને લાગે છે કે તમેજ મારા પુત્ર છો પરંતુ જ્યાં સુધી તમે ગોળગોળ વાત કરવાની છોડી સત્ય ન કહો ત્યાં સુધી મને શંકા રહ્યા કરે કારણ કે દુનીયામાં સરખી આકૃતિવાળા ઘણા હોય છે.

પિતાજી ? ખરેખર હુંજ તમારો પુત્ર છું રાજા પાસે જે મત્સ્યોદરકુમાર હતો તે હુંજ હતો. અને ધનદ પિતાના ચરણોમાં નમ્યો, પિતાએ તેને ઉભો કરી પ્રેમથી ભેટયા અને બોલ્યા બેટા ? આટલા સમયથી તુ નગરમાં છે છતાં તને ઘરડાં મા-બાપને મળવાની ઇચ્છા ન થઇ ? તને આવેશમાં બોલાયેલા વચનોથી મારા ઉપર આટલો બધો તિરસ્કાર થયો ? ના...ના...પિતાજી ! કોઇ નહિ ને તમારા ઉપર તિરસ્કાર, જરાય નહિ. હું તમારો આજ્ઞાકિંત પુત્ર છું.

બેટા...? પણ એ તો કહે તું આટલા વર્ષો કયાં રહ્યો ? અને કષ્ટ તો ઘણું પડયું હશે ?

ધનદે ઘરથી નિકળ્યા બાદ આજ સુધીનો બધો ઇતિહાસ કહી સંભળાવ્યો. અને પોતાની પાસે ઉભેલી પત્નિ તરફ આંગળી કરી કહ્યું પિતાજી ? આ આપની પુત્રવધુ અને પુત્રવધુએ સસરાના ચરણે માથું નમાવ્યું સસરાએ આશિર્વાદ આપ્યા.

પિતાજી ? તમે રાજાને વિનંતી કરો જેથી હું ઘેર આવી શકું કારણ પ્રેમને કે લઇને રાજા મને નહિ છોડે.

પુત્રને ઘેર લાવવા રત્નસારશેઠે રાજ્યસભામાં જઈ રાજાને પોતાના આવાશે ભોજન માટે પધારવા આમંત્રણ આપ્યું રાજાએ તેનો સ્વીકાર કર્યો.


www.jaintatvagyanshala.org

Aacharya vijayshri Surendrasuriswarji Jain Tattvagyanshala

એ! જ્યારે આચાર્યશ્રીના નિયત દિવસે ધનદ પોતાની પત્નિ સહિત મહારાજાના પરિવાર સાથે ધામધૂમપૂર્વક પોતાને ઘેર આવ્યો. શ્રેષ્ઠિએ સર્વનું ખૂબ જ દબદબાથી સ્વાગત કર્યું. શ્રેષ્ઠિને આજે હર્ષની અવધિ ન હતી. મહારાજા વિગેરે સર્વે ભોજનાદિ કાર્યથી નિવૃત્ત થયા.

ધનદે પોતાની પાસે રહેલા દૈવી શક્તિથી શોભી રહેલા રત્નો વડે ઘણાનો ઘણો ઉપકાર કર્યો. આરાધનામય જીવનો કિંમતી સમય પસાર કરતાં જ્ઞાની ગુરુની પાસે પોતાના પૂર્વભવનો રોમાંચક વૃત્તાંત સાંભળી અધિક વૈરાગ્યવાસિત બની. મહારાજાની સાથે પોતે તે જ ગુરૂદેવની પાસે ચારિત્ર ધર્મનો સ્વીકાર કરી, નિર્મળ આરાધના દ્વારા દેવસુખ ભોગવી અંતે મોક્ષસુખને પ્રાપ્ત કરશે.

માનવીને સુખ મેળવવા માટે ઠેકઠેકાણે ફાંફા માર્યા પછી પણ છેવટે ધર્મનો આશરો લેવો પડે છે. ધર્મની આરાધના સિવાય કોઇ જ પદાર્થોમાં જીવ સુખ-શાંતિનો અનુભવ કરી શકતો નથી.

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# કોઈ મારૂં નથી

## હું કોઈનો નથી

સંસારને મુસાફરખાનું માનીને જીવનારો માનવી ક્યારેય દુઃખનો અનુભવ કરતો નથી. મારા–તારાનું વિશ્લેષણ જ વિષમ પરિસ્થિતિ પેદા કરે છે, જીવનથી સંબંધીત બનેલી કોઇ વસ્તુ જીવનના યથાયોગ્ય શુદ્ધ ધ્યેયને અનુસરવાવાળી નથી. જીવનું માનવ-લોકમાં જે રીતે અને જે સ્થિતિમાં આગમન થયું છે એ જ રીતે એ જ સ્થિતિમાં પુણ્ય–પાપની વધઘટ થાય છે. ત્યારે એક કવિનું અંતર પત્ર પર પ્રગટ થાય છે.

"કોઇ મારૂ નહિ આ જગમાં,
હું કોઈનો નહિ આ જગમાં;
જે છે તે પંખી મેળો,
વિખરાયે એક જ પલમાં."

આવા ભાવ જ્યારે અંતરપટ પર કોતરાઇ જાય છે ત્યારે ભયંકર દુઃખના ઓળા પણ હૃદયને ઓગાળી શકતા નથી. નંદનવન સમા જીવનને ઉજ્જડ બનાવવા સમર્થ બની શકતા નથી. પરં એ ઓળાના ચાળા પાડી રાગના રાગને વિરાટ કદમમાં ઓળઘોળ કરી વિરાગના ઝમકદાર વિજયને હાંસલ કરે છે.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
ખળખળાટ કરતી વહી રહેલી નદી કિનારે ઉંબર નામનું મઝાનું ગામ હતું. માટીની કાયામાં માયા બાંધેલ માનવીઓએ મનગમતા માટીના ખોલડાં બાંધ્યા હતા. કુદરતી રમ્યતાનું આબેહુબ વાતાવરણ વર્તાતું હતું. ગામ વચ્ચે સુંદર મંદિર અને પાસે જ ધર્મસ્થાન હતું. વિહારમાં જતા આવતા સાધુ–સંતો આ ભૂમિને પાવન કરતા જતા હતા અને વૈરાગ્યવાણીનું અમૃતપાન ભાવિક ધર્મઘેલી જનતાને કરાવતા હતા.

વર્ષોથી અનેક પરમપવિત્ર પુનિતપંથના યાત્રિ મહાપુરૂષોની વૈરાગ્યરસભરપુર વાણી સાંભળ્યા બાદ એક શ્રાવિકાબહેને પ્રવચનના સારરૂપ બે પંકિત પોતાના હૈયામાં દૃઢ રીતે ઉપસાવી કાઢી હતી. એ માન્યતાનો મન સાથે પૂર્ણ સંબંધ કેળવી લીધો હતો.

"કોઈ મારુ નહિ આ જગમાં.

હું કોઇનો નહિ આ જગમાં."

આ માન્યતામાં એકસર બનેલો જીવ ગમેતેવા મરણતોલ ઝંઝાવાતોમાં ડગતો નથી. નિરાશા–હતાશામાં દિગ્મૂઢ બનતો નથી. ભાગ્યે ભજવેલી ભવાઈ માની પોતાના આત્માને વધુ વૈરાગ્યવાસિત બનાવે છે.

એ...દિવસે સવારે તે શ્રાવિકા પોતાના બે નાના બાળકોને ઘરમાં રાખી. ગુરૂદેવનું પ્રવચન સાંભળવા ચાલી ગઈ.

આ તરફ બન્ને બાળકો ઘર આંગણેથી રમતા રમતા નદી કીનારે ચાલ્યા ગયા. રમતમાં ભાન ભૂલેલા બન્ને બાળકોમાંથી એકનો પગ લપસ્યો અને સીધો પાણીમાં પટકાયો. પાણીમાં ઉપર-નીચે ઝોલા ખાઈ રહેલા ભાઇને જોઇ કીનારે ઉભેલા બીજા ભાઇથી

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
ન રહેવાયું ભાઈ ! લાવ તને બહાર કાઢું ? કુંડી ઉપર થયેલા પોતાના ભાઈનો હાથ ઝાલ્યો ખેંચવાનો પ્રયત્ન કર્યો પણ...નાના બાળકમાં કેટલી તાકાત.' ભાઈને બહાર ખેંચી શક્યો નહિ તેમજ પ્રેમને લઈને હાથ છોડી શક્યો પણ નહિ અને...પાણીમાં પડેલા ભાઈને બહાર કાઢવાની નિષ્ફળતામાં પોતે પણ ભાઈની સાથે પાણીમાં ધકેલાઈ ગયો.

બન્ને ભાઈ નિઃસહાય બની પાણીમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાવા લાગ્યા. થોડા જ સમયમાં બન્ને ફુલ કરમાઈ ગયા.

ત્યાંથી પસાર થઈ રહેલા કોઈ સજ્જને પાણીમાં હીલોળા ખાતા બન્ને બાળકોને જોઈ કરૂણાથી તરત બહાર કાઢયા. ફીનારે સુવાડી તપાસ કરતાં જણાયું કે પિંજર છોડી હંસલો ઉડી ગયો હતો.

બાળકોના માબાપના ઘરની તપાસ કરીને તે સજ્જને બન્નેના શબને તેમના ઘરના ઓટલે લાવી સુવાડી દીધા.

પ્રવચન પૂરૂં થયા બાદ બાળકોની માતા ઘેર આવી ઓટલા ઉપર વ્હાલાસોયાં બાળકોને સૂતેલા જોઈ ધ્રાસકો પડયો.

બેટા ! બેટા...! પ્રેમભરી વાણીથી બન્નેને ઢંઢોળી જોયા. પણ...વણઝારો હોય તો મમતામયી માને નિહાળવા નયનો ખોલેને ?

હૈયાના હાર જેવા બન્ને પુત્રોના ખાલી ખોળીયા જોઈ હૃદય ચીરી નાખે તેવો કારમો આઘાતનો વેગવાન લીસોટો પસાર થઈ ગયો, આંખો સજળ બની ગઈ. મુખ પરના આનંદે વિદાય લીધી અને ઉદાસીનતાના ઓળા ઉતરી આવ્યા. સાડીના પાલવથી આંખો લુછી બન્ને બાળકોને ઘરમાં સુવાડયા ઉપર ચાદર ઓઢાડી દીધી.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

આ વિચારોએ હૈયામાં [illegible] મજબુત રીત ગોઠવી હતી. માટે જ હૈયાફાટ રૂદનને પ્રવેશવા અવકાશ ન હતો. ઉદાસીનતાના ભાર નીચે ઓરડાના બહારભાગમાં બેઠી બેઠી પતિદેવની રાહ જોતી હતી.

જમવાનો સમય થતાં તેઓ ઘેર આવી ગયા. ઘરમા પગ મૂકતાં વાતાવરણ સુન્યકાર લાગવા માંડ્યું. પત્નિને ઉદાસીન જોઈ કાંઇક ઉત્તેજના, આવેગપૂર્વક પત્નિને પૂછ્યું,

ક્યારેય નહિ ને આજે તારા મુખ ઉપર આટલી બધી ઉદાસીનતા કેમ દેખાય છે.

ના...ના...એવું કાંઇ નથી, પત્નિએ કહ્યું. પત્નિની પાસે બેસતા તેઓ બોલ્યા, તું ભલે ના કહે પણ...હંમેશા પ્રફુલ્લિત દેખાતી તું જરૂર ઉદાસીન છે, શું તબિયત સારી નથી ?

તબિયત તો સારી છે. નીચે ઢાળેલી આંખોએ પત્નિએ કહ્યું. તો શું એવું કારણ છે કે આજે પ્રસન્નતા ખોઈ નાખી છે.'

કારણ...?

હા...કારણ...જે બન્યુ હોય તે...

કારણ કાંઇ મોટું નથી. આજે જરા પાડોશીની સાથે ઝગડો થઇ ગયો.

ઝગડો...? પાડોશીની સાથે ? અસંભવ બીલકુલ અસંભવ. તારો એવો સ્વભાવ જ નથી કે પાડોશીની સાથે ઝગડો થાય !

છતાં પણ થઇ ગયો.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shreesurendrasurishwarji Jain Tatvagyanshala
તું [illegible] વાત છોડી દે થોડું અકડાઇને પતિ બોલ્યા.

તો...સાંભળો...

તમને ખબર હોય તો થોડા વર્ષો પૂર્વે આપણે ઘેર એક પ્રસંગ હતો ત્યારે એ પ્રસંગની શોભાને અનુરૂપ થવા માટે હું પાડોશીને ત્યાંથી હાથમાં પહેરવા બે સુવર્ણ કંકણ લાવી હતી. પ્રસંગ તો પતી ગયો પણ કંકણની સુંદરતા નયનરમ્યતા જોઈ પાછા આપવાનું મન ન થયું અને તે બન્ને કંકણ મેં સાચવીને મુકી રાખ્યા. આજે એ પાડોશી કંકણ લેવા આવ્યા પરંતુ મેં ઘસીને ના પાડી દીધી. એ કારણે પાડોશીએ મારી સાથે ઝગડો કર્યો.

અરે...ગાંડી ? આવું કરાતુ હશે ? ઉછીની લાવેલી વસ્તુ કયારેય આપણી બને ખરી ? આપણી વસ્તુ આપણી જ રહેવાની અને પારકી વસ્તુ એ પારકી જ રહેવાની. એમાં કયારે ય ફેરફાર થઈ શકે તેમ નથી. માટે જા...હમણાં ને હમણા એ ચીજ આપી આવ.

પણ...મને એ કંકણ પ્રાણથીયે પ્યારા છે મારાથી એ છોડી શકાય તેમ છે જ નહિ.

તો...એક પારકી વસ્તુના કારણે ઘરમાં ઝગડો–કલેશ નાખવો વ્યાજબી છે ? ના...ના...આપણા સુખમય સંસારમાં કજીયાની ચિનગારી ચાંપવા હું હરગીઝ તૈયાર નથી.

ના...સ્વામિનાથ ? તમે એ ચીજ પાછી આપવાની વાત બિલકુલ ના કરશો.

તું એક જ હઠ પકડી રાખીશ. વિચાર જરાય નહિ કરે. જે વસ્તુની પાછળ કલેશ હોય, કજીયા હોય, અશાંતિના મૂળ

www.jaintatvagyanshala.org

Acharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

રોપાતા હોય, [illegible] જોઈને પકડી રાખવી બરાબર છે ? માટે હું તને કહું છું, જા...એ... કંકણ આપી આવ. તારે જોઈતા જ હશે તો હું નવા લાવી આપીશ, પણ આને તો આપી આવવા જ પડશે.

મારૂં દિલ એમ કરવા તૈયાર નથી, હું હવે પાછા નહિ આપી શકું.

તમારી ઇચ્છા આપી દેવાની જ છે તો તમે જ આપી આવો.

લાવ...કયાં છે એ કંકણ.

ચાલો, અંદર રૂમમાં છે. અને પોતાના પતિને અંદરની રૂમમાં લઇ જઇ જે ચાદર નીચે બન્ને બાળકોના શબ પડયા હતા તે ચાદર તરફ આંગળી કરી કહ્યું, આ ચાદર નીચે છે.

પતિએ ચાદર ઉપાડી. અને...એ દ્રશ્ય જોતાં જ મુર્છા ખાઈ જમીન ઉપર ફસડાઇ પડયા. થોડી વારે કળ વળતાં બેઠા થઈ કારમા આઘાતથી બોલી ઉઠયા, બન્ને મરી ગયા છે ? મારા વહાલાસોયા બન્ને પુત્રોએ વિદાય લઈ લીધી ? અરે...રે...મારૂં તો સર્વસ્વ હણાઈ ગયું.

આંસુથી નીતરતી આંખોએ પત્નિને પૂછ્યું, આવું કઇ રીતે બન્યું કે બન્ને એક સાથે ચાલ્યા ગયા.

અને...પત્નિએ માંડીને બધી વાત કરી. પતિના જ શબ્દોથી પતિને સાંત્વન આપી સમજાવવા લાગી.

પ્રિયે ! આટલો બધો કલ્પાંત શા માટ કરો છો ? તમે જ નહોતા કહેતા, પારકી વસ્તુ એ પારકી જ રહેવાની ને આપણી એ આપણી !

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
[illegible] આયુષ્ય પૂર્ણ થતાં કર્મસંયોગે ચાલ્યા ગયા. એમની સાથેનો આપણો સંબંધ પૂરો થયો. એમાં આટલો બધો કલ્પાંત ન કરો. વળી અનાયાસે આપણને બંધનમાંથી મુક્તિ મળી છે. સંસારવૃદ્ધિ અટકી ગઇ છે. એ એ આપણા પુણ્યોદયનો આનંદ લેવા જેવો નથી ?

માટે જ...જાવ...પહેલા આ ઉછીની વસ્તુને મૂકી આવવાની વિધિ પતાવી આવો. પછી રાગના હટી જવાથી ખુલ્લા થયેલા ત્યાગમાર્ગને અપનાવીએ. પત્નિએ પ્રેમાળ શબ્દોમાં પતિના દિલને ઠાર્યું. બાળકોની અંતિમ વિધિ કર્યા બાદ બન્ને આત્માઓ પરમ-પદના યાત્રી બન્યા.

મમત્વભાવ માનવીને મારે છે, સમત્વભાવ તારે છે. માટે સ્વનો વિચાર કરી, સર્વસ્વનો સ્વાનુભવ કરવા મન સાથે મંથન, ચિત્ત સાથે ચિંતન કરવું આવશ્યક છે.



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasurishwarji Jain Tatvagyanshala

## ✽ સોબતનું પરિણામ ✽

જંગલની ગીચ ઝાડીઓ વચ્ચે સુંદર સરોવર શોભી રહ્યું હતું. તે સરોવરમાં જલકુકડી નામના પક્ષીઓ રહેવાથી તરતાં હતાં અને ડુબકીઓ મારી નીચે જઈ ઉપર આવતાં હતાં, આ બધાં દૃશ્યો તે જ સરોવરના કિનારે રહેલા વૃક્ષો ઉપર બેઠેલો એક કાગડો જોતો હતો, તે કાગડો વિચારવા લાગ્યો કે આ સરોવરમાં રહેલી જલ–કુકડીઓ કેવી મઝા કરી રહી છે અને હું શા માટે અહિં બેસી રહું ?

મુર્ખ કાગડો આવું વિચારી આકાશમાં ઉડયો અને સરોવરમાં તેણે પણ ઝંપલાવ્યું. "ઝંપલાવ્યું તો ખરૂં પણ તરવાની કળામાં અજ્ઞાન એવા કાગડાભાઈને તરતાં કયાંથી આવડે ? પાણીમાં પડતાંની સાથે તેની બંને પાંખો પાણી વડે ભીંજાઈ ગઈ. વળી સરોવરના સેવાલથી તેનું આખુંય અંગ લપેટાઈ ગયું અને તે કાગડાભાઈના જીવનની અંતિમ ઘડી સર્જાઈ જવા પામી હતી.

ખરેખર કર્મની સત્તા આગળ કોઈનું પણ ચાલી શકતું નથી માટે હે ભાગ્યવંતો ! ધર્મ એ જીવનની અતિ આવશ્યક ચીજ છે. ધર્મને આચરવાવાળા જીવો સર્વકાલને માટે સુખનો અનુભવ કરવાવાળા બને છે. આ કાગડાભાઈએ પોતાની બુદ્ધિ વડે વિચારીને કામ કર્યું હોત તો પોતાની આવી ભયંકર પરિસ્થિતિ ન સર્જાત, તેવી રીતે તમો પણ જે કાંઈ કાર્ય કરો તે કાર્ય સુક્ષ્મ–બુદ્ધિથી વિચારીને જ આગળ પગલું ભરો અને દુર્જનોની સોબતોને ઘરની અભરાઈએ અથવા તાળા–કુંચીમાં રાખતા શીખો નહિંતર જેવી આ કાગડાની દશા થવા પામી એવી જ દશા આપણી થવા પામશે.


www.jaintatvagyanshala.org

Acharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

હવે આ બાજુ સરોવરમાં કિનારે એક હંસ અને હંસલીનું જોડલું બેઠું હતું. એકાએક હંસલીની નજર સરોવરમાં પડેલા કાગડા તરફ ગઈ ને તેના ઉપર દયા ઉપજી અને પાસે બેઠેલા પોતાના સ્વામીને કહેવા લાગી કે, હે નાથ, આમ જુઓ, સામે સરોવરમાં પડેલો કાગડો મરણાંત સંકટમાં આવી ગયો છે, વળી તમે તો સર્વ પક્ષીઓમાં ઉત્તમ ગણાવ છો માટે આ કાગડાને જીવીતદાન આપવું એ આપની જાતને ઉચીત છે.

"હંસે કહ્યું, તારી વાત સાચી છે, પણ એને બહાર કઈ રીતે કાઢવો ? હંસલીએ કહ્યું, અરે એમાં વિચાર શું કરો છો ? હું તમને ઉપાય યુકિત બતાવું. પાસેના ઝાડ ઉપરથી સારા લાકડાનો ટુકડો લઇને પડેલા કાગડા પાસે નાખો એટલે તે પકડી લેશે ત્યાર બાદ ડાળીના બન્ને છેડા આપણે બન્ને ચાંચમાં પકડી તેને બહાર કાઢીશું. હંસલીની સુંદર યુકિતથી હંસ પ્રસન્ન થયો અને યુકિતનો અમલ કરી બહાર કાઢયો. કાગડો આં રીતે ઉગરી ગયો.

હવે સરોવરના સુકોમલ વાયરાથી કાગડાભાઈના શરીરમાં ચૈતન્ય આવવા લાગ્યું ને ઘડી બે ઘડી બાદ સ્વસ્થ થયો. પાંખોમાં જોમ આવ્યું. ઊડીને થોડે દૂર બેઠેલા હંસ–હંસલીના પગે જઈ પડયો અને કહેવા લાગ્યો કે–

હે ઉપકારી ! આપના ઉપકારનો બદલો મારાથી કોઈપણ રીતે વાળી શકાય તેમ નથી. તેથી કરીને આપ બન્ને જણા મારા વનમાં પધારવા કૃપા કરો. હંસ કાગડાની વિનંતિ સાંભળી હંસલી તરફ નજર કરી. ચકોર હંસલી સમજી ગઈ કે સ્વામી કાગડાની વિનતિનો ઈન્કાર કરી શકતા નથી એટલે હંસલીએ ખાનગીમાં કહ્યું કે, હે

www.jaintatvagyanshala.org

Acharya Vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

સ્વામિન્ ! જગતમાં ઉપકાર તો સર્વનો કરાય, વળી ઉપકારનો બદલો સજ્જનોના આમંત્રણોથી વાળવો ઘણો શ્રેષ્ઠ છે પરંતુ દુર્જનોના ઉપકારનો બદલો વિચારીને જ લેવાય નહિતર ઉપકારીનો ઉપકાર તો દૂર રહ્યો પણ ઉપકારી પોતે જોખમમાં મુકાઈ જાય છે. વળી હે સ્વામિન્ ! જગતના સર્વ પક્ષી સમુદાયમાં કાગડાઓની જાત–અધમ કહી છે, તેથી કરીને આપ તે કાગડાને કહી દો કે અમે આગળ ઉપર જોઇશું.

હંસલીએ પોતાના સ્વામીને કહેવા છતાં પણ પોતાનો પતિ ન માન્યો અને કાગડાના આમંત્રણનો સ્વીકાર કરી–હંસલીને આશ્વાસન આપી ભોળો હંસ કાગડાભાઈ સાથે આકાશમાર્ગે ઊડી ગયો અને જ્યાં કાગડાનો માળો હતો, ત્યાં બન્ને જણ આવી પહોંચ્યા. ત્યારબાદ તે કાગડાઈએ આજુબાજુમાંથી થોડા–ઘણાં મીઠા ફળો વડે હંસની મહેમાનગતિ કરી. હવે આવા ટાણે શું બનાવ બને છે તે જોઈએ.

સવારનો પ્રહર હતો. મહારાજા ઘોડેસ્વાર મૃગયા રમવા નીકળી પડયા હતા. ફરતા–ફરતા ઘણે જ દૂર વનની અટવીઓમાં અટવાઈ જતાં શિકાર હાથ આવ્યો ન હતો. વધારામાં થાકીને લોથપોથ થઈ ગયા હતા. તરસ કહે મારૂં કામ, ભૂખ કહે મારૂં કામ. મહારાજાએ આજુ• નજર નાખી તો થોડે દૂર પોતાની જટાઓ વડે શીતલતા આપતો એક વડ વૃક્ષ નજરે પડયો. ત્યાં જઇ આરામ લેવા બેઠા. મહારાજાએ સેવકોને આજુબાજુમાં ફરી થોડા જળ, ફળ–ફુલ વગેરે લાવી રાજા-જીની ભુખતરસ મટાડી આહારાદિ કરી થાકેલા હોવાથી ત્યાં જ આડા પડયા. સુતાંની સાથે વનના શીતલ પવનને લીધે રાજાને ઘસઘસાટ ઉંઘ આવી ગઇ. સેવકો ચોકી કરી રહ્યા હતા. વળી રાજા સુતા હતા તે જ ઝાડ ઉપર પેલા કાગડાભાઇનો માળો હતો, ને તે કાગડો અને હંસ ડાળી ઉપર બેઠા હતા.


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

ચા[illegible] ડાળ ઉપર બેઠેલો કાગડો રાજાજી ઉપર ચરકયો, ઓચિંતુ કાંઈક પડવાથી સુતેલા રાજા ઝબકીને બેઠા થઈ ગયા. ચરકીને કાગડો તો ઉડી ગયો.

ચારે તરફ નજર કરી પણ કોઇ દેખાયું નહિ. ઉપર જોયું તો પેલો હંસ દેખાયો અને રાજાએ કાગડો સમજી બાણ છોડયું. છોડતાંની સાથે તે હંસ ઉપરથી પડી બેભાન અવસ્થામાં રાજાના પગ પાસે પડયો. હંસ પડતાંની સાથે રાજાને વિચાર થયો કે શું વનના કાગડા ધોળા પણ હોય છે ?

હે રાજન્ ! હું કાગડો નથી પણ માનસરોવરમાં રહેવાવાળો રાજહંસ છું. મેં પૂર્વે કાગડાને જીવિતદાન આપ્યું હતું તે ઉપ-કારનો બદલો વાળવા કાગડાએ પોતાના માળ.માં આવવા આમંત્રણ આપ્યું એનો સ્વીકાર કરી હું અહિં આવ્યો અને હું મરણ દશાએ આવી પહોંચ્યો છું. આથી મારી શાન ઠેકાણે આવી છે કે નીચની સોબતે મૃત્યુ સાંપડે છે. હંસ મરણને શરણ થયો.

નીચની સોબતનું સાક્ષાત ફળ દેખી રાજા પણ દુર્જનોથી દુર રહેવા લાગ્યો.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

(અનુસંધાન ટાઈટલ પાન ૨ થી ચાલુ)

ત્રીજી તરફ દાનવીરના દાન દ્વારા દીન દુઃખીઓ પોતાના દુઃખમાં રાહત મેળવે અને એ રાહતનો દમ ખેંચતા હૃદયમાંથી સંતોષ પામ્યાના જે શબ્દો નીકળે. તે દાતાને આશિર્વાદ સ્વરૂપ બને છે. એના દ્વારા પણ દાતા ઘણો લાભ મેળવે છે.

ચોથી તરફ પુણ્યયોગે મળેલી ધનદોલત ભૌકિતક સામગ્રીને દાનમાં પરિવર્તન કરવા પડે મોહત્યાગનું કારણ બને છે. અને મુર્છા-લોભવૃત્તિ ઓછી થવાથી અપરિગ્રહી બનવાની દીશા તરફ પગરણ માંડે છે. આમ અનેક રીતે દાનધર્મ પોતાને અને પરને આશિર્વાદ સ્વરૂપ બને છે.

આમ અનેક રીતે વિચાર કરતાં જણાશે કે દાન એ આશિર્વાદ સ્વરૂપ જ બને છે. અભિશાપ કયારેય નથી બનતો.

સ્થુલ દૃષ્ટિએ જોતાં દાન દેનારનો હાથ ઉપર હોય છે એજ બતાવે છે કે દાનધર્મની મહત્તા કેટલી છે...

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

આચાર્યશ્રી વિજય રામસૂરીશ્વરજી ગ્રંથમાલાના

# ❊ અન્ય પ્રકાશનો ❊

| | | |
|---|---|---|
| | | –મૂલ્ય– |
| 卐 | ૧ શ્રી જૈન ધર્મ પ્રકરણ રત્નાકર આવૃત્તિ પહેલી | અમૂલ્ય |
| 卐 | ૨ ,, ,, ,, ,, ,, ,, બીજી | ૩–૫૦ |
| | ૩ ,, ,, ,, ,, ,, ,, ત્રીજી | ૧૦–૦૦ |
| 卐 | ૪ સ્વાધ્યાય સૌરભ | ૧–૦૦ |
| | ૫ જ્ઞાનપદ પૂજા | સદુપયોગ |
| | ૬ પચ્ચખાણ સમય દર્શિકા ગુજરાતી | ,, |
| | ૭ પચ્ચખાણ સમય દર્શિકા ગુજરાતી–હિંદી [કલકત્તા સૂર્યોદય પ્રમાણે] | ,, |
| | ૮ યતિશ્રાદ્ધ વ્રતવિધિ સંગ્રહ પ્રતાકારે | ૪–૦૦ |
| | ૯ શ્રી કથા મૌક્તિક માલા આવૃત્તિ પહેલી | ૨–૦૦ |
| 卐 | ૧૦ ,, ,, ,, ,, ,, બીજી | ૩–૦૦ |
| | ૧૧ મૈં સાધુ બન જાઉંગા [હિંદી કથા સંગ્રહ] | ૩–૦૦ |
| 卐 | ૧૨ ચમત્કારના ચમકારા | ૩–૫૦ |
| | ૧૩ શ્રી પંચ પ્રતિક્રમણ સૂત્ર હિંદી | પઠન–પાઠન |
| | ૧૪ શ્રી અભય ગીત ગુંજન | ભક્તિ |
| | ૧૫ સમ્યગ્દર્શન ( પ્રવચન સંગ્રહ ) | ૨–૦૦ |
| | ૧૬ એક રાતની ચોકી ( કથા સંગ્રહ ) | ૫–૦૦ |

卐 આ ચિહ્નવાળા પુસ્તકો નથી.

: પ્રાપ્તિ સ્થાન :

આચાર્ય શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાન શાળા
ઝવેરીવાડ, પટણીની ખડકી,
અમદાવાદ–૩૮૦૦૦૧.

www.jaintatvagyanshala.org

પરિમલ પ્રિન્ટર્સ–મલાડ (ઈસ્ટ), મુંબઈ–૬૪.